Visit Dwarkadheeshvastu.com For

FREE Vastu Consultancy, Music, Epics, Devotional Videos
Educational Books, Educational Videos, Wallpapers

****

All Music is also available in CD format. CD Cover can also be print with your Firm Name

****

We also provide this whole Music and Data in PENDRIVE and EXTERNAL HARD DISK.

Contact : Ankit Mishra (+91-8010381364, dwarkadheeshvastu@gmail.com)

PARAMSHANTINO MARG

Gujrati-Book

॥ શ્રીહરિઃ ॥

વિષય-સૂચી

ક્રમ	વિષય	પૃષ્ઠાંક
૧.	ધર્મયુક્ત ઉન્નતિ જ ઉન્નતિ છે	1
૨.	શ્રીગીતાજયન્તી અને ગીતાનો મહિમા	13
૩.	પ્રાચીન સિદ્ધાંતને માનવામાં પરમ લાભ અને નહીં માનવામાં હાનિ	17
૪.	તીર્થોનો મહિમા, પ્રયોજન અને ઉત્પત્તિ તથા તીર્થ-યાત્રાના પાળવા-યોગ્ય નિયમો	28
૫.	ભારતનું પરમ હિત	47
૬.	બાળકો માટે કર્તવ્ય તથા ઈશ્વર અને પરલોકને માનવાથી લાભ તથા નહીં માનવાથી હાનિ	51
૭.	કાર્યાન્વિત કરવા યોગ્ય આવશ્યક વાતો	64
૮.	સર્વોપયોગી સાર-રૂપ વાતો	66
૯.	આત્મકલ્યાણ માટે તમોગુણના ત્યાગની વિશેષ આવશ્યકતા	74
૧૦.	આત્મહત્યા કરવાનું અથવા ઘર છોડીને ભાગી નીકળવાનું દુષ્પરિણામ	81
૧૧.	પ્રતિગ્રહ અને પાપ કરતાં ઋણ વધુ હાનિકારક છે	90
૧૨.	વર્તમાન પતન અને તેમાંથી બચવાના ઉપાય	96
૧૩.	પરમ પુરુષાર્થ	106
૧૪.	મન-ઈન્દ્રિયોને વશ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવા	114
૧૫.	પરમ સેવા દ્વારા કલ્યાણ	118
૧૬.	યમ-નિયમોના પાલન દ્વારા પરમાત્માની પ્રાપ્તિ	126
૧૭.	ગાયત્રી-જપનો મહિમા	133
૧૮.	શ્રીમદ્ભગવદ્ગીતામાં ભક્તિયોગ	138

॥ ૐ શ્રીપરમાત્મને નમઃ ॥

પરમશાન્તિનો માર્ગ

ધર્મયુક્ત ઉન્નતિ જ ઉન્નતિ છે

માણસ માટે એ યોગ્ય છે કે તે પોતાની તમામ પ્રકારની ઉન્નતિ કરે. માણસની તમામ પ્રકારની ઉન્નતિ નિષ્કામભાવપૂર્વક ધર્મનું પાલન કરવાથી જ થઈ શકે છે; પરંતુ દુઃખની બાબત એ છે કે આજકાલ ઘણાબધા લોકો ધર્મના નામથી જ ઘૃણા કરે છે. વાસ્તવમાં તે લોકો ધર્મના તત્ત્વને સમજતા નથી. તેથી દરેક માણસે ધર્મના તત્ત્વને, રહસ્યને અને સ્વરૂપને સમજવું જોઈએ. ધર્મનું સ્વરૂપ છે –

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

(વૈશેષિકદર્શન - સૂત્ર ૨)

'આ લોક અને પરલોકમાં જે હિતકારક છે તેનું નામ ધર્મ છે.'

જે આ લોકમાં હિતકર જણાય, પરંતુ પરલોકમાં અહિતકર હોય તે ધર્મ નથી. તેથી આપણી બધી જ ક્રિયાઓ ધર્મ અનુસાર જ થવી જોઈએ. એનાથી જ આપણી સર્વાંગસંપૂર્ણ ઉન્નતિ થઈ શકે છે. ઉન્નતિના ઘણા પ્રકાર છે. જેમ કે – શારીરિક, ભૌતિક, ઐન્દ્રિયિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવહારિક, સામાજિક, નૈતિક, ધાર્મિક વગેરે.

શારીરિક ઉન્નતિ

શારીરિક ઉન્નતિ સાથે પણ ધર્મનો ઘણો ઘનિષ્ઠ સંબંધ છે. તેથી શારીરિક ઉન્નતિ ધર્મને અનુકૂળ જ થવી જોઈએ. શારીરિક ઉન્નતિ ભોજન

સાથે વિશેષ સંબંધ ધરાવે છે. સાત્ત્વિક ભોજન કરવું એ શરીર માટે ઘણું જ હિતકારી છે અને તે જ ધર્મને અનુકૂળ છે. ભગવાને ગીતાના અધ્યાય ૧૭ના શ્લોક ૮માં સાત્ત્વિક ભોજનનું આ પ્રમાણે વર્ણન કર્યું છે –

આયુઃસત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ ।
રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ ॥

'આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા, રસયુક્ત, સ્નિગ્ધ, સ્થિર રહેનારા તથા સ્વાભાવિક રીતે જ મનને પ્રિય એવા આહાર અર્થાત્ ભોજન કરવાના પદાર્થો સાત્ત્વિક મનુષ્યને પ્રિય હોય છે.'

આપણે સાત્ત્વિક ભોજનનાં આ લક્ષણો પર ધ્યાન આપવું જોઈએ. આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા પદાર્થોનું ભોજન જ સાત્ત્વિક ભોજન છે. સાથે સાથે તે ભોજન રસયુક્ત, સ્નિગ્ધ, હૃદયને પ્રિય તથા ઘણા સમય સુધી ટકી રહી શકે તેવું હોવું જોઈએ. એવું ભોજન કયું છે? ગાયનું દૂધ, દહીં, ઘી, માવો, માખણ વગેરે; તલ, બદામ, મગફળી, નારિયેર વગેરેનું તેલ; બદામ, પિસ્તા, દ્રાક્ષ, અંજીર, ખજૂર (ખારેક), કાજૂ વગેરે મેવા; કેળાં, દાડમ, દ્રાક્ષ, સંતરાં, મોસંબી, નાસપાતી, સફરજન વગેરે ફળ; બટાકા, અળવી, તુરિયા, ભીંડા, કોળું, દૂધી, બથુઆ, મેથી, ફુદીનો, પાલક વગેરે શાકભાજી; અને જવ, તલ, ઘઉં, ચણા, ચોખા, મગ વગેરે અનાજ – આ બધા સાત્ત્વિક પદાર્થો છે. આ બધા આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા છે; શરીરને પુષ્ટ કરનારા છે તથા લગભગ બધા પદાર્થો સ્નિગ્ધ, ચીકણા, રસયુક્ત અને મધુર છે. આ સાત્ત્વિક પદાર્થોનું પોતાની પ્રકૃતિ તથા શારીરિક સ્થિતિ પ્રમાણે સીમિત માત્રામાં સેવન કરવાથી શારીરિક અને માનસિક ઉન્નતિ થાય છે. આનાથી વિપરીત, રાજસી અને તામસી ભોજન કરવાથી શારીરિક અને માનસિક નુકસાન થાય છે; તેથી તેમનું સેવન કરવું જોઈએ નહીં. રાજસી અને તામસી ભોજનનાં લક્ષણ બતાવતાં

ભગવાને કહ્યું છે –

કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।
આહારા રાજસસ્યેષ્ટા દુઃખશોકામયપ્રદાઃ ॥
યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥

(ગીતા - ૧૭/૯-૧૦)

'કડવા, ખાટા, લવણયુક્ત (ખારા), ખૂબ ગરમ, તીખા, રુક્ષ, દાહ જન્માવનારા અને દુઃખ, ચિંતા તથા રોગોને ઉત્પન્ન કરે તેવા આહાર અર્થાત્ ભોજન કરવાના પદાર્થો રાજસી મનુષ્યને પ્રિય હોય છે અર્થાત્ રાજસી ભોજન છે. તેમ જ જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું, રસ વગરનું, દુર્ગંધવાળું, વાસી અને ઉચ્છિષ્ટ (છાંડેલું) છે તથા જે અપવિત્ર પણ છે તે ભોજન તામસી મનુષ્યને પ્રિય હોય છે અર્થાત્ તે તામસી ભોજન છે.'

તેથી, ઉપર્યુક્ત રાજસી અને તામસી ભોજનનો પરિત્યાગ કરીને સાત્ત્વિક ભોજનનું સેવન કરવું એ જ ઉચિત છે.

આ સિવાય મનુષ્યો માટે આસન, દંડ, બેઠક, કુસ્તી, દોડ વગેરે કસરત કરવી તથા સ્ત્રીઓ માટે ઘંટીથી દળવું, ચરખો કાંતવો, રસોઈ બનાવવી, ઝાડી-ઝાપટીને ઘરની સફાઈ કરવી - વગેરે ઘરકામ કરવું તેમ જ અન્ય શારીરિક ન્યાયયુક્ત મહેનત કરવી એ શરીરની ઉન્નતિ કરવામાં લાભદાયક છે. એનાથી વિપરીત – નકામા પડી રહેવું, વધારે ઊંઘવું, આળસ, દુરાચાર, ખોટો બકવાસ, અયોગ્ય પરિશ્રમ અને મૈથુન કરવું – આ બધું શરીર માટે ખૂબ જ હાનિકારક છે. એનાથી બચીને રહેવું જોઈએ. આ પ્રમાણે શરીરમાં સાત્ત્વિક બુદ્ધિ, બળ, આયુષ્ય, આરોગ્ય, સુખ અને પ્રીતિનું વધવું તેમ જ શરીરનું સ્વસ્થ રહેવું એ શારીરિક ઉન્નતિ છે.

ભૌતિક ઉન્નતિ

ભૌતિક ઉન્નતિ શારીરિક ઉન્નતિથી ભિન્ન છે. ભૌતિક ઉન્નતિ શારીરિક ઉન્નતિ કરતાં વ્યાપક છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી – આ પાંચે ભૂતોને વધારેમાં વધારે મનુષ્યોપયોગી બનાવી લેવાં એ ભૌતિક ઉન્નતિ છે. વર્તમાનમાં જેને ભૌતિક વિજ્ઞાન અથવા લૌકિક વિજ્ઞાન કહે છે, જેનાથી આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વીમાંથી નવી નવી વસ્તુઓનો આવિષ્કાર કરવામાં આવે છે - એવા આ વિજ્ઞાન વિષે વૈજ્ઞાનિક મહાનુભાવો કહે છે કે અમે ઘણી ઉન્નતિ કરી રહ્યા છીએ; પરંતુ વસ્તુતઃ તેમની આ ઉન્નતિ આંશિક જ છે. પહેલાંના લોકોમાં ભૌતિક ઉન્નતિ આજની ભૌતિક ઉન્નતિ કરતાં ઘણી જ વધારે હતી, પરંતુ તેનો પ્રકાર તથા સાધન બીજાં હતાં અને તે વધારે વિકસિત અને પ્રભાવોત્પાદક હતાં. રામાયણમાં વર્ણવાયેલ 'પુષ્પક' વિમાન, રાજા શાલ્વનું 'સૌભ' વિમાન, પાશુપતાસ્ત્ર, નારાયણાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર તેમ જ શ્રીવેદવ્યાસજીનું વર્ષો પછી, મૃત અઢાર અક્ષૌહિણી સેનાનું આવાહન કરીને પ્રત્યક્ષ દર્શન કરાવવું અને વાતચીત કરાવવી તથા શ્રીભરદ્વાજજી તેમ જ શ્રીકપિલદેવજી વગેરેના જીવનમાં અષ્ટસિદ્ધિઓના ચમત્કારોની ઘટનાઓ – આ વાતનાં જ્વલંત પ્રમાણો છે.

ઐન્દ્રિયિક ઉન્નતિ

આ જ રીતે આપણે ઇન્દ્રિયોની પણ ઉન્નતિ કરવી જોઈએ. ઇન્દ્રિયોમાં વિશુદ્ધતા, નીરોગિતા, તેજ, જ્ઞાન, બળ, શક્તિ અને યોગ્યતાની વૃદ્ધિ થવી એ ઇન્દ્રિયોની ઉન્નતિ છે.

મનુષ્ય માટે એ ઉચિત છે કે તે પોતાની વાણી, કાન, આંખ વગેરે ઇન્દ્રિયોને શુદ્ધ બનાવે. સત્ય, પ્રિય, હિતકર અને મિત (સંક્ષિપ્ત) બોલવાથી તથા ભગવાનના નામ-જપ, લીલા-ગુણ-ગાન અને સત્-શાસ્ત્રોના સ્વાધ્યાયરૂપી વાણીના તપથી વાણીની શુદ્ધિ થાય છે; અને એનાથી વિપરીત બોલવાથી વાણી અપવિત્ર થાય છે. આ પ્રમાણે કાનોથી

ઉપદેશપ્રદ, હિતકર અને સદ્‌ગુણ-સદાચાર તથા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની વાતો સાંભળવાથી કાનોની શુદ્ધિ થાય છે; અને એનાથી વિપરીત પર-નિન્દા, બીજાનાં દુર્ગુણ-દુરાચાર તથા નકામી વાતો સાંભળવાથી કાન દૂષિત થાય છે. આ જ રીતે આંખો દ્વારા સારા મનુષ્યોનાં દર્શન કરવાથી, બીજાઓના ગુણ જોવાથી તથા પરાઈ સ્ત્રીઓને માતૃભાવે જોવાથી આંખો શુદ્ધ થાય છે; અને એનાથી વિપરીત બીજાના દુર્ગુણ-દુરાચારને તથા વિકારને ઉત્પન્ન કરે તેવાં ગંદાં દૃશ્યો, ચિત્રો, વસ્તુઓને જોવાથી અથવા પરાઈ સ્ત્રીઓને અશ્લીલ દૃષ્ટિથી જોવાથી આંખો દૂષિત થાય છે.

આ જ પ્રમાણે બીજી બધી ઇન્દ્રિયો બાબતે સમજી લેવું જોઈએ. જ્યારે ઇન્દ્રિયો શુદ્ધ બનીને દિવ્ય થઈ જાય છે ત્યારે તેમની શક્તિ વધી જાય છે. જેમ કે, આંખોથી દૂરના દેશની વસ્તુ દેખાવા લાગે છે, કાનોથી દૂરના દેશની વાતો સંભળાવા લાગે છે તથા વાણીથી કહેલાં વચનો પ્રામાણિક માનવામાં આવે છે અને સત્ય (સાબિત) થાય છે.

માનસિક ઉન્નતિ

આ જ રીતે આપણે પોતાના મનની ઉન્નતિ કરવી જોઈએ. મનમાં જે દુર્ગુણ-દુરાચાર અને પાપોના સંસ્કાર ભરેલા છે તે જ મનનું મેલાપણું છે. કોઈ પણ કાર્ય કરવા માટે મનમાં જે સાહસ થતું નથી તે મનની કમજોરી છે, નબળાઈ છે તથા વિષયોમાં આસક્તિ હોવાને લીધે મનમાં જે ચંચળતા છે તે મનનો વિક્ષેપદોષ છે. તેથી મનને આ મલિનતા, દુર્બળતા તથા ચંચળતા વગેરે દોષોથી રહિત કરીને શુદ્ધ અને બળવાન બનાવવું તેમ જ સ્થિર કરવું આવશ્યક છે. નિઃસ્વાર્થ ભાવથી કર્તવ્યનું પાલન કરવાથી, કોઈનું ખરાબ નહીં ઈચ્છવાથી, ખરાબ અને વ્યર્થ સંકલ્પોનો ત્યાગ કરવાથી અને ભગવાનના નામ-રૂપનું સ્મરણ કરવાથી મન શુદ્ધ થાય છે. ઈશ્વર પર વિશ્વાસ રાખવાથી મનની કમજોરી દૂર થાય છે અને ધીરજ, વીરતા, ગંભીરતા વધે છે તથા ઈશ્વરના ધ્યાનનો અભ્યાસ, વિષયોમાં વૈરાગ્ય અને અધ્યાત્મ-વિષયક વિચાર કરવાથી

વિક્ષેપદોષનો નાશ થાય છે. આ પ્રમાણે કરવાથી મનમાં પવિત્રતા, સ્થિરતા, સાહસ, બળ વગેરેનો આવિર્ભાવ થતાં મનની ઉન્નતિ થઈ જાય છે.

મનની ઉન્નતિ માટે ભગવાને ગીતામાં માનસ-તપનું આવું વર્ણન કર્યું છે –

મનઃપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્ તપો માનસમુચ્યતે ॥

(ગીતા - ૧૭-૧૬)

'મનની પ્રસન્નતા, શાંત ભાવ, ભગવાનનું ચિંતન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ અને અંતઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા – આ પ્રકારનું આ મનસંબંધી તપ કહેવાય છે.' આ માનસિક તપના અનુષ્ઠાનથી માનસિક ઉન્નતિ જલદી અને સ્થાયી થાય છે.

બૌદ્ધિક ઉન્નતિ

આ પ્રમાણે આપણે પોતાની બુદ્ધિની ઉન્નતિ કરવી જોઈએ. બુદ્ધિમાં અપવિત્રતા, અજ્ઞતા, વિપરીત જ્ઞાન, સંશય અને અસ્થિરતા વગેરે અનેક દોષો ભરેલા છે; તે બધા સાત્ત્વિક ભાવ, નિષ્કામ સેવા, સત્પુરુષોનો સંગ, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય અને પરમાત્માના ધ્યાનથી દૂર થાય છે. તેથી બુદ્ધિને સાત્ત્વિક બનાવવી જોઈએ. સાત્ત્વિક બુદ્ધિનાં લક્ષણ ગીતામાં અધ્યાય ૧૮ના શ્લોક ૩૦માં ભગવાન શ્રીકૃષ્ણે આ પ્રમાણે બતાવ્યાં છે –

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥

'પાર્થ! જે બુદ્ધિ પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગને, કર્તવ્ય અને અકર્તવ્યને, ભય અને અભયને તથા બંધન અને મોક્ષને યથાર્થપણે જાણે છે તે બુદ્ધિ સાત્ત્વિકી છે.'

આ પ્રમાણે સમજીને બુદ્ધિની ઉન્નતિ કરવી જોઈએ. બુદ્ધિ સાત્ત્વિક

થઈ જવાથી મનુષ્યમાં ધીરજ, વીરતા, ગંભીરતા, ક્ષમા, દયા, શાંતિ, સંતોષ, સમતા, સરળતા વગેરે સદ્‌ગુણ આપોઆપ સ્વાભાવિક જ આવી જાય છે.

વ્યાવહારિક ઉન્નતિ

આ જ રીતે આપણે પોતાના વ્યવહારની ઉન્નતિ કરવી જોઈએ. આપણે બધાંની સાથે એવો વ્યવહાર કરીએ કે જે સત્યતા, સરળતા, સ્વાર્થત્યાગ, નિષ્કામભાવ, ઉદારતા, વિનય અને પ્રેમ-યુક્ત હોય તથા જેનાથી બીજાઓનું હિત થાય. વેપારમાં જૂઠ, કપટ, ચોરી, વિશ્વાસઘાત ક્યારેય કરવાં જોઈએ નહીં. વસ્તુઓની લેવડદેવડ વખતે વજન, માપ અને સંખ્યામાં ન તો વધારે લેવું જોઈએ, ન તો ઓછું આપવું જોઈએ. આ જ પ્રમાણે ગ્રાહકને એક વસ્તુ બતાવીને એના બદલે બીજી વસ્તુ આપવી જોઈએ નહીં અને નફો, આડત, દલાલી, કમિશન, ભાડું, વ્યાજ નક્કી કર્યા પછી ન તો ઓછું આપવું જોઈએ અને ન તો વધારે લેવું જોઈએ. સારી વસ્તુમાં હલકી અને શુદ્ધમાં અશુદ્ધ વસ્તુ મેળવીને ન તો ખરીદવું જોઈએ અને ન તો વેચવું પણ જોઈએ. તેમ જ જેમાં પ્રાણીઓની વિશેષ હિંસા થતી હોય તથા જે માંસ, દારૂ, ઈંડાં, હાડકાં, ચામડું વગેરે અપવિત્ર ગંદી વસ્તુઓ સાથે સંબંધિત હોય તેવી વસ્તુઓનો વેપાર પણ નહીં કરવો જોઈએ. વેપારના સમયે પરસ્પર બધાંની સાથે ઘણો જ ઉત્તમ તથા સરળ, વિનમ્ર, સ્પષ્ટ, ન્યાયયુક્ત અને સાચો વ્યવહાર કરવો જોઈએ. ગલ્લો, કરિયાણું, સુતરાઉ કપડાં, ગોળ-ખાંડ, લોખંડ-સિમેન્ટ વગેરે કોઈ પણ વસ્તુના ભાવમાં તેજી કે મંદી આવે તોપણ સ્વીકારેલા સોદાનો માલ આપવામાં કે લેવામાં, ભલે ગમે તેટલા નુકસાનનો સામનો કરવો પડે તોપણ, સહેજેય આનાકાની નહીં કરવી જોઈએ, બેઈમાની નહીં કરવી જોઈએ અને અસ્વીકાર પણ નહીં કરવો જોઈએ. કોઈ પણ દલાલ, વેપારી કે એજન્ટનો કોઈ ભૂલથી દોષ થઈ જાય તો તેને ક્ષમા કરી દેવો જોઈએ તથા પોતાના સંપર્કમાં આવનારી બધી જ વ્યક્તિઓને

વધારેમાં વધારે લાભ થાય અને તેમની દરેક પ્રકારે ઉન્નતિ થાય એવો ભાવ રાખવો જોઈએ. આવા વેપારથી આ લોક અને પરલોક - બંનેમાં સુગમતાથી ઉન્નતિ થઈ શકે છે.

સામાજિક ઉન્નતિ

આ જ રીતે આપણે સામાજિક ઉન્નતિ પણ કરવી જોઈએ. બાળકનો જન્મ થવાથી પાર્ટી આપવી, લોકોને બોલાવીને ચોપાટ-પત્તાં રમવાં, બીડી-સિગારેટ પિવડાવવી, વિવાહ-લગ્નમાં દહેજ લેવું, દહેજનો દેખાડો કરવો, દારૂખાનું ફોડવું, વરઘોડો કાઢવો, ફટાણાં ગાવાં, થિયેટર-તમાશા બતાવવા, પાર્ટી આપવી, વધારે પડતી રોશની કરવી, મોટા મોટા શમિયાણા બનાવવા, દેખાડો કરવામાં વ્યર્થ ખર્ચ કરવો તેમ જ ઘરમાં કોઈ વૃદ્ધ માણસનું મૃત્યુ થતાં વિધિસંગત બ્રહ્મભોજન અને સગાંવહાલાંઓ સિવાયનાંને પ્રીતિભોજન કરાવવું, પાર્ટી આપવી – વગેરે જે કુરિવાજો અને ખોટા ખર્ચા (ઉડાઉપણું) છે તે બધું દૂર કરવું જોઈએ. આ બધી વાતો સામાજિક ઉન્નતિની અંતર્ગત છે.

નૈતિક ઉન્નતિ

આ જ રીતે આપણે નૈતિક ઉન્નતિ કરવી જોઈએ. આજે આપણું જે નૈતિક પતન થયું છે, તેને સુધારવું ખૂબ જરૂરી છે.

સ્કૂલ-કૉલેજોમાં ભણતાં બાળકોએ ઉદંડતા અને ચંચળતા છોડીને બધાં સાથે સભ્યતાપૂર્વક, વિનમ્ર વર્તન કરવું જોઈએ. શિક્ષકો પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો, તેમની સાથે શ્રદ્ધા, વિનય અને આદરભર્યો વ્યવહાર કરવો અને તેમને નમસ્કાર કરવા જોઈએ. શિક્ષકોનું કર્તવ્ય છે કે તેઓ વિદ્યાર્થીઓની સાથે પુત્રવત્ સ્નેહનો વ્યવહાર રાખીને હંમેશાં તેમને પોતાનાં આચરણો દ્વારા તથા મૌખિક રૂપે આદર્શ અને હિતકર સાચું શિક્ષણ (સત્-શિક્ષણ) આપે.

આજકાલ ઘણાબધા છોકરાઓમાં, શિક્ષકોમાં તથા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં અશ્લીલ વાતચીત, બીભત્સ ચેનચાળા અને મજાક-મશ્કરી

થાય છે – આ ભયાનક નૈતિક પતન છે. આનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. શિક્ષકોએ પણ પોતે આ દોષોથી બચવું જોઈએ અને છોકરાંઓને સારું શિક્ષણ આપીને બચાવવાં જોઈએ. આજકાલ સ્કૂલ-કૉલેજોમાં ભણવાનો સમય ખૂબ ઓછો રાખવામાં આવે છે, અવકાશ (વેકેશન) તથા રજાઓ ઘણી વધારે કરી દેવાયાં છે – એનાથી વ્યર્થ તથા આળસમાં સમય બરબાદ થાય છે અને અધ્યયન ઘણું ઓછું થાય છે – આમાં પણ સુધારો કરવાની જરૂર છે.

આ જ પ્રમાણે કર્મચારીઓ અને મજૂરો માટે એ ઉચિત છે કે તેઓ ઉદ્યોગ, કારખાનાં અથવા માલિક તેમ જ મૅનેજર વગેરે પ્રત્યે ઉદ્દંડતાથી ન વર્તે. એવું કોઈ કામ ન કરે કે જેનાથી ઉદ્યોગને તથા કોઈ અધિકારી વ્યક્તિને કાંઈ નુકસાન થાય. બલકે, પોતાના પરિશ્રમ, ઈમાનદારી, આજ્ઞાકારિતા તથા વ્યવસ્થા-પાલનથી ઉદ્યોગની વધારેમાં વધારે પ્રગતિ કરીને તેનું હિત કરે તથા અધિકારીઓ પ્રત્યે હંમેશાં સદ્‌ભાવ રાખે તેમ જ સદ્‌વ્યવહાર કરે. આ જ પ્રમાણે માલિક, મૅનેજર અને પદાધિકારીઓને માટે પણ એ જરૂરી છે કે તેઓ કર્મચારીઓ અને મજૂરોની સાથે આત્મીયતા તથા ઉદારતા અને પ્રેમભર્યો વર્તાવ કરે, હંમેશાં તેમની પ્રગતિ કરે, તેમનું હિત કરે, તેમનાં સુખ-દુઃખને પોતાનાં જ સુખ-દુઃખ સમજે, પોતાનામાં મોટાઈનું અભિમાન ન રાખે, તેમનું ક્યારેય અપમાન ન કરે, તેમને નીચા ન સમજે; બલકે પોતાને પણ તેમના જેવો એક કર્મચારી જ સમજે.

રેલવેમાં મુસાફરી કરતી વખતે ભાડું ચૂકવ્યા વગર નિયમવિરુદ્ધ વજન સાથે લઈ જવું નહીં તથા નીચેના વર્ગની ટિકિટ લઈને ઉપરના વર્ગમાં બેસવું નહીં અને ટિકિટ વગર મુસાફરી કરવી નહીં. હકથી વધારે જગા રોકવી નહીં અને જગા ન હોય તોપણ કોઈને આવતાં રોકવાં નહીં. બધાંની સાથે પ્રેમપૂર્વક, ન્યાયયુક્ત અને ઉદારતાવાળો વ્યવવાર કરવો. આ જ રીતે મેળા વગેરેમાં નીતિનો વ્યવવાર કરવો જોઈએ.

ક્યાંય પંચાયતનું કામ આવી પડે તો પંચ બનીને લોભ, મોહ કે અજ્ઞાનથી અથવા માન-મોટાઈની ઇચ્છાથી કોઈનો પક્ષપાત કરવો નહીં, બલકે બધાંની સાથે ન્યાયયુક્ત, સમાન અને સત્ય વ્યવહાર કરવો જોઈએ.

આ જ રીતે ઊંચા હોદ્દા પર બેઠેલા મંત્રી, રેલવે અધિકારી, પોલીસ અધિકારી તથા અન્ય બીજા સરકારી અધિકારીઓ માટે એ જરૂરી છે કે તેઓ બધા જનતા સાથે સ્વાર્થત્યાગપૂર્વક, ન્યાયયુક્ત, ધીરજભર્યો વ્યવહાર કરે, માન-મોટાઈ અને ભયથી કે લાંચ લઈને ક્યારેય શુદ્ધ નીતિનો ત્યાગ ન કરે.

ઉપર પ્રમાણેની રીતથી સ્વાર્થત્યાગપૂર્વક નિષ્કામભાવથી વ્યવહાર કરવાથી નૈતિક ઉન્નતિ થાય છે. આ પરમ કર્તવ્ય છે અને આમાં જ કલ્યાણ છે.

ધાર્મિક ઉન્નતિ

આ જ પ્રમાણે આપણે ધાર્મિક ઉન્નતિ કરવી જોઈએ. જેનાથી પોતાનામાં અને સંસારમાં ધર્મનો પ્રસાર થાય તે જ ધાર્મિક ઉન્નતિ છે. ધર્મનાં લક્ષણ શ્રીમનુજીએ આ પ્રમાણે બતાવ્યાં છે –

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

(ગીતા - ૬-૧૨)

'(૧) ધીરજ રાખવી, (૨) ક્ષમા આપવી, (૩) મનને વશ રાખવું, (૪) ચોરી નહીં કરવી, (૫) અંદર-બહારની પવિત્રતા રાખવી, (૬) ઇન્દ્રિયોને વશ રાખવી, (૭) સાત્ત્વિક બુદ્ધિ, (૮) સાત્ત્વિક જ્ઞાન, (૯) સત્ય વચન બોલવું અને (૧૦) ક્રોધ નહીં કરવો – આ ધર્મનાં દસ લક્ષણ છે.'

આ સામાન્ય ધર્મ મનુષ્યમાત્રને માટે છે. આ જ આ લોક અને પરલોકમાં પ્રત્યક્ષ પરમ હિતકારક છે. ધર્મની વિશેષ વાતો વિશદપણે વિસ્તૃત તથા સુચારુરૂપે મનુસ્મૃતિ વગેરે ધર્મગ્રંથોમાં બતાવવામાં આવી

છે. તેમને ત્યાં જોઈ લેવી જોઈએ. જેમ કે, વર્ણ-ધર્મનું નિરૂપણ ગીતાના અઢારમા અધ્યાયના ૪૨માથી ૪૪મા સુધીના શ્લોકોમાં તથા મનુસ્મૃતિના પહેલા અધ્યાયના ૮૮માથી ૯૧મા સુધીના શ્લોકોમાં કર્યું છે, તેને જોઈ શકાય છે. વર્ણાશ્રમ-ધર્મનો વિશેષ વિસ્તાર જોવાની ઇચ્છા હોય તો મનુસ્મૃતિમાં બીજા અધ્યાયથી છઠ્ઠો અધ્યાય જોવા જોઈએ.

મનુષ્ય માટે એ ઉચિત છે કે ધર્મ માટે તે પોતાના વ્યક્તિગત સ્વાર્થનો સદંતર ત્યાગ કરી દે. જેમ કે, યક્ષના આગ્રહ કરવાથી પણ યુધિષ્ઠિરે રાજ્ય અને પોતાના સહોદર ભાઈઓની પરવા નહીં કરીને નકુલને જ જીવિત કરાવવા ઇચ્છ્યું. (જુઓ મહાભારત, વનપર્વ - અધ્યાય ૩૧૩) તેમણે ધર્મ માટે સ્વર્ગને પણ ઠોકર મારી, પણ પોતાની સાથે થઈ જનારા કૂતરાનો પણ ત્યાગ ન કર્યો. (જુઓ મહાભારત, મહાપ્રસ્થાનિક-પર્વ - અધ્યાય ૩)

ગુરુ ગોવિન્દસિંહના દીકરાઓએ ધર્મ માટે પોતાના પ્રાણોનો ત્યાગ કરી દીધો; જીવતા જ પોતાને દીવાલમાં ચણાવી દીધા, પણ પોતાના ધર્મનો પરિત્યાગ ન કર્યો.

ચિત્તોડગઢમાં રાજપૂતોની તેર હજાર સ્ત્રીઓએ ધર્મના રક્ષણ માટે (જૌહર કરીને) પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી.

આ જ રીતે મુશ્કેલી આવી પડવાથી પણ જે ધર્મનો ત્યાગ કરતો નથી તેનું સહજપણે જ કલ્યાણ થઈ જાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે – **'स्वधर्मे निधनं श्रेयः'** (૩/૩૫) – 'પોતાના ધર્મમાં મરવું એ પણ કલ્યાણકારક છે.'

આ સિવાય પૂર, ભૂકંપ, દુષ્કાળ, રોગચાળો, અગ્નિકાંડ, મેળો વગેરે સમયે આર્ત (દુઃખાતુર) મનુષ્યોને દરેક પ્રકારે સુખ આપવું જોઈએ. સ્ત્રીઓની, માતા સમાન ભાવ રાખીને સેવા કરવી જોઈએ. ભય, સ્વાર્થ, આસક્તિ, માન, મોટાઈ, પ્રતિષ્ઠા અને આરામને વશીભૂત થઈને ક્યારેય નીતિ, સત્ય, સમતા અને ધર્મનો ત્યાગ કરવો જોઈએ નહીં; તેમ જ

બધાંની સાથે હંમેશાં ઉદારતા, દયા, સ્વાર્થત્યાગ, નિષ્કામતા, વિનય અને પ્રેમ-ભર્યો વ્યવહાર કરવો જોઈએ.

શ્રીતુલસીદાસજીએ ધર્મનો સાર બતાવતાં કહ્યું છે કે –

પર હિત સરિસ ધર્મ નહિં ભાઈ । પર પીડા સમ નહિં અધમાઈ ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૧/૧)

પરહિત બસ જિન્હ કે મન માહીં । તિન્હ કહુઁ જગ દુર્લભ કછુ નાહીં ॥

(રામચરિતમાનસ, અરણ્યકાંડ - ૩૧/૫)

ભગવાન શ્રીકૃષ્ણે પણ કહ્યું છે –

તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥

(ગીતા - ૧૨/૪)

'તે સઘળાં ભૂતપ્રાણીઓના હિતમાં રત મનુષ્યો મને જ પ્રાપ્ત કરે છે.'

આ બધું ધાર્મિક ઉન્નતિની અંતર્ગત છે. તેથી જ આપણે દરેક કામમાં એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે પોતે દુઃખ સહન કરીને પણ બીજાઓને સુખ આપવું; અને તે પણ કેવળ નિષ્કામભાવથી – માન, મોટાઈ, પ્રતિષ્ઠા વગેરેની ઇચ્છાથી કે સ્વાર્થસિદ્ધિના ઉદ્દેશ્યથી નહીં.

આ પ્રમાણે પરમાત્માની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી અને પરહિતની ભાવનાથી સ્વાર્થનો ત્યાગ કરીને નિષ્કામભાવ અને પ્રેમપૂર્વકનાં આચરણો કરવાથી ઉપર્યુક્ત તમામ પ્રકારની ઉન્નતિ પરમાર્થમાં પરિણમે છે અર્થાત્ મનુષ્યનું કલ્યાણ કરનારી થઈ જાય છે. જેમ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી મનુષ્યનું કલ્યાણ થાય છે તેવી જ રીતે ઉપર્યુક્ત સદ્‌ગુણ-સદાચારયુક્ત ઉન્નતિથી પણ મનુષ્યનું કલ્યાણ થઈ જાય છે.

શ્રીગીતાજયન્તી અને ગીતાનો મહિમા

પ્રશ્ન એ થાય છે કે 'શ્રીગીતાજયન્તી માગશર સુદ અગિયારસે જ કેમ મનાવવામાં આવે છે? આ જ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો તેનું શું પ્રમાણ છે?' આ માટે આપણે મહાભારતના યુદ્ધના આરંભના સમય પર તથા ભીષ્મ પિતામહના પરલોકગમનના સમય પર દૃષ્ટિપાત કરવો જરૂરી છે – મહાભારતમાં ભીષ્મપર્વના અધ્યાય ૨ના શ્લોક ૨૩-૨૪માં લખ્યું છે કે કાર્તિકી પૂર્ણિમાના ચંદ્રને જોઈને શ્રીવેદવ્યાસજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે નજીકના ભવિષ્યમાં મહા ભયંકર યુદ્ધ થવાનું છે; કારણ કે ચંદ્રમાનું રૂપ અગ્નિ જેવું લાલ, કાન્તિહીન અને અલક્ષ્ય દેખાઈ રહ્યું છે. મહાભારતમાં અનુશાસનપર્વના ૧૬૭મા અધ્યાયના ૨૭મો-૨૮મો એ શ્લોકોમાં વર્ણન આવે છે કે ભીષ્મજીએ મહા સુદ આઠમના દિવસે પોતાના શરીરનો પરિત્યાગ કર્યો હતો. શ્રીભીષ્મજી ઘણા દિવસો સુધી શરશૈય્યા પર પડ્યા રહ્યા. આ હિસાબે મહા સુદ અથવા પોષ સુદમાં તો ગીતાજયન્તી હોઈ જ ન શકે, બલકે માગશરમાં જ હોઈ શકે છે.

જો શુક્લપક્ષ નહીં માનતાં કૃષ્ણપક્ષને જ ગીતાજયન્તીનો સમય માની લેવામાં આવે તો એ પણ બરાબર નથી; કારણ કે મહાભારતમાં દ્રોણપર્વમાં વર્ણન છે કે ચૌદમા દિવસની જે રાત્રિએ જે સંગ્રામ થયો હતો તે સમયે ઘોર અંધારું હતું, સળગતા દીવાઓ - મશાલોના પ્રકાશમાં જ તે યુદ્ધ થયું હતું. (જુઓ અધ્યાય ૧૬૩); ત્યાં અંધારામાં પોતાના-પરાયાનું જ્ઞાન નહીં રહેવાથી લોકો પોતાના પક્ષના વીરોનો પણ સંહાર

કરવા લાગ્યા. ત્યારે અર્જુને યુદ્ધ બંધ કરીને વિશ્રામ કરવાની આજ્ઞા આપી દીધી. (જુઓ અધ્યાય ૧૮૪). આ પ્રકારની અંધકારપૂર્ણ રાત્રિ કૃષ્ણપક્ષમાં જ હોય છે. આ હિસાબે ગીતાનો પ્રાકટ્યકાળ કૃષ્ણપક્ષ હોઈ શકે નહીં; કારણ કે ગીતા યુદ્ધના આરંભ પહેલાં જ કહેવાઈ હતી અને ઉક્ત ચૌદમા દિવસની રાત્રિના યુદ્ધના સમયમાંથી તેર દિવસ ઘટાડવાથી શુક્લપક્ષ જ સાબિત થાય છે.

જો કહીએ કે 'અગિયારસના દિવસે જ ગીતા કહેવાઈ હતી, એનું શું પ્રમાણ છે?' તો એનો જવાબ એ છે કે ઉક્ત ચૌદમા દિવસની રાત્રિએ અડધી રાત પછી ચંદ્રમાનો ઉદય થયા પછી ફરી યુદ્ધ શરૂ થયું હતું. તે પ્રસંગવેળાના ચંદ્રમાનું વર્ણન કૃષ્ણપક્ષની નોમના જેવું છે; કારણ કે અડધી રાત્રિ પછી ચંદ્રોદય આઠમ પહેલાં હોઈ જ શકતો નથી. તેથી તે યુદ્ધની રાત્રિને પોષ મહિનાના કૃષ્ણપક્ષની નોમ માનીએ તો તેનામાંથી તેર દિવસ ઘટાડવાથી માગશર સુદ અગિયારસ જ નિશ્ચિત થાય છે.

જો એમ માનીએ કે પ્રાચીન કાળની ગણતરીમાં શુક્લપક્ષ પહેલાં ગણવામાં આવતો હતો, કૃષ્ણપક્ષ પછી – એ ન્યાયથી માગશર વદ નોમની રાત્રિએ યુદ્ધ થયું તો તેમાં કોઈ વિરોધ નથી. તે સમયમાંથી પણ તેર દિવસ ઘટાડવાથી માગશર સુદ અગિયારસ જ નિશ્ચિત થાય છે.

આ સિવાય પણ, અગિયારસનો દિવસ પર્વકાળ છે અને માગશર મહિનો બધાથી ઉત્તમ માનવામાં આવ્યો છે; જેના માટે સ્વયં ભગવાને ગીતામાં કહ્યું છે કે **'માસાનાં માર્ગશીર્ષોઽહમ્।'** (ગીતા - ૧૦/૩૫). આ બધાં પ્રમાણોના આધાર પર જ અનેક પંડિતોએ એ નિર્ણય કર્યો છે કે માગશર સુદ અગિયારસે જ યુદ્ધનો આરંભ થયો હતો અને એ જ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો.*

---

* 'ગીતા-ધર્મ-મંડળ' પુનાએ તથા પ્રસિદ્ધ વિદ્વાન શ્રીકરંદીકર મહોદયે ઘણાંબધાં પ્રમાણોથી એ સાબિત કર્યું છે કે ગીતાનો ઉપદેશ માર્ગશીર્ષ શુક્લ અગિયારશે જ થયો હતો. પ્રસિદ્ધ જ્યોતિષી પંડિત ઇન્દ્રનારાયણજી દ્વિવેદીનો પણ આ જ મત છે.

સંસારમાં અધ્યાત્મવિષયક ગ્રંથ ગીતા જેવો બીજો કોઈ નથી. ગીતા પર જેટલી ટીકાઓ, ભાષ્યો અને અનુવાદો અનેક પ્રકારની ભાષાઓમાં અને લિપિઓમાં મળે છે તેટલાં બીજા કોઈ પણ ધાર્મિક ગ્રંથ પર થયેલાં મળતાં નથી. એક ગીતાપ્રેસ, ગોરખપુરમાં જ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, બંગાળી, મરાઠી, ઉર્દૂ, અરબી, ફારસી, ગુરુમુખી, અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે અનેક ભાષાઓમાં અને લિપિઓમાં મૂળપાઠ તથા ભાષાટીકાઓ મળીને ૯૦૦થી વધુ ગીતાઓનો સંગ્રહ છે.

પદ્મપુરાણમાં ગીતાનો જે મહિમા મળે છે તેને જોઈને લાગે છે કે ગીતા સમાન મહિમા કોઈ ગ્રંથની નથી. ગીતાનો મહિમા મહાભારતમાં સ્વયં વેદવ્યાસજીએ પણ કહ્યો છે –

ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રસંગ્રહૈઃ ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્ વિનિઃસૃતા ॥

(ભીષ્મપર્વ - ૪૩/૧)

'ગીતાનું જ સારી પેઠે ગાન-શ્રવણ, કીર્તન, પઠન-પાઠન, મનન અને ધારણ કરવું જોઈએ; બીજાં શાસ્ત્રોના સંગ્રહની શું જરૂર છે? કારણ કે તે સ્વયં પદ્મનાભ ભગવાનના સાક્ષાત્ મુખકમળમાંથી નીકળેલી છે.'

સર્વશાસ્ત્રમયી ગીતા સર્વદેવમયો હરિઃ ।
સર્વતીર્થમયી ગઙ્ગા સર્વવેદમયો મનુઃ ॥

(ભીષ્મપર્વ - ૪૩/૨)

'જેમ મનુજી સર્વવેદમય છે, ગંગા સકલ તીર્થમયી છે અને શ્રીહરિ સર્વદેવમય છે તે જ રીતે ગીતા સર્વશાસ્ત્રમયી છે.'

ભારતામૃતસર્વસ્વગીતાયા મથિતસ્ય ચ ।
સારમુદ્ધૃત્ય કૃષ્ણેન અર્જુનસ્ય મુખે હુતમ્ ॥

(ભીષ્મપર્વ - ૪૩/૫)

'મહાભારતરૂપી અમૃતનું સર્વસ્વ એવી ગીતાને વલોવીને અને એમાંથી સાર કાઢીને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના મુખમાં તેનો હવન કર્યો છે.'

ગીતા તમામ ઉપનિષદોનો સાર છે. શાસ્ત્રમાં બતાવ્યું છે –

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्॥

'સઘળાં ઉપનિષદો ગાયો છે, ગોપાલનંદન શ્રીકૃષ્ણ તેમને દોહનારા (ગોવાળ) છે, અર્જુન વાછરડું છે અને ગીતાપ્રેમી સાત્ત્વિક બુદ્ધિયુક્ત ભગવદ્-જનો એમનામાંથી નીકળેલા મહાન ગીતામૃતરૂપી દૂધનું પાન કરનારા છે.'

સઘળાં શાસ્ત્રોમાં ગીતાને સર્વોપરી માનવામાં આવી છે. કહ્યું છે –

एकं शास्त्रं देवकीपुत्रगीत-
मेको देवो देवकीपुत्र एव।
एको मन्त्रस्तस्य नामानि यानि
कर्माप्येकं तस्य देवस्य सेवा॥

'શ્રીદેવકીનન્દન શ્રીકૃષ્ણે કહેલો ગીતાગ્રંથ જ એક સર્વોપરી શાસ્ત્ર છે, શ્રીકૃષ્ણ જ એકમાત્ર સર્વોપરી દેવ છે, તેમનાં જે નામો છે તે જ સર્વોપરી મંત્રો છે અને તે પરમદેવની સેવા જ એકમાત્ર સર્વોપરી કર્મ છે.'

ગીતા ગંગા કરતાં પણ શ્રેષ્ઠ છે. ગંગામાં સ્નાન કરવાથી તો વધારેમાં વધારે ફળ એમાં સ્નાન કરનારાની મુક્તિ થાય છે તેમ બતાવવામાં આવ્યું છે; તેથી ગંગામાં સ્નાન કરનારો તો પોતે જ મુક્ત થઈ શકે છે, બીજાઓને મુક્તિ અપાવી શકતો નથી; પરંતુ ગીતારૂપી ગંગામાં સ્નાન કરનારો તો પોતે મુક્તિ પામે છે અને બીજાઓને પણ મુક્તિ અપાવી શકે છે.

ગીતાની ભાષા પણ મધુર, સરળ, અર્થપૂર્ણ અને ભાવયુક્ત છે. તેથી સર્વે માતા-બહેનો અને ભાઈઓએ દરરોજ ઓછામાં ઓછા એક અધ્યાયનો પાઠ તો અર્થ અને ભાવ સમજીને અવશ્ય કરવો જ જોઈએ.

પ્રાચીન સિદ્ધાંતને માનવામાં પરમ લાભ અને નહીં માનવામાં હાનિ

વર્તમાન યુગમાં પાશ્ચાત્ય સિદ્ધાંતોને વાંચી-સાંભળીને ઘણાબધા મનુષ્યોના હૃદયમાં એવી વાત બેસી ગઈ છે કે જડ પદાર્થોથી અર્થાત્ પાંચ ભૂતોથી ચેતન જીવાત્માની ઉત્પત્તિ થાય છે; પરંતુ આ માન્યતા શાસ્ત્રવિપરીત તો છે જ, તર્કપ્રમાણથી પણ વિપરીત છે. જો એવી જ વાત હોત તો, જે મનુષ્ય મરી જાય છે તેનું પાંચભૌતિક શરીર તો અહીં વિદ્યમાન રહે જ છે, તો પછી એમાં જે ભૂતની કમી થાય તેની પૂર્તિ કરીને તેમાં નવા જીવાત્માને કેમ તૈયાર કરી લેવામાં આવતો નથી? જે બાળક તથા યુવાન મનુષ્ય મરી જાય છે તેના તો લગભગ બધા જ અવયવો સારી સ્થિતિમાં જ વિદ્યમાન રહે છે; તેથી તેમાં તો જીવાત્માને તૈયાર કરી લેવો એ ઘણું જ સીધું-સરળ કામ હોવું જોઈએ; પરંતુ એવું હોતું નથી. તેથી તેમનું કથન બિલકુલ અસંગત અને ખોટું છે.

બીજી વાત આમાં વિચારવા જેવી એ છે કે જીવાત્મા તો આ શરીરમાંથી નીકળીને ચાલ્યો જાય છે અને શરીર અહીં જ પડ્યું રહે છે, આ પ્રત્યક્ષ જોવામાં આવે છે. તેથી જીવાત્મા તથા પાંચભૌતિક શરીર ભિન્ન-ભિન્ન છે.

ત્રીજી વાત વિચારવા જેવી એ છે કે જન્મથી જ કોઈ મનુષ્યો દુઃખ પામે છે, તો કોઈ મનુષ્યો સુખ; તો આ ભેદ શા માટે? તેમણે આ જન્મમાં તો હજુ સુધી કોઈ પાપ કે પુણ્ય કર્યું જ નથી, તો પછી તેમને દુઃખ-સુખ શા માટે? તેથી માનવું પડશે કે પૂર્વે કરેલાં ખરાબ

કર્મોનું ફળ દુઃખ અને સારાં કર્મોનું ફળ સુખ હોય છે.

સંસારમાં બે પદાર્થો પ્રત્યક્ષ છે – (૧) જડ અને (૨) ચેતન. જે જાણવા-સમજવા અને જોવામાં આવે છે તે જડ છે અને જે જાણનારો-સમજનારો અને જોનારો છે તે ચેતન છે; અને તે જાણવામાં આવનારા તે પદાર્થથી ભિન્ન છે. જડ પદાર્થને તો સુંખ-દુઃખ થતાં નથી, એથી ઊલટું જડના સંબંધથી ચેતન જીવાત્માને જ સુખદુઃખ થાય છે. આ વાત સ્પષ્ટપણે જ જોવામાં આવે છે. બધા જ જડ પદાર્થો બદલાતા રહે છે. કાળના સંબંધથી શરીર પણ આયુષ્ય, માપ અને વજનમાં ઘટતું-વધતું રહે છે. તેથી તે ક્ષણભંગુર અને પરિવર્તનશીલ કહેવાયું છે; પરંતુ જીવાત્મા ક્યારેય દેશ-કાળના સંબંધથી ઘટતો કે વધતો નથી. જોવામાં આવે છે કે જે મનુષ્યનો આત્મા વીસ વરસ પહેલાં જે હતો તે જ આજે છે; પરંતુ વીસ વરસ પહેલાં તે મનુષ્યનું જે શરીર હતું તે આજે બરાબર તે જ રૂપમાં નથી, તેનું વજન, માપ, અવસ્થા તથા શરીરના બીજા બધા પરમાણુ પણ બદલાઈ ગયા છે; પણ આત્મા તો તે જ છે, જે પહેલાં હતો.

આપણાં શાસ્ત્રોમાં તો એ સ્પષ્ટ લખ્યું જ છે કે જીવાત્મા પહેલાં જે હતો તે જ અત્યારે છે અને તે જ હવે પછી પણ રહેશે. ગીતામાં ભગવાન કહે છે –

ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।
ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥

(ગીતા - ૨/૧૨)

'એવું તો નથી જ કે હું કોઈ કાળમાં ન હતો અથવા તું ન હતો અથવા આ રાજાઓ ન હતા; અને એવું પણ નથી જ કે આનાથી આગળ આપણે બધા નહીં હોઈએ.'

જે રીતે શરીરની અવસ્થા બદલાય છે તેવી જ રીતે એક શરીર પછી બીજું શરીર બદલાઈ જાય છે, પણ જીવાત્મા તો તે જ રહે છે.

ભગવાને કહ્યું છે –

દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા ।
તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥

(ગીતા - ૨/૧૩)

'જેમ જીવાત્માની આ શરીરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા હોય છે તેવી જ રીતે અન્ય શરીરની પ્રાપ્તિ થાય છે; આ વિષયમાં ધીર પુરુષ મોહિત થતો નથી.'

કારણ કે દેહનો નાશ થવાથી જીવાત્માનો નાશ થતો નથી –

'ન હન્યતે હન્યમાને શરીરે ॥' (ગીતા - ૨/૨૦)

તથા –

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા-
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

(ગીતા - ૨/૨૨)

'જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવી જ રીતે જીવાત્મા જૂનાં શરીરોનો ત્યાગ કરીને બીજાં નવાં શરીરોને પ્રાપ્ત કરે છે.'

આમ, શાસ્ત્રથી તો ઉપર્યુક્ત વાત સિદ્ધ જ છે. આના સિવાય પણ, આ બાબતમાં તર્કપ્રમાણ (યુક્તિ) પણ બહુ બળવાન છે. થોડી વાર માટે માની લો કે, તમે તો એવું માનો છો કે શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થઈ જશે; અને અમે માનીએ છીએ કે એવું નહીં થાય. તો વિચારો, જો તમારી જ વાત સિદ્ધ થઈ ગઈ તો દેહાન્ત થવાથી તમારે માટે પણ પરલોક નથી અને અમારે માટે પણ નથી. આ પક્ષમાં તો બંનેને માટે એકસરખી વાત છે. આમ, તમારા પક્ષથી પણ અમારી કોઈ હાનિ નથી. પણ જો અમારો પક્ષ જ સાચો નીકળ્યો કે શરીરના

મરવાથી પણ જીવાત્મા રહે છે તો અમે તો પરલોકમાં પોતાના આત્માને સુખ-શાંતિ મળે એવી ચેષ્ટા કરીશું, જેનાથી અમને તો પરલોકમાં તે લાભ મળી શકે છે. પરંતુ જે એવું નહીં માને તે પરલોકને માટે પ્રયત્ન જ શા માટે કરશે અને પ્રયત્ન કર્યા વગર તેને તે લાભ મળશે પણ કેવી રીતે? આથી, આ સિદ્ધાંત પ્રમાણે પણ અમે જ લાભમાં રહીશું અને તે આ લાભથી વંચિત રહેશે તથા વર્તમાનમાં પણ તે જો સમાજમાં નાસ્તિક મનાવા લાગશે તો લોકો તેનાથી ઘૃણા કરશે; અને પરલોકને માનનારો મનમાં પરલોકનો ભય કાયમ રહેવાથી પાપ પણ નહીં કરે, તેની સંસારમાં ઈજ્જત પણ રહેશે; તેથી તેને આ જીવનકાળમાં પણ લાભ જ લાભ છે.

ઉપર્યુક્ત મનુષ્યોની એવી ધારણા પણ છે કે જે પણ પુરાણી વસ્તુઓ છે – જેમ કે પુરાણાં શાસ્ત્ર, પ્રાચીન ધર્મ, પુરાણા રીત-રિવાજ વગેરે – આ બધાનો નાશ કરીને નિત્ય નવી વસ્તુ અપનાવવી જોઈએ, નવો આવિષ્કાર કરવો જોઈએ. પરંતુ આ વિષયમાં ગંભીરતાથી વિચારવું જોઈએ. એક રીતે તો પદાર્થમાત્ર જ પરિણામી હોવાને કારણે બદલાઈને નિત્ય નવો થતો જ રહે છે; અને બીજી રીતે વિચારી જોતાં એવું પ્રતીત થાય છે કે કોઈ મનુષ્ય જૂની તમામ વસ્તુઓને કામમાં નહીં લેતાં હંમેશાં નવી જ વસ્તુને કામમાં લે, તો એ અસંભવ છે. જેમ આપણે દાળ, ભાત, રોટલી, શાક ખાઈએ છીએ, તો ઉક્ત માન્યતા અનુસાર તો એક વાર જે પદાર્થ ખાઈ લીધો તેને પછી બીજી વાર નહીં ખાવો જોઈએ. આ રીતે તો રોજ એક નવી વસ્તુ ખાતાં-ખાતાં બધી વસ્તુઓ એક દિવસ જૂની થઈ જશે અને પછી નવી કોઈ વસ્તુ મળશે જ નહીં. આ જ રીતે બીજા-બીજા વિષયો બાબતે પણ આ જ વાત છે. આજે એક સ્ત્રી સાથે સંભોગ કર્યો, કાલે બીજી સાથે; કેમ કે પેલી તો જૂની થઈ ગઈ. આજે એક કમરામાં રહ્યા, કાલે બીજામાં. આ રીતે તો કોઈ હંમેશાં કરી જ ન શકે. જો થોડા સમય માટે કરી પણ લે તો, વિચાર કરતાં

તે જીવન પશુ-જીવનથી પણ અધમાધમ જ સિદ્ધ થાય.

રહી સિદ્ધાંતની વાત. તો, સિદ્ધાંત તો ઋષિ-મુનિઓનો જોવો જોઈએ. તેઓ ત્રિકાલજ્ઞાની હતા – તેમને ત્રણે કાળનું જ્ઞાન હતું. તેમનામાં યોગ અને જ્ઞાનની શક્તિ તથા બળ-બુદ્ધિ હતાં. અથર્વવેદ, નારદપુરાણ, યોગદર્શન, મહાભારત વગેરે આપણાં શાસ્ત્રોમાં કલા-કૌશલ્યની જે અલૌકિક વાતો આવે છે તે વર્તમાન યુગમાં કોઈ પણ મનુષ્યમાં જોવામાં આવતી નથી. તેમને કોઈ પણ મનુષ્ય બતાવી શકતો નથી. પૂર્વકાળમાં મનુષ્યોમાં તપ, યોગ અને મંત્રોની અલૌકિક શક્તિઓ અને સિદ્ધિઓ પ્રત્યક્ષ હતી, તેમને માટે શાસ્ત્રો પ્રમાણ છે. બ્રહ્માસ્ત્ર, પાશુપતાસ્ત્ર, નારાયણાસ્ત્ર, ઐન્દ્રાસ્ત્ર, વારુણાસ્ત્ર વગેરે અસ્ત્રોની જે શક્તિઓ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે તેવી શક્તિઓ આજના ઍટમબોમ્બ, અણુબોમ્બ વગેરે કોઈ પણ અસ્ત્ર-શસ્ત્રની નથી. કુબેરનું પુષ્પક વિમાન, કર્દમ મુનિનું વિમાન, રાજા શાલ્વનું સૌભ વિમાન, રાજા ઉપરિચર વસુનું વિમાન વગેરે તરફ ધ્યાન આપો. કેટલાં વિલક્ષણ હતાં તે બધાં! આ રીતે અનેક વિલક્ષણ વિમાનોનું વર્ણન શાસ્ત્રોમાં મળી આવે છે. આવાં વાયુયાન વર્તમાનમાં ક્યાંય દૃષ્ટિગોચર થતાં નથી. સિદ્ધિઓ પણ જેવી તે સમયે કપિલ, ભરદ્વાજ વગેરે મુનિઓમાં હતી તેવી આજે જોવા મળતી નથી. શ્રીહનુમાનજીમાં પણ કેવી વિલક્ષણ સિદ્ધિઓ હતી, તેઓ ઇચ્છાનુસાર નાનું અને મોટું રૂપ ધારણ કરી લેતા હતા.

શ્રીવેદવ્યાસજીમાં કેવી અલૌકિક શક્તિ હતી કે તેમણે મરેલી અઢાર અક્ષૌહિણી સેનાને ઘણાં વર્ષો પછી પણ બોલાવીને બતાવી દીધી તથા સંજયને દિવ્યદૃષ્ટિ પ્રદાન કરી લીધી.

આ બધાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે પ્રાચીનકાળના ઋષિ-મુનિઓનાં કલા-કૌશલ અને જ્ઞાન આજના કરતાં ઘણાં જ ચઢિયાતાં હતાં. દર્શન-શાસ્ત્રોના રચયિતા ઋષિ-મુનિઓની બુદ્ધિની પ્રખરતા તેમના ગ્રંથોનું અધ્યયન કરવાથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

મહર્ષિ પતંજલિએ શરીરની શુદ્ધિ માટે ચરકની, આત્માની શુદ્ધિને માટે યોગદર્શનની અને વાણીની શુદ્ધિ માટે અષ્ટાધ્યાયી પર મહાભાષ્યની રચના કરી. તેમના ગ્રંથ જેવો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ આજે કોઈ પણ રચી શકે એમ નથી. તે ઋષિ-મુનિઓનાં તપ, યોગબળ અને મંત્રોનું અદ્‌ભુત સામર્થ્ય હતું.

શ્રીચ્યવન ઋષિએ પોતાના તપથી રાજા શર્યાતિની સેનાનાં મળ-મૂત્ર બંધ કરી દીધાં અને મંત્રના બળથી દેવરાજ ઇન્દ્રના હાથને પણ સ્થંભિત કરી દીધો તથા કૃત્યાને ઉત્પન્ન કરીને ઇન્દ્રને પરાસ્ત કરી દીધો. તેમની પાસે સેના કે ઍટમબોમ્બ વગેરે કંઈ ન હતું; પરંતુ તેમનામાં તપ અને મંત્રોની અલૌકિક શક્તિ હતી.

આ રીતે શાસ્ત્રોમાં જ્ઞાન-વિજ્ઞાન, કલા-કૌશલ, સિદ્ધિ-શક્તિ, અસ્ત્ર-શસ્ત્ર વગેરેની અનેક અલૌકિક વાતો મળી આવે છે; પરંતુ જેઓ શાસ્ત્રોને વાંચતા નથી, તેમના પર વિશ્વાસ કરતા નથી તેમનો તો ઉપાય જ શો?

વર્તમાનમાં રેડિયો, તાર વગરનો તાર, ટેલિફોન, ટેલિપ્રિન્ટર, ટેલિવિઝન અથવા મોટાં મોટાં ઍરોપ્લેન, અણુબોમ્બ, ઍટમબોમ્બ વગેરેના જે આવિષ્કાર (શોધો) થયા છે, જો થોડા દિવસો પછી એ નહીં રહે તો ભવિષ્યમાં એમને પણ લોકો મિથ્યા કહી શકે છે. આ જ રીતે પ્રાચીનકાળના ઋષિઓએ જે વાતો શાસ્ત્રોમાં લખી છે તેમને જૂની-પુરાણી માનીને તેમની અવગણના કરી દઈએ તો એ આપણા માટે ખૂબ જ હાનિકારક છે. ભગવાનની નીતિ, ધર્મ, કાનૂન, મુક્તિના ઉપાય અને જીવાત્મા – આ પરિવર્તનશીલ વસ્તુઓ નથી. આ ક્યારેય જૂની થતી જ નથી, હંમેશાં નવીન જ રહે છે. તેથી તેમને જૂની સમજીને તેમની અવગણના કરવી અને નવા નવા મત-મતાંતરોની સ્થાપના કરવી એ ઘણી મોટી ભૂલ છે.

કેટલાયે મનુષ્યો એવું માને છે કે 'ખાઓ, પીઓ, મોજ કરો. આ સિવાય કાંઈ છે જ નહીં. સાંસારિક વિષયભોગોને ભોગવવા એ જ સુખ

છે અને સાંસારિક સુખ ના મળે તો આ જીવન જ વ્યર્થ છે.' પણ ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કે આપણને ઇન્દ્રિયો અને વિષયોના સંગથી જે સુખની પ્રતીતિ થાય છે, શું તે જ વાસ્તવમાં સુખ છે ખરું? જો વાસ્તવમાં તે જ સુખ હોત તો હંમેશાં વિદ્યમાન રહેત. પણ રહે કેવી રીતે? આ તો દુઃખ જ છે. અને એ દુઃખમાં જ સુખ-બુદ્ધિ કરી રાખી છે. જેમ પતંગિયાં દીપશિખામાં સુખબુદ્ધિ કરીને તેની પાસે જાય છે અને પછી બળીને નષ્ટ થઈ જાય છે, એ જ દશા વિષયભોગોને ભોગવવામાં છે. કોઈ પુરુષ સ્ત્રીનો સહવાસ કરે છે તો તેને એક વાર ક્ષણિક સુખની પ્રતીતિ થાય છે; પણ પરિણામે તેનાં બળ, બુદ્ધિ, વીર્ય, તેજ, શરીર, આયુષ્ય અને ઇજ્જતની તથા પરલોક વગેરેની હાનિ થાય છે.

વાસ્તવમાં સુખ તો છે કામનાઓના ત્યાગમાં, ઈશ્વરના ચિંતનમાં, સંકલ્પરહિત અવસ્થામાં અને સમતામાં. જે મનુષ્ય કોઈ પણ વસ્તુની કામના રાખતો નથી તે સુખી છે તથા જે મનુષ્ય સઘળા સંકલ્પોનો ત્યાગ કરીને કેવળ સચ્ચિદાનંદઘન પરમાત્માનું જ ધ્યાન કરે છે તો તેને પ્રત્યક્ષ વિશેષ આનંદ અને શાંતિ પ્રાપ્ત થઈ શકે છે. જો પરમાત્મામાં વિશ્વાસ ન હોય તોપણ એક ક્ષણ માટે પણ જો સઘળા સંકલ્પોથી રહિત થઈને બેસે તો તેને પ્રત્યક્ષ શાંતિ મળે છે. જે સઘળા સંકલ્પોથી રહિત મનુષ્ય છે તે સુખી છે.

જે વિષયોની કામના કરતો રહે છે તેને જ દુઃખ થતું રહે છે; કેમ કે બધી જ કામનાઓની તો પૂર્તિ થતી નથી અને પૂર્તિ નહીં થવાથી દુઃખ થાય જ છે. અનુકૂળતામાં સુખની અને પ્રતિકૂળતામાં દુઃખની પ્રતીતિ જ રાગ-દ્વેષની ઉત્પત્તિમાં હેતુ છે તથા તે રાગ-દ્વેષ જ સમસ્ત અવગુણો અને અનર્થોનું કારણ છે; પરંતુ જે મનુષ્ય અનુકૂળતા અને પ્રતિકૂળતામાં સમ રહે છે તેને પ્રત્યક્ષ શાંતિ મળે છે; કેમ કે સમતા જ અમૃત છે, એ જ બધાં સાધનોનું ફળ છે અને પરમાત્માનું સ્વરૂપ છે. આ સિવાય કોઈને શાંતિ મળી શકતી નથી અને આનો બધા સિદ્ધાંતવાળાઓએ આદર

- સ્વીકાર કર્યો છે. એને કોઈ પણ (અનુભવ) કરીને જોઈ શકે છે.

કેટલાયે મનુષ્યો તો અનુકૂળ પરિસ્થિતિ નહીં મળવાથી અથવા પ્રતિકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થવાથી એટલા ગભરાઈ જાય છે કે આ જીવનને જ વ્યર્થ સમજવા લાગે છે અને જાણી-જોઈને જીવનને નષ્ટ કરવા માટે તત્પર બની જાય છે; પરંતુ આ મોટી ભારે મૂર્ખતા છે. મનુષ્યને આત્મહત્યા કરવી – પોતાના શરીરથી પ્રાણોનો વિયોગ કરવો એ કોઈ પણ હાલતમાં કોઈ પણ સિદ્ધાંત કે યુક્તિથી લાભપ્રદ નથી, બલકે એમાં બધા પ્રકારે હાનિ જ હાનિ છે. મનુષ્યને આ જીવનમાં ભલેને કેટલુંય ભારે દુઃખ હોય પણ એનાથી વધારે દુઃખ તેને આત્મહત્યા કરતી વખતે થાય છે, ભલે પછી તે ઝેર ખાઈને મરે, ભલે પાણીમાં ડૂબીને મરે, કે ભલે અગ્નિમાં પ્રવેશ કરે; અને આસ્તિકવાદની દૃષ્ટિથી તો એ આત્મહત્યારાને વર્તમાન દુઃખ કરતાં પણ ઘણું વધારે દુઃખ મર્યા પછી થાય છે – તેણે ઘોર નરકમાં જવું પડે છે. શુક્લ યજુર્વેદમાં ચાલીસમા અધ્યાયના ત્રીજા મંત્રમાં બતાવ્યું છે –

અસુર્યા નામ તે લોકા અન્ધેન તમસાઽઽવૃતાઃ।
તાઁસ્તે પ્રેત્યાભિગચ્છન્તિ યે કે ચાત્મહનો જનાઃ॥

'અસુરોની જે પ્રસિદ્ધ નાના પ્રકારની યોનિઓ અને નરકરૂપી લોક છે તે બધાં જ અજ્ઞાન તથા દુઃખ-ક્લેશરૂપી મહાન અંધકારથી આચ્છાદિત છે. આત્માની હત્યા કરનારા જે કોઈ પણ મનુષ્યો હોય, તેઓ મરીને તે જ ભયંકર લોકોને વારંવાર પ્રાપ્ત કરે છે.'

આજકાલ કેટલાયે મનુષ્યો ઘરનાં બાળકો, પુરુષો અને સ્ત્રીઓને સર્વથા સ્વતંત્રતા આપી દે છે. એમાં તે બાળકો, પુરુષો કે સ્ત્રીઓને પણ સુખ નથી મળતું અને નથી સ્વતંત્રતા આપનારને પણ સુખ મળતું હોતું; કેમ કે સ્ત્રીઓ સ્વતંત્રતામાં પડીને વ્યભિચારિણી થઈ જાય છે, બુદ્ધિની ઊણપને કારણે તેઓ પોતાનું ધન પણ ખોઈ બેસે છે અને આજીવન દુઃખ પામે છે. આજ રીતે પાખંડી ધૂર્તોના પંજામાં પડીને પણ

પોતાનું પતન કરી બેસે છે. બાળકો પણ સ્વચ્છંદી બનીને ઉદંડ થઈ જાય છે. એનાથી તે બધાં નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. જોવામાં પણ આવું જ આવે છે. તેથી બુદ્ધિમાન મનુષ્યો માટે એ ઉચિત છે કે તેઓ પોતાના ઘરનાં બાળકો અને સ્ત્રીઓને એવી સ્વતંત્રતા ન આપે કે જેનાથી તેઓ સ્વચ્છંદી થઈને પોતાનો સર્વનાશ કરી લે. ઊલટાનું, તેમના હિત માટે તેમણે પોતાનાં શુદ્ધ આચરણો અને પ્રેમપૂર્વકના યથાયોગ્ય શાસન દ્વારા ન્યાયોચિત શિક્ષણ આપવું જોઈએ.

આજકાલ પુરુષો અને સ્ત્રીઓમાં મનોરંજન માટે ચોપાટ-પત્તાંબાજી વગેરે રમવાની જે પ્રવૃત્તિ થઈ રહી છે એ ખૂબ જ ખરાબ છે. એમાં મનુષ્યનો સમય વ્યર્થ બરબાદ થાય છે. એમાં નથી સ્વાર્થની સિદ્ધિ કે નથી તો પરમાર્થની સિદ્ધિ. તેથી, બુદ્ધિમાન સ્ત્રી-પુરુષોએ એનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ.

સાથે જ, સિનેમા-નાટક વગેરેની ખરાબ પ્રવૃત્તિ પણ ઘણી વધી રહી છે. સિનેમા-નાટક વગેરેમાં પાત્ર (નટ-નટી) બનવાથી અથવા એમને જોવાથી સમય અને ધર્મનો નાશ તો થાય જ છે, બલકે હૃદયના ભાવો અને ચિત્તની વૃત્તિઓ પણ ઘણી ખરાબ થાય છે; અશ્લીલ ભાવોની જાગૃતિ થવાથી ચરિત્ર ભ્રષ્ટ થઈ જાય છે, જેનાથી મનુષ્યના આ લોક અને પરલોક બંનેય નષ્ટ થઈ જાય છે. તેથી એમનાથી બચીને રહેવું જોઈએ.

આ જ પ્રમાણે સ્ત્રીઓ અથવા પુરુષોનું નકામા (નિષ્ક્રિય) રહેવું એ પણ ઘણું જ હાનિકારક છે. આજકાલ આ દોષ (અકર્મણ્યતા) પણ ઘણો વધી રહ્યો છે; પરંતુ વિચાર કરવો જોઈએ. જે સ્ત્રી કે પુરુષ નકામાં બેસી રહે છે તેમનો સમય નિદ્રા, આળસ, પ્રમાદ, ભોગ કે પાપમાં વીતે છે, એનાથી ખરાબ આદત પડી જાય છે અને સ્વભાવ ખરાબ થઈ જાય છે. તેથી દરેક સ્ત્રી-પુરુષે હંમેશાં સંસારના હિતની ચેષ્ટા કરવામાં અથવા પોતાના ન્યાયયુક્ત શરીર-નિર્વાહની ચેષ્ટા કરવામાં રત રહેવું જોઈએ. શિલ્પકાર્ય, ગૃહકાર્ય, પઠન-પાઠન, વ્યાપાર, લેખન

વગેરે કોઈ ને કોઈ કામ કરતાં રહેવું જોઈએ, નકામાં ક્યારેય રહેવું જોઈએ નહીં. પોતાના ઉપર જરૂરિયાત કરતાં વધારે કામની જવાબદારી રાખવી જોઈએ, જેથી બેકાર રહેવાના કારણે પતન થાય નહીં.

વર્તમાન શિક્ષણ-પ્રણાલીનું પણ પરિણામ ઘણું ખરાબ થઈ રહ્યું છે. એનાથી સ્ત્રીઓ અને બાળકોમાં નિર્લજ્જતા, ઉદ્દંડતા, અભિમાન, અહંકાર, રાગદ્વેષ, કામ-ક્રોધ, લોભ-મોહ વગેરે અવગુણોની વૃદ્ધિ થાય છે અને તેથી તેઓ પોતાના વડીલોનો પણ તિરસ્કાર કરવા લાગ્યા છે અને સ્વયં પણ નષ્ટ-ભ્રષ્ટ થઈ રહ્યા છે. આ વાત પ્રત્યક્ષ જોવામાં આવી રહી છે.

તેથી શાસ્ત્રોમાં સ્વતંત્રતાનો જેટલો અધિકાર આપવામાં આવ્યો છે, જે કર્તવ્ય બતાવવામાં આવ્યું છે તેનું પાલન કરવું એ જ ઉચિત છે. પોતાના અધિકારના અભિમાનનો ત્યાગ કરવો, બીજાના અધિકારનું રક્ષણ કરવું અને પોતાનું જે કર્તવ્ય છે તેમાંથી ક્યારેય ભ્રષ્ટ થવું નહીં; તેમ જ સમતા, શાંતિ, સંતોષ, સરળતા, ઉદારતા, દયા, સ્વાર્થત્યાગ વગેરે ગુણોનો આદર કરવો જોઈએ તથા ઈશ્વરકૃપાથી આપણને જે કાંઈ ઐશ્વર્ય, શક્તિ, સામર્થ્ય કે વિવેક પ્રાપ્ત થયાં છે તે અનુસાર બધાં સાથે ઉત્તમમાં ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ. એનાથી મનુષ્યનો પ્રત્યક્ષ સુધારો થાય છે અને એમ થતાં ઉદ્ધાર થઈ શકે છે.

આપણે પોતાના જીવનની ગતિ-વિધિનું નિરીક્ષણ કરતા રહીને વિચારવું જોઈએ કે આપણે કઈ તરફ જઈ રહ્યા છીએ અને આપણું કર્તવ્ય શું છે? વિવેક-વિચારપૂર્વક ગંભીરતાથી વિચારવાથી એ જ વાત નિશ્ચિત થાય છે કે આપણું અને બધા લોકોનું આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ કરનારું જે કાર્ય છે તે જ કર્તવ્ય છે. તેને જ શાસ્ત્રકારોએ ધર્મ કહ્યો છે.

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

(વૈશેષિકદર્શન - સૂત્ર ૨)

'જેના આચરણથી આ લોકમાં ઉન્નતિ અને પરલોકમાં કલ્યાણ

થાય તે જ ધર્મ છે.'

જે આ લોકમાં તો હિતકર હોય, પણ પરલોકમાં હિતકર ન હોય તો તેનું નામ ધર્મ નથી. જે આ લોક અને પરલોક – બંનેયમાં હિતકર છે, તે જ ધર્મ છે. મનુષ્યના કર્તવ્યનું નામ ધર્મ છે અને જે અકર્તવ્ય છે તે જ અધર્મ છે. તેથી અકર્તવ્યના ત્યાગથી અને કર્તવ્યના પાલનથી જ મનુષ્યને સુખ-શાંતિ મળે છે. જે કર્તવ્યનું પાલન કરતો નથી તે મનુષ્યત્વમાંથી પતન પામે છે. ધર્મની આવશ્યકતા એટલા માટે છે કે તે આ લોકમાં અને પરલોકમાં પણ સુખકર છે. કર્તવ્યનો ત્યાગ કરીને મન, વાણી અને શરીરની જે વ્યર્થ ચેષ્ટા થાય છે તે પ્રમાદ છે. તે આ લોક અને પરલોકમાં હાનિકર છે, તેથી તે ત્યાજ્ય છે; અને એનાથી ઊલટું મન, વાણી, શરીરની જે ચેષ્ટા પોતાને માટે કે સંસાર માટે હિતકર છે અને તે જ કર્તવ્ય છે તે મનુષ્યે અવશ્ય કરવું જોઈએ.

આ પ્રમાણે કરવાથી ઉપર બતાવેલા દોષોનું પોતાની મેળે જ નિરાકરણ થઈ જાય છે. આ દોષો તેની પાસે પણ આવી શકતા નથી. તેથી તમામ સ્ત્રી-પુરુષોએ પોતાના કર્તવ્યનો વિચાર કરીને તે કરવામાં તત્પરતાપૂર્વક રત રહેવું જોઈએ.

તીર્થોનો મહિમા, પ્રયોજન અને ઉત્પત્તિ તથા તીર્થ-યાત્રાના પાળવા યોગ્ય નિયમો

સર્વપ્રથમ તો 'તીર્થ' શબ્દનો અભિપ્રાય સમજવો જોઈએ. 'તીર્થ' શબ્દની આધુનિક ઢંગથી લૌકિક વ્યુત્પત્તિ કરવામાં આવે તો 'તી' શબ્દથી 'તીન' (ત્રણ) અને 'ર્થ' શબ્દથી 'અર્થ' – પ્રયોજન લેવું જોઈએ. આ પ્રમાણે, જેનાથી ત્રણ અર્થોની સિદ્ધિ થાય અર્થાત્ ત્રણ પદાર્થોની પ્રાપ્તિ થાય તેને 'તીર્થ' કહે છે. પદાર્થનું તાત્પર્ય છે – પ્રયોજન અને અર્થ. સંસારમાં ચાર પદાર્થ છે – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેમાંથી અર્થ (ધન)નો તો તીર્થ-યાત્રા કરવામાં ખર્ચ જ થાય છે, તેથી એની સિદ્ધિ ત્યાં લગભગ સંભવિત નથી. ધર્મ, કામ અને મોક્ષ – આ ત્રણેની સિદ્ધિ તીર્થ-યાત્રાથી થાય છે. (૧) સાત્ત્વિક મનુષ્યો તો મોક્ષ માટે જ તીર્થ-યાત્રા કરે છે. (૨) ધર્મ-સંગ્રહ માટે સાત્ત્વિક અને રાજસી – બંનેય પ્રકારના મનુષ્યો તીર્થ-યાત્રા કરે છે. (૩) કેવળ આ લોકની અને પરલોકની કામનાઓની સિદ્ધિ માટે જ રાજસી મનુષ્યો તીર્થ-યાત્રા કરે છે. આમનામાં ધર્મ-સંગ્રહ માટે નિષ્કામભાવથી તીર્થ-યાત્રા કરનારા મનુષ્યો સાત્ત્વિક છે અને સકામભાવથી યાત્રા કરનારા મનુષ્યો રાજસી છે; કેમ કે નિષ્કામભાવથી કરેલી તીર્થ-યાત્રાનું ફળ મુક્તિ છે અને સકામભાવથી કરેલી તીર્થ-યાત્રાનું ફળ આ લોકના માન-પ્રતિષ્ઠા, પત્ની-પુત્ર, ધન વગેરે અને પરલોકના સ્વર્ગ વગેરે ભોગોની પ્રાપ્તિ છે. તીર્થોમાં ધર્મ, કામ અને મોક્ષ – આ ત્રણે પદાર્થોની સિદ્ધિ થાય છે અને તેઓ

મનુષ્યને પાપોથી મુક્ત કરાવનારાં છે, તેથી જ તેમને 'તીર્થ' કહેવામાં આવે છે.

સંસારમાં જેટલાં પણ તીર્થો છે, ઘણું કરીને તે બધાં જ ભગવાન અને તેમના ભક્તોના સંગથી જ તીર્થ બન્યાં છે. તેમની તીર્થ-સંજ્ઞા ઈશ્વરના, મહાપુરુષોના કે પતિવ્રતા સ્ત્રીઓના પ્રભાવથી જ થઈ છે. પતિવ્રતાઓ પણ એક પ્રકારે મહાત્મા જ છે.

શ્રીભાગીરથી ગંગા એક મહાન તીર્થ છે. શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કંધના નવમા અધ્યાયમાં બતાવાયું છે કે મહારાજ ભગીરથે પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે આ મર્ત્યલોકમાં ગંગાને લાવવાના ઉદ્દેશ્યથી ઘણી આકરી તપસ્યા કરી, જેનાથી પ્રસન્ન થઈને ગંગાએ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને કહ્યું – 'જે સમયે હું સ્વર્ગમાંથી પૃથ્વીતળ પર પડું તે સમયે મારા વેગને ધારણ કરનાર કોઈ હોવું જોઈએ.' આથી, રાજા ભગીરથે તપસ્યા થકી ભગવાન શંકરને પ્રસન્ન કર્યા, જેનાથી શ્રીશંકરે ગંગાજીને પોતાની જટામાં જ ધારણ કરી લીધાં. પછી રાજા ભગીરથે પ્રાર્થના કરવાથી શ્રીશિવની કૃપાથી તેમની જટામાંથી નીકળીને ગંગાજી પૃથ્વી પર પ્રવાહિત થયાં. તે પરમપાવની ગંગાના સ્પર્શમાત્રથી રાજા ભગીરથના પિતૃઓ - સગરપુત્રો સ્વર્ગે સિધાવી ગયા. તેથી તે સ્થાનનું નામ 'ગંગાસાગર તીર્થ' થયું. ભગવાન શિવ અને રાજા ભગીરથના પ્રભાવથી પાપ-મુક્ત કરવાને કારણે જ ગંગાજીને એક પ્રમુખ તીર્થ માનવામાં આવે છે.

શ્રીમહાભારતમાં કહેવામાં આવ્યું છે –

પુનાતિ કીર્તિતા પાપં દૃષ્ટ્વા ભદ્રં પ્રયચ્છતિ ।
અવગાઢા ચ પીતા ચ પુનાત્યાસપ્તમં કુલમ્ ॥

(મહાભારત, વનપર્વ - ૮૫/૯૩)

'ગંગા પોતાના નામનું ઉચ્ચારણ કરનારાનાં પાપોનો નાશ કરે છે,

દર્શન કરનારાનું કલ્યાણ કરે છે અને સ્નાન-પાન કરનારાની સાત પેઢીઓ સુધ્ધાંને પવિત્ર કરે છે.'

આ જ પ્રમાણે કાશી-ક્ષેત્ર પણ ભગવાન શિવના પ્રતાપથી 'તીર્થ' થયું છે. સ્કન્દપુરાણના કાશીખંડમાં કહેવામાં આવ્યું છે કે ત્યાં સાક્ષાત્ મહેશ્વર નિત્ય નિવાસ કરે છે. જે મનુષ્ય ત્યાં મૃત્યુ પામે છે તેને પ્રાણત્યાગ-વેળાએ ભગવાન શંકર સાક્ષાત્ ઉપસ્થિત થઈને તારકમંત્રનો ઉપદેશ આપે છે, જેનાથી તે શિવસ્વરૂપ થઈ જાય છે. ભગવાન શિવે પોતે જ ત્યાં એવું કહ્યું છે કે 'આ પાંચ કોસ લાંબું-પહોળું ક્ષેત્ર કાશીધામ મને ખૂબ પ્રિય છે. કાશીમાં ફક્ત મારું જ શાસન ચાલે છે, બીજાનું નહીં.' સાત પુરીઓમાં કાશીનું પ્રમુખ સ્થાન છે.

કુરુક્ષેત્રમાં અગ્નિ, ઇન્દ્ર, બ્રહ્મા વગેરે દેવતાઓ અને ઋષિઓએ યજ્ઞ અને તપ કર્યાં હતાં તથા રાજા કુરુએ પણ ત્યાં ઘણી ભારે તપસ્યા કરી હતી; તેથી તે 'કુરુક્ષેત્ર' તીર્થના નામથી પ્રસિદ્ધ થયું.

મથુરા-તીર્થ ભગવાન શ્રીકૃષ્ણના અવતારના પ્રભાવથી વિશેષતાને પ્રાપ્ત થયું છે. આ મથુરાનું નામ સત્યયુગમાં 'મધુવન' હતું. જ્યારે ભક્ત ધ્રુવ માતા સુનીતિનાં વચનોથી પોતાનું લક્ષ્ય નિશ્ચિત કરીને નગરની બહાર નીકળી ચાલ્યા, ત્યારે તેમને શ્રીનારદજીએ ઉપદેશ આપ્યો અને અંતમાં કહ્યું –

तत् तात गच्छ भद्रं ते यमुनायास्तटं शुचि ।
पुण्यं मधुवनं यत्र सान्निध्यं नित्यदा हरेः ॥

(શ્રીમદ્ભાગવત - ૪/૮/૪૨)

'હે તાત! તારું કલ્યાણ થાઓ, હવે તું શ્રીયમુનાના તટવર્તી પરમ પવિત્ર મધુવનમાં જા. ત્યાં શ્રીહરિનો નિત્ય-નિવાસ છે.'

ભક્ત ધ્રુવે ત્યાં જઈને તપસ્યા કરી અને ભગવાનનાં સાક્ષાત્ દર્શન કર્યાં, જેના પ્રભાવથી 'મધુવન'ની તીર્થસંજ્ઞા થઈ. તે જ મધુવન આજે

મથુરાપુરીના નામથી પ્રસિદ્ધ છે. ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણે અવતાર લઈને લીલા કરી એ કારણે વ્રજનાં મથુરા, વૃન્દાવન, ગોકુલ, ગોવર્ધન, બરસાના, નંદગાંવ વગેરે બધાં જ સ્થાનોની વિશેષરૂપે તીર્થસંજ્ઞા થઈ ગઈ.

ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવથી જ દ્વારકાપુરીની તીર્થસંજ્ઞા થઈ, જે ચાર ધામો પૈકીનું એક ધામ છે; કેમ કે ભગવાન શ્રીકૃષ્ણે જ સમુદ્રના મધ્યમાં દ્વારકાને વસાવ્યું હતું.

શ્રીબદરિકાશ્રમમાં ભગવાને નર-નારાયણ ઋષિના રૂપમાં તપસ્યા કરી, એનાથી જ તેની વિશેષરૂપે તીર્થસંજ્ઞા થઈ અને તે ચાર ધામોમાં ગણાવા લાગ્યું. હિમાચલ, જેને કૈલાસ પર્વત પણ કહે છે તે શિવ-પાર્વતીનું નિવાસસ્થાન હોવાને કારણે તીર્થ માનવામાં આવ્યું છે. તે આજકાલ ગૌરીશંકર શિખરના નામથી પ્રસિદ્ધ છે.

શ્રીસ્કન્દપુરાણના વૈષ્ણવખંડમાં બતાવવામાં આવ્યું છે કે ભગવાનના પરમ ભક્ત રાજા ઇન્દ્રદ્યુમ્નના અશ્વમેધયજ્ઞની સમાપ્તિ થતાં ત્યાં પુરુષોત્તમ ક્ષેત્રમાં ભગવાન સ્વયં ચાર કાષ્ટમયી મૂર્તિઓમાં પ્રગટ થયા. રાજાએ આકાશવાણી અનુસાર ભગવાન જગન્નાથજી, બળભદ્ર, સુભદ્રા અને સુદર્શનચક્રની તે પ્રતિમાઓની ત્યાં વિધિવત્ સ્થાપના કરી અને તેમની પૂજા કરી. તેથી જ તે ક્ષેત્ર 'જગન્નાથપુરી'ના નામથી પ્રસિદ્ધ થયું, જે ચાર ધામોમાંનું એક છે.

સ્વયં ભગવાન શ્રીરામે અવતાર લઈને લીલા કરી એ કારણે અયોધ્યાપુરીને પરમધામપ્રદ તીર્થ અને સરયૂને મુક્તિદાયક તીર્થ કહેવામાં આવ્યાં છે.

શ્રીરામચરિતમાનસમાં સ્વયં ભગવાન શ્રીરામનાં વચન છે –

પુનિ દેખુ અવધપુરી અતિ પાવનિ । ત્રિબિધ તાપ ભવ રોગ નસાવનિ ॥

(રામચરિતમાનસ, લંકાકાંડ - ૧૨૦/૫)

તથા

જદ્યપિ સબ બૈકુંઠ બખાના। બેદ પુરાન બિદિત જગુ જાના॥
અવધપુરી સમ પ્રિય નહિં સોઊ। યહ પ્રસંગ જાનઈ કોઉ કોઊ॥
જન્મભૂમિ મમ પુરી સુહાવનિ। ઉત્તર દિસિ બહ સરજૂ પાવનિ॥
જા મજ્જન તે બિનહિં પ્રયાસા। મમ સમીપ નર પાવહિં બાસા॥
અતિ પ્રિય મોહિ ઇહાઁ કે બાસી। મમ ધામદા પુરી સુખ રાસી॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪/૨-૪)

ભગવાન શ્રીરામે લક્ષ્મણ અને સીતા સહિત વનવાસના સમયે ચિત્રકૂટમાં નિવાસ કર્યો, તેથી મંદાકિની અને ચિત્રકૂટને વિશેષરૂપે તીર્થ માનવામાં આવે છે. શ્રીભરત ભગવાન શ્રીરામને રાજતિલક કરવા માટે પોતાની સાથે બધાં તીર્થોનું જળ ચિત્રકૂટમાં લઈ ગયા હતા. તેમણે જે કૂવામાં તે બધાં તીર્થોનું જળ રાખ્યું તે કૂવાની ભરતના પ્રતાપથી 'ભરત-કૂપ'ના નામથી પ્રસિદ્ધિ છે અને તેથી જ તેને તીર્થ માનવામાં આવ્યું છે. આ જ રીતે શ્રીરામ, લક્ષ્મણ અને સીતા જે શિલા પર બેસતાં હતાં તેને 'સ્ફટિક-શિલા-તીર્થ' કહેવામાં આવે છે.

શ્રીઅત્રિ ઋષિની તપસ્યાના અને અનસૂયાજીના પાતિવ્રત્યના પ્રભાવથી 'અનસૂયા' નામનું તીર્થ થયું. શ્રીશરભંગ ઋષિની તપસ્યાના પ્રભાવથી 'શરભંગ' નામનું તીર્થ પ્રસિદ્ધ થયું. શ્રીસુતીક્ષ્ણ મુનિની ભક્તિ અને તપના પ્રભાવથી 'સુતીક્ષ્ણ-તીર્થ' પ્રસિદ્ધ થયું. આ જ રીતે 'અગસ્ત્યાશ્રમ-તીર્થ' અગસ્ત્ય મુનિના તપના પ્રભાવથી થયું. તે આશ્રમના પ્રભાવનું વર્ણન કરતાં વાલ્મીકીય રામાયણમાં, સ્વયં ભગવાન શ્રીરામ પોતાના પ્રિય ભાઈ લક્ષ્મણને કહે છે –

યદાપ્રભૃતિ ચાક્રાન્તા દિગિયં પુણ્યકર્મણા।
તદાપ્રભૃતિ નિર્વૈરાઃ પ્રશાન્તા રજનીચરાઃ॥
અયં દીર્ઘાયુષસ્તસ્ય લોકે વિશ્રુતકર્મણઃ।
અગસ્ત્યસ્યાશ્રમઃ શ્રીમાન્ વિનીતમૃગસેવિતઃ॥

નાત્ર જીવેન્મૃષાવાદી ક્રૂરો વા યદિ વા શઠઃ।
નૃશંસઃ પાપવૃત્તો વા મુનિરેષ તથાવિધઃ॥

(વાલ્મીકીય રામાયણ, અરણ્યકાંડ - ૧૧/૮૩, ૮૬, ૯૦)

'તે પુણ્યકર્મી મહર્ષિ અગસ્ત્યે જ્યારથી આ દક્ષિણ દિશામાં પદાર્પણ કર્યું છે ત્યારથી અહીંના રાક્ષસો શાંત થઈ ગયા છે. તે રાક્ષસોએ બીજાઓ સાથે વેર-વિરોધ કરવાનું છોડી દીધું છે. આ આશ્રમ તે જગત-પ્રસિદ્ધ ઉત્તમ કર્મ કરનારા અગસ્ત્ય ઋષિનો જ છે; કેમ કે અહીં મૃગ વગેરે પશુઓ વિનીતભાવે નિવાસ કરી રહ્યાં છે અને આ આશ્રમ શોભાસંપન્ન થઈ રહ્યો છે. અગસ્ત્ય ઋષિ એવા પ્રભાવશાળી મહાત્મા છે કે તેમના આશ્રમમાં કોઈ જૂઠ બોલનારો, ક્રૂર, શઠ, નૃશંસ અથવા પાપાચારી મનુષ્ય જીવિત રહી શકતો નથી.'

નાસિકમાં ગોદાવરીના તટ પર પંચવટીમાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણ અને સીતાએ નિવાસ કર્યો હતો એ કારણે તેમના પ્રભાવથી 'પંચવટી' તીર્થસંજ્ઞા થઈ છે.

પરમ ભક્તિમતી શબરી (ભીલડી)નું નિવાસસ્થાન હોવાથી 'પંપા સરોવર' તીર્થસંજ્ઞા થઈ.

સુગ્રીવ, હનુમાન, અંગદ, જાંબવાન વગેરે ભગવદ્‌ભક્તોનાં વાસસ્થાન હોવાથી 'કિષ્કિન્ધા'ને પણ તીર્થ કહેવામાં આવે છે.

સેતુબંધ-રામેશ્વર, કે જે ચાર ધામોમાંનું એક ધામ છે તેની તીર્થસંજ્ઞા ભગવાન શ્રીરામ દ્વારા ત્યાં સેતુ બંધાવાથી અને રામેશ્વર શિવલિંગની સ્થાપના થવાને કારણે થઈ.

આ જ રીતે પુષ્કર-તીર્થની ઉત્પત્તિ બ્રહ્માજીના પ્રભાવથી થઈ છે. શ્રીપદ્મપુરાણના સૃષ્ટિખંડમાં વર્ણન છે કે પુષ્કરમાં સૃષ્ટિકર્તા શ્રીબ્રહ્માજીએ યજ્ઞના નિમિત્તે વેદીનું નિર્માણ કર્યું હતું અને તેઓ ત્યાં સદા નિવાસ કરે છે. તેમણે જીવો પર કૃપા કરવા માટે જ આ તીર્થને પ્રગટ કર્યું

છે. પુષ્કરનો મહિમા વર્ણવતાં શ્રીમહાભારતમાં કહેવામાં આવ્યું છે –

નૃલોકે દેવદેવસ્ય તીર્થં ત્રૈલોક્યવિશ્રુતમ્ ।
પુષ્કરં નામ વિખ્યાતં મહાભાગઃ સમાવિશેત્ ॥

(મહાભારત, વનપર્વ - ૮૨/૨૦)

'મનુષ્યલોકમાં દેવાધિદેવ બ્રહ્માજીનું ત્રિલોકવિખ્યાત તીર્થ છે, જે પુષ્કર નામથી પ્રસિદ્ધ છે. તેમાં કોઈ મહાભાગ્યશાળી મનુષ્ય જ પ્રવેશ કરવા પામે છે.'

તસ્મિંસ્તીર્થે મહારાજ નિત્યમેવ પિતામહઃ ।
ઉવાસ પરમપ્રીતો ભગવાન્ કમલાસનઃ ॥

(મહાભારત, વનપર્વ - ૮૫/૨૫)

'હે મહારાજ! તે તીર્થમાં કમલાસન ભગવાન બ્રહ્માજી સદૈવ ઘણી પ્રસન્નતાથી નિવાસ કરે છે.'

પુષ્કરેષુ મહાભાગ દેવાઃ સર્ષિગણાઃ પુરા ।
સિદ્ધિં સમભિસમ્પ્રાપ્તાઃ પુણ્યેન મહતાન્વિતાઃ ॥

(મહાભારત, વનપર્વ - ૮૨/૨૬)

'હે મહાભાગ! પુષ્કરમાં પહેલાં દેવતાઓ તથા ઋષિઓ મહાન પુણ્યથી સંપન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂક્યા છે.'

યથા સુરાણાં સર્વેષામાદિસ્તુ મધુસૂદનઃ ।
તથૈવ પુષ્કરં રાજંસ્તીર્થાનામાદિરુચ્યતે ॥

(મહાભારત, વનપર્વ - ૮૨/૩૪-૩૫)

'હે રાજન્! જેમ ભગવાન મધુસૂદન (વિષ્ણુ) બધા દેવતાઓના આદિ (આદ્ય) છે તેવી જ રીતે પુષ્કરને બધાં તીર્થોનું આદિ કહેવામાં આવે છે.'

શ્રીસ્કન્દપુરાણના આવન્ત્યખંડમાં મહાકાલ-ક્ષેત્રનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે ભગવાન શિવે તે મહાકાલ વનમાં વાસ કર્યો

હતો, તેથી તેમના પ્રભાવથી તે તીર્થ થઈ ગયું. ત્યાં જ તેમણે ત્રિપુર નામના દાનવને ઉત્કર્ષપૂર્વક જીત્યો હતો, તેથી જ તેનું નામ 'ઉજ્જયિની' થઈ ગયું, જે આજે ઉજ્જૈનના નામથી પ્રસિદ્ધ છે. સાત પુરીઓમાં આ 'અવન્તી' નામથી વિખ્યાત પુરી છે.

શ્રીગંગા અને યમુનાનો સંગમ થવાને કારણે તથા તેના તટ પર અનેક પુણ્યાત્મા પુરુષો વડે પ્રાચીન કાળથી ઘણાબધા યજ્ઞો કરવામાં આવ્યા હોવાને કારણે 'પ્રયાગ' તીર્થસંજ્ઞા થઈ. એને પ્રજાપતિનું ક્ષેત્ર તથા તીર્થોનો રાજા માનવામાં આવ્યું છે. માઘ મહિનામાં અહીં બધાં તીર્થો આવીને નિવાસ કરે છે, તેથી માઘ મહિનામાં ત્યાં નિવાસ કરવાનું ઘણું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. વનમાં જતી વખતે ભગવાન શ્રીરામ પ્રયાગમાં શ્રીભરદ્વાજ ઋષિના આશ્રમે આવીને આગળ ગયા હતા, તેથી તેનું માહાત્મ્ય વિશેષ વધી ગયું.

શ્રીદેવીભાગવતમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે ઋષિઓ કળિકાળના ભયથી ઘણા ગભરાયા ત્યારે બ્રહ્માજીએ તેમને એક મનોરમ ચક્ર આપીને કહ્યું કે, 'તમે આ ચક્રની પાછળ-પાછળ જાઓ અને જ્યાં તેની નેમિ (મધ્ય ભાગ - ધરી) વિશીર્ણ થઈ જાય તે સ્થળને જ અત્યંત પવિત્ર સ્થાન સમજવું; ત્યાં રહેવાથી તમને કળિનો કોઈ ભય રહેશે નહીં.' ઋષિઓએ તેમ જ કર્યું. જ્યાં જવાથી તે નેમિ વિશીર્ણ થઈ તે જ સ્થાન 'નૈમિષારણ્ય' તીર્થના નામથી પ્રસિદ્ધ થયું; તથા ત્યાં શ્રીશૌનક વગેરે અઠ્ઠ્યાસી હજાર ઋષિઓએ એકત્ર થઈ સૂતજી (લોમહર્ષણ) પાસેથી કથા સાંભળી હતી અને તપસ્યા કરી હતી, તેથી જ તે અધિક મહિમાથી યુક્ત થતાં તેને એક પ્રસિદ્ધ તીર્થ માનવામાં આવે છે.

શ્રીપરશુરામજીના નિવાસના અને તપશ્ચર્યાના પ્રભાવથી આસામમાં 'પરશુરામકુંડ' નામનું તીર્થ પ્રસિદ્ધ થયું.

આ જ રીતે બીજાં અન્ય તીર્થોની બાબતમાં સમજવું જોઈએ. ઘણું

કરીને બધાં જ તીર્થો ભગવાનના અને તેમના ભક્તોના પ્રભાવથી જ બન્યાં છે અર્થાત્ તેમના જન્મ, તપશ્ચર્યા અને સંગ-સાંનિધ્યને કારણે જ તેમની તીર્થસંજ્ઞા થઈ છે. આ બધાં સ્થાન-વિશેષ તીર્થો છે. તેમાં નિવાસ કરવાથી અને મરવાથી મનુષ્યની મુક્તિ થઈ જાય છે, એ વાત શાસ્ત્રોમાં ઠેર-ઠેર બતાવવામાં આવી છે –

કાશી કાઞ્ચી ચ માયાખ્યા ત્વયોધ્યા દ્વારવત્યપિ ।
મથુરાવન્તિકા ચૈતાઃ સપ્ત પુર્યોઽત્ર મોક્ષદાઃ ॥

(સ્કન્દપુરાણ, કાશીપર્વ - ૬/૬૮)

'આ મનુષ્યલોકમાં કાશી, કાંચી, માયાખ્યા (લક્ષ્મણઝૂલાથી કનખલ સુધી), અયોધ્યા, દ્વારકા, મથુરા અને અવન્તી (ઉજ્જૈન) – આ સાત પુરીઓ મોક્ષ આપનારી છે.'

આ સિવાય બદરિકાશ્રમ, સેતુબંધ-રામેશ્વર, જગન્નાથપુરી, કુરુક્ષેત્ર, પ્રયાગ, પુષ્કર વગેરે તીર્થોમાં વાસ કરવાથી અને મરવાથી પણ મનુષ્યની મુક્તિ થવાનું વર્ણન શાસ્ત્રોમાં મળે છે.

તીર્થયાત્રાનું વાસ્તવિક પ્રયોજન છે – આત્માનો ઉદ્ધાર કરવો. આ લોક અને પરલોકના ભોગોની પ્રાપ્તિ માટે તો બીજાં પણ ઘણાંબધાં સાધન છે. તેથી મનુષ્યે ભોગોની પ્રાપ્તિ માટે તીર્થયાત્રા નહીં કરતાં આત્માના કલ્યાણ માટે જ તીર્થયાત્રા કરવી જોઈએ. જે મનુષ્ય આત્મકલ્યાણના ઉદ્દેશ્યથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિયમપાલન કરતો રહીને તીર્થયાત્રા કરે છે તેને તીર્થથી મહાન લાભ થાય છે. જેમ સૂર્યના તાપ વિનાના પ્રાતઃકાળ કે સંધ્યાકાળના ઉત્તમ સમયે તથા ઉત્તમ પુરુષોના સંગ અને તેમની સાથે વાર્તાલાપના સમયે સ્વાભાવિક જ મનુષ્યની ચિત્ત-વૃત્તિઓ શાંત અને સાત્ત્વિક રહે છે તેવી જ રીતે ચિત્રકૂટ, ઋષિકેશ, વૃંદાવન વગેરે તીર્થસ્થાનોમાં જઈને ત્યાં એકાંત વનમાં શ્રદ્ધા-ભક્તિ અને નિયમપાલનપૂર્વક નિવાસ કરવાથી ત્યાંના પવિત્ર પરમાણુઓનો પ્રત્યક્ષ

પ્રભાવ પડે છે અને ભજન-ધ્યાનમાં સહાય મળે છે; કેમ કે તીર્થોમાં અધ્યાત્મસંબંધી પરમાણુ સ્વાભાવિક જ વ્યાપ્ત રહે છે. તેમનો સાધારણ રીતે ત્યાં રહેનારા બધા જ લોકો પર પ્રભાવ પડે છે, તો પછી જેમનું હૃદય શુદ્ધ હોય છે તે શ્રદ્ધાળુ મનુષ્યો પર તો તેનો પ્રભાવ વિશેષરૂપે પડે છે. જેમ સૂર્યપ્રકાશ બધી જગ્યાએ સમાન ભાવે હોય છે છતાં પણ દર્પણ પર તેનો પ્રભાવ વિશેષરૂપે પડે છે તેવી જ રીતે ઈશ્વર અને મહાત્માઓનો પ્રભાવ બધી જગ્યાએ સમાનભાવે હોય છે છતાં પણ જેમનામાં શ્રદ્ધાભક્તિ અને અંતઃકરણની પવિત્રતા હોય છે તેમના પર તેમનો વિશેષ પ્રભાવ પડે છે.

તેથી મનુષ્યે શ્રદ્ધા-ભક્તિપૂર્વક વિધિ અને નિયમોનું પાલન કરતા રહીને જ તીર્થયાત્રા કરવી જોઈએ. તીર્થ-યાત્રા વખતે જીવોને પગથી બચાવતા રહીને, વાણી અને મનથી ભગવાનના નામનો જપ અને તેમના સ્વરૂપનું ધ્યાન કરતા રહીને અથવા ભગવાનના નામ અને ગુણોનું કીર્તન કરતા રહીને ચાલવું જોઈએ. આ જ પ્રમાણે શ્રીગંગા, યમુના, સિંધુ, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, કાવેરી, કૃષ્ણ, સરયૂ, માનસરોવર, કુરુક્ષેત્ર, પુષ્કર, ગંગાસાગર વગેરે તીર્થોમાં જઈને તેમના ગુણ, પ્રભાવ, તત્ત્વ, રહસ્ય અને મહિમાનું સ્મરણ કરતા રહીને આત્મ-શુદ્ધિ અને કલ્યાણ માટે પહેલાં તો તેમને નમસ્કાર કરવા, પછી તીર્થજળ માથે ચડાવવું; ત્યારપછી તેમની પુષ્પો વગેરેથી પૂજા કરીને આચમન અને સ્નાન કરવું; પરંતુ તીર્થજળમાં વસ્ત્ર નિચોવવાં નહીં તથા તીર્થના જળથી ગુદા-પ્રક્ષાલન વગેરે કામ કરવાં નહી. તીર્થના કિનારે મળ-મૂત્રનો ત્યાગ તો ક્યારેય ભૂલથી પણ કરવો નહીં; ત્યાંથી સો ડગલાં દૂર જઈને કરવો. મળત્યાગ કર્યા પછી અપવિત્ર હાથોને ગંગા વગેરે તીર્થોના જળથી ધોવા નહીં તથા ગંગા વગેરેનાં જળમાં ક્યારેય દાતણ-કોગળા કરવાં નહીં.

તીર્થસ્થાનોમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીશિવ, શ્રીવિષ્ણુ, શ્રીદુર્ગા વગેરે

ભગવદ્-વિગ્રહોનું શ્રદ્ધા-પ્રેમપૂર્વક દર્શન કરતા રહીને તેમના ગુણ, પ્રભાવ, લીલા, તત્ત્વ, રહસ્ય, મહિમા વગેરેનું સ્મરણ કરતાં કરતાં દિવ્ય સ્તોત્રો વડે આત્મોદ્ધાર માટે તેમની સ્તુતિ-પ્રાર્થના, પૂજા કરવી જોઈએ અને નમસ્કાર કરવા જોઈએ. તેમ જ પોત-પોતાના અધિકાર અનુસાર સંધ્યા, તર્પણ, જપ, ધ્યાન, પૂજા-પાઠ, સ્વાધ્યાય, હવન, બલિવૈશ્વદેવ, સેવા વગેરે નિત્ય અને નૈમિત્તિક કર્મો નિયત સમયે કરવાની વિશેષ કોશિશ કરવી જોઈએ. જો કોઈ પણ વિશેષ કારણસર સમયનું ઉલ્લંઘન થાય તોપણ કર્મનું ઉલ્લંઘન કરવું નહીં જોઈએ. ગીતા-રામાયણ વગેરે શાસ્ત્રોનું અધ્યયન, ભગવાનના નામનો જપ, સૂર્ય ભગવાનને અર્ઘ્યદાન, ઇષ્ટદેવની પૂજા, ધ્યાન, સ્તુતિ, નમસ્કાર અને પ્રાર્થના વગેરે તો બધા વર્ણો અને આશ્રમોવાળાં સ્ત્રી-પુરુષોએ અવશ્ય જ કરવાં જોઈએ. તીર્થોમાં જઈને યજ્ઞ, તપ, દાન, શ્રાદ્ધ-તર્પણ, પિંડદાન, વ્રત, ઉપવાસ વગેરે પણ પોતાના અધિકાર અનુસાર કરવાં જોઈએ.

તીર્થોમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ યમોનું તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ નિયમોનું* પાલન પણ વિશેષરૂપે કરવું જોઈએ. ભોગ અને ઐશ્વર્યને અનિત્ય સમજીને વિવેક-વૈરાગ્ય વડે વશ કરેલાં મન અને ઇન્દ્રિયોને શરીર-નિર્વાહ ઉપરાંતના પોતપોતાના વિષયોમાંથી હટાવવાની કોશિશ કરવી જોઈએ તથા કીર્તન અને સ્વાધ્યાય ઉપરાંતના સમયમાં મૌન રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ; કેમ કે મૌન રહેવાથી જપ અને ધ્યાનના સાધનમાં વિશેષ મદદ મળે છે. જો ખાસ કામને લીધે બોલવું પડે તો સત્ય, પ્રિય અને હિતકર વચન બોલવાં જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં વાણીના તપની પરિભાષા કરતાં કહ્યું છે –

---

* અહિંસાસત્યાસ્તેયબ્રહ્મચર્યાપરિગ્રહા યમાઃ । (યોગદર્શન - ૨/૩૦)
શૌચસંતોષતપઃસ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ નિયમાઃ । (યોગદર્શન - ૨/૩૨)

અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥

(ગીતા - ૧૭/૧૫)

'જે ઉદ્વેગ નહીં કરનારું, પ્રિય અને હિતકારક તથા યથાર્થ ભાષણ છે તથા જે વેદ-શાસ્ત્રોના પઠન તેમ જ પરમેશ્વરના નામ-જપનો અભ્યાસ છે તેને જ વાણીસંબંધી તપ કહેવામાં આવે છે.'

તીર્થોમાં કામ, ક્રોધ, લોભ વગેરેને વશ થઈને કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે સહેજ પણ દુઃખ ક્યારેય પહોંચાડવું નહીં જોઈએ તથા સાધુ, બ્રાહ્મણ, તપસ્વી, બ્રહ્મચારી, વિદ્યાર્થી વગેરે સત્પાત્રોની તેમ જ દુઃખી, અનાથ, આતુર, અંગહીન, બીમાર અને સાધક પુરુષોની અન્ન, વસ્ત્ર, ઔષધ અને ધાર્મિક પુસ્તકો વગેરે વડે યથાયોગ્ય સેવા કરવી જોઈએ.

તીર્થોમાં નિવાસસ્થાન અને વાસણો ઉપરાંતની, કોઈની પણ કોઈ પણ વસ્તુ કામમાં લેવી જોઈએ નહીં; માગ્યા વગર આપવામાં આવે તોપણ મફતમાં તેને સ્વીકારવી જોઈએ નહીં તથા તથા સગાં-સંબંધી, મિત્રો વગેરેની ભેટ-સૌગાદ વગેરે પણ લેવી જોઈએ નહીં. અનુમતિ વગર તો કોઈની પણ કોઈ પણ વસ્તુ ખપમાં લેવી એ ચોરી સમાન છે. વિનામૂલ્ય (મફતમાં) ઔષધ વગેરે પણ લેવાં એ પ્રતિગ્રહ જ છે.

તીર્થોમાં મન, વાણી અને શરીરથી બ્રહ્મચર્યના પાલન પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. સ્ત્રીએ પર-પુરુષનું અને પુરુષે પર-સ્ત્રીનું દર્શન, સ્પર્શ, ભાષણ અને ચિંતન વગેરે પણ ક્યારેય નહીં કરવાં જોઈએ. જો ખાસ જરૂર પડે તો સ્ત્રીઓ પર-પુરુષ સાથે તેને પિતા કે ભાઈ સમાન સમજીને અને પુરુષો પર-સ્ત્રી સાથે તેને માતા કે બહેન સમાન સમજીને, નીચી દૃષ્ટિ રાખીને સંક્ષેપમાં શાસ્ત્રાનુકૂળ વાર્તાલાપ કરી શકે છે. જો એકના ઉપર બીજાની, ભૂલથી પણ પાપબુદ્ધિ થઈ જાય તો ઓછામાં ઓછા એક દિવસનો ઉપવાસ કરવો જોઈએ.

એશ-આરામ, સ્વાદ, શોખ અને ભોગબુદ્ધિથી તીર્થોમાં નહીં તો કોઈ પદાર્થનો સંગ્રહ કરવો જોઈએ અને નહીં તો તેનું સેવન પણ કરવું જોઈએ. કેવળ શરીર-નિર્વાહ માટે ત્યાગ અને વૈરાગ્યબુદ્ધિપૂર્વક અન્ન-વસ્ત્રનો ઉપયોગ કરવો જોઈએ.

તીર્થોમાં પોતાની કમાણીના ધન (દ્રવ્ય)થી પવિત્રતાપૂર્વક સિદ્ધ કરેલું (રાંધેલું) અન્ન અને દૂધ-ફળ વગેરે સાત્ત્વિક પદાર્થોનું જ ભોજન કરવું જોઈએ. સ્વાર્થરહિત અને અહંકારરહિત બનીને બધાંની સાથે દયા, વિનય અને પ્રેમપૂર્ણ સાત્ત્વિક વ્યવહાર કરવો જોઈએ તથા કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-મત્સર, રાગ-દ્વેષ, દંભ-કપટ, પ્રમાદ-આળસ વગેરે દુર્ગુણોનો; બીડી-સિગારેટ, તમાકૂ-ગાંજો ભાંગ-સુરતી, અફીણ-ચરસ, કોકિન વગેરે માદક વસ્તુઓનો; લસણ-ડુંગળી, બિસ્કીટ-બરફ, સોડા-લેમોનેડ વગેરે અપવિત્ર પદાર્થોનો; પત્તાંબાજી-ચોપાટ, શતરંજની રમત અને નાટક, સિનેમા તથા અન્ય પ્રકારના ખેલ-તમાશા, બાગ-બગીચા, મહેલ વગેરેનો, વિલાસની વસ્તુઓ જોવી વગેરે પ્રમાદનો તથા ગાળાગાળી, ચાડી-નિંદા, ઠઠ્ઠા-મશ્કરી, ફાલતુ બકવાસ, આક્ષેપ વગેરે વ્યર્થ વાર્તાલાપનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ઠંડી-ગરમી, સુખ-દુઃખ અને અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થો પ્રાપ્ત થવાથી તેમને ભગવાને મોકલેલો પુરસ્કાર માનીને હંમેશાં સર્વથા પ્રસન્નચિત્ત અને સંતુષ્ટ રહેવું જોઈએ.

તીર્થયાત્રામાં પોતાના સાથીઓ પૈકીના કોઈના પર અથવા પોતાના કોઈ આશ્રિત પર બીમારી વગેરે વિપત્તિ આવી પડે ત્યારે કામ, ક્રોધ, લોભ, પરિશ્રમ કે ભયને કારણે તેને માર્ગમાં એકલો છોડીને આગળ નહીં જવું જોઈએ. પોતાનો પરમધર્મ સમજીને મહારાજ યુધિષ્ઠિર તો પોતાની સાથે આવનારા કૂતરાને પણ છોડીને સ્વર્ગમાં ન ગયા. જે લોકો પોતાના કોઈ સાથી કે આશ્રિતના બીમાર પડી જવાથી તેને માર્ગમાં જ છોડીને તીર્થ-સ્નાન, ભગવદ્વિગ્રહનાં દર્શન વગેરે માટે આગળ નીકળી

જાય છે તેમના પર ભગવાન પ્રસન્ન ન થતાં, ઊલટાનું અપ્રસન્ન થાય છે; કેમ કે પરમાત્મા જ સૌના આત્મા છે – આ સિદ્ધાંત અનુસાર તે આપત્તિગ્રસ્ત સાથીનો તિરસ્કાર એ પરમાત્માનો જ તિરસ્કાર છે. તેથી વિપત્તિગ્રસ્ત સાથીનો ત્યાગ તો ભૂલથી પણ ક્યારેય નહીં કરવો જોઈએ.

તીર્થોમાં કોઈ પણ પ્રકારનું લેશમાત્ર પણ પાપ ક્યારેય નહીં કરવું જોઈએ; કેમ કે જેમ તીર્થોમાં કરેલાં સ્નાન-દાન, તપ-જપ, યજ્ઞ-હવન, વ્રત-ઉપવાસ, ધ્યાન-દર્શન, પૂજા-પાઠ, સેવા-સત્સંગ વગેરે મહાન ફળ આપનારાં બને છે, તેવી જ રીતે ત્યાં કરેલાં અસત્ય-ભાષણ, કપટ, ચોરી, બેઈમાની, દગાબાજી, વિશ્વાસઘાત, માંસભક્ષણ, મદ્યપાન, જુગાર, વ્યભિચાર, હિંસા વગેરે પાપો વજ્રલેપ બની જાય છે.

શાસ્ત્રોમાં તીર્થોનો ઘણો ભારે મહિમા ગાવામાં આવ્યો છે. શ્રીમહાભારતમાં પુલસ્ત્ય ઋષિએ કહ્યું છે –

પુષ્કરે તુ કુરુક્ષેત્રે ગઙ્ગાયાં મધ્યમેષુ ચ ।
સ્નાત્વા તારયતે જન્તુઃ સપ્તાવરાંસ્તથા ॥

(મહાભારત, વનપર્વ - ૮૫/૯૨)

'પુષ્કર, કુરુક્ષેત્ર, ગંગા, પ્રયાગ વગેરે મધ્યવર્તી તીર્થોમાં સ્નાન કરનારો મનુષ્ય પોતાની પાછળની સાત અને આગળની સાત પેઢીઓનો ઉદ્ધાર કરી દે છે.'

આવા તીર્થ-માહાત્મ્યનાં વચનોને લોકો અર્થવાદ અને રોચક માને છે; પરંતુ તેમને અર્થવાદ અને રોચક નહીં માનતાં, યથાર્થ જ સમજવાં જોઈએ. તેમનું ફળ જો પૂરું જોવામાં નથી આવતું તો એનું કારણ વર્તમાન નાસ્તિક વાતાવરણ, પંડા અને પૂજારીઓનો દુર્વ્યવહાર તથા તીર્થોમાં પાખંડી, નાસ્તિક અને ભયાનક કર્મ કરનારાઓનો નિવાસ વગેરેને લીધે લોકોના હૃદયમાં તીર્થો પ્રત્યેનાં શ્રદ્ધા-વિશ્વાસ અને પ્રેમ ઓછાં થઈ જવાં

એ જ છે; તેથી તીર્થોનો પૂરો લાભ મળતો નથી. પરંતુ જે મનુષ્યો શ્રદ્ધા-ભક્તિપૂર્વક યમ-નિયમોનું પાલન કરતા રહીને તીર્થવાસ વગેરે કરે છે તેમને તીર્થનું પૂરું ફળ પ્રાપ્ત થાય છે.

શ્રીસ્કંદપુરાણમાં કહેવામાં આવ્યું છે –

यस्य हस्तौ च पादौ च मनश्चैव सुसंयतम् ।
निर्विकाराः क्रियाः सर्वाः स तीर्थफलमश्नुते ॥

(સ્કંદપુરાણ, માહે૦ કુમા૦ - ૨/૬)

'જેના હાથ, પગ અને મન સારી પેઠે વશમાં હોય તથા જેની સઘળી ક્રિયાઓ નિર્વિકારભાવથી સંપન્ન હોય તે જ મનુષ્ય તીર્થનું પૂરું ફળ પ્રાપ્ત કરે છે.'

આ પ્રમાણે શ્રીસ્કન્દપુરાણના કાશીખંડમાં બતાવવામાં આવ્યું છે કે અશ્રદ્ધાળુ, પાપાત્મા, નાસ્તિક, સંશયાત્મા અને કેવલ તર્કનો સહારો લેનાર – આ પાંચ પ્રકારના મનુષ્યો તીર્થ-સેવનનું ફળ પામતા નથી.

તેથી આપણે યમ-નિયમોનું પાલન કરતા રહીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિષ્કામભાવે જ તીર્થોનું સેવન કરવું જોઈએ. આનાથી મનુષ્યનું જલદી કલ્યાણ થઈ શકે છે.

તીર્થોમાં જઈને મનુષ્યે મહાત્મા પુરુષોના સત્સંગનો વિશેષરૂપે લાભ ઉઠાવવો જોઈએ. શ્રીસ્કંદપુરાણમાં કહ્યું છે –

मुख्या पुरुषयात्रा हि तीर्थयात्रानुषङ्गतः ।
सद्भिः समाश्रितो भूमिभागस्तीर्थतयोच्यते ॥

(માહે૦ કુમા૦ - ૧૧/૧૧)

'તીર્થયાત્રાના પ્રસંગથી મહાપુરુષોનાં દર્શન માટે જવું એ તીર્થયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય છે; તેથી જે ભૂભાગમાં સંત-મહાત્માઓ નિવાસ કરે છે તે વિશેષ 'તીર્થ' કહેવાય છે.'

કેમ કે ભગવદ્ભક્ત મહાત્મા પુરુષોને 'તીર્થોને પણ તીર્થત્વ પ્રદાન

કરનારા' કહેવામાં આવ્યા છે. શ્રીનારદજીએ પોતાનાં ભક્તિસૂત્રોમાં કહ્યું છે –

ભક્તા એકાન્તિનો મુખ્યાઃ। કણ્ઠાવરોધરોમાઞ્ચાશ્રુભિઃ પરસ્પરં લપમાનાઃ પાવયન્તિ કુલાનિ પૃથિવીં ચ। તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સુકર્મીકુર્વન્તિ કર્માણિ સચ્છાસ્ત્રીકુર્વન્તિ શાસ્ત્રાણિ।

(શ્રીનારદભક્તિસૂત્ર - ૬૭, ૬૮, ૬૯)

'એકાન્ત (અનન્ય) ભક્ત જ શ્રેષ્ઠ છે. પ્રેમને કારણે જેમનો કંઠ રુંધાઈ જાય છે, શરીર પુલિકત થઈ જાય છે અને આંખોમાં પ્રેમનાં આંસુઓની ધારા વહેવા લાગે છે તેવા અનન્ય ભક્તો પરસ્પર વાર્તાલાપ કરતા રહીને પોતાનાં કુળોને અને પૃથ્વીને પવિત્ર કરે છે. તેઓ તીર્થોને સુતીર્થ, કર્મોને સુકર્મ અને શાસ્ત્રોને સત્-શાસ્ત્રો કરી દે છે.'

શ્રીમદ્ભાગવતમાં ધર્મરાજ યુધિષ્ઠિર મહાત્મા વિદુરજીને કહે છે –

ભવદ્વિધા ભાગવતાસ્તીર્થભૂતાઃ સ્વયં પ્રભો।
તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાન્તઃસ્થેન ગદાભૃતા॥

(શ્રીમદ્ભાગવત - ૧/૧૩/૧૦)

'હે પ્રભુ! તમારા જેવા ભગવદ્ભક્તો સ્વયં તીર્થસ્વરૂપ છે; કેમ કે તમે પોતાના હૃદયમાં બિરાજમાન ભગવાન ગદાધરના પ્રભાવથી તીર્થોને પણ તીર્થ (પવિત્ર) બનાવી દો છો.'

તેથી આવા મહાત્મા-પુરુષોના સંગને તીર્થો કરતાં પણ ઉત્તમ બતાવવામાં આવ્યો છે. શ્રીસ્કંદપુરાણમાં આવે છે –

તીર્થાદપ્યધિકઃ સ્થાને સતાં સાધુસમાગમઃ।
પચેલિમફલઃ સદ્યો દુરન્તકલુષાપહઃ॥
અપૂર્વઃ કોઽપિ સદ્રોષ્ઠીસહસ્રકિરણોદયઃ।
ય એકાન્તતયાત્યન્તમન્તર્ગતતમોપહઃ॥

(સ્કંદપુરાણ, માહે૦ કુમા૦ - ૧૧/૬-૭)

'એ સાચું છે કે શ્રેષ્ઠ (શ્રદ્ધાળુ અને સરળહૃદયી) પુરુષોનો સાધુઓ-મહાપુરુષોની સાથેનો સમાગમ તીર્થ કરતાં પણ ઉત્તમ છે; કેમ કે તેનું પરિપક્વ ફળ તરત મળે છે તથા તે અત્યંત દુરન્ત અર્થાત્ મુશ્કેલીથી દૂર થાય તેવાં પાપોનો પણ નાશ કરી દે છે. શ્રેષ્ઠ પુરુષોનો સંગ હજારો કિરણોથી પ્રકાશમાન સૂર્યોદય જેવો અદ્‌ભુત પ્રભાવશાળી છે; કેમ કે તે અંતઃકરણમાં વ્યાપ્ત અજ્ઞાનરૂપી અંધકારનો અત્યંત નાશ કરનારો છે.

તેથી શ્રીરામચરિતમાનસમાં સંત-મહાત્માઓને 'જંગમ તીર્થરાજ' બતાવવામાં આવ્યા છે –

મુદ મંગલમય સંત સમાજૂ। જો જગ જંગમ તીરથરાજૂ॥

(રામચરિતમાનસ, બાલકાંડ - ૨/૪)

તેથી જ તીર્થોમાં જઈને મનુષ્યે સાધુ, મહાત્મા, જ્ઞાની, યોગી અને ભક્તોનાં દર્શન, સેવા, સત્સંગ, વંદન, ઉપદેશ, આદેશ અને વાર્તાલાપ વડે વિશેષ લાભ ઉઠાવવા માટે તેમની ખોજ કરવી જોઈએ. ભગવાને અર્જુન પ્રત્યે ગીતામાં કહ્યું છે –

તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ॥

(ગીતા - ૪/૩૪)

'તે જ્ઞાન તું તત્ત્વદર્શી જ્ઞાનીઓની પાસે જઈને સમજ; તેમને સારી રીતે દંડવત્ પ્રણામ કરવાથી, તેમની સેવા કરવાથી અને તેમને કપટ છોડીને સરળતાપૂર્વક પ્રશ્ન કરવાથી પરમાત્મતત્ત્વને સમ્યક્‌પણે જાણનારા તે જ્ઞાની મહાત્માઓ તને તે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.'

પરંતુ કંચન-કામિનીના લોલુપ, પોતાનાં નામરૂપની પૂજા કરાવીને લોકોને પોતાનું ઉચ્છિષ્ટ (એંઠું) અન્ન ખવડાવનારા, માન, મોટાઈ અને પ્રતિષ્ઠાના ગુલામ, પ્રમાદી અને વિષયાસક્ત પુરુષોનો સંગ ભૂલથી પણ

કરવો જોઈએ નહીં; પછી ભલેને તેઓ સાધુ, બ્રહ્મચારી અને તપસ્વીના વેશમાં પણ કેમ ન હોય. માંસાહારી, માદક પદાર્થોનું સેવન કરનારા, પાપી, દુરાચારી અને નાસ્તિક પુરુષોનું તો દર્શન પણ કરવું જોઈએ નહીં.

તીર્થોમાં કોઈ કોઈ સ્થળે તો પંડા-પૂજારીઓ, મહંતો વગેરે યાત્રીઓને અનેક પ્રકારે પરેશાન કરતા રહે છે. યાત્રા સફળ કરાવવાના નામે દુરાગ્રહપૂર્વક વધારે ધન લેવા માટે હઠ કરવી, દેવ-મંદિરોમાં પૈસા લીધા વગર દર્શન નહીં કરાવવાં, ભેટ લીધા વગર સ્નાન નહીં કરવા દેવું, યાત્રીઓને ધમકાવીને અને પાપનો ભય બતાવીને જબરદસ્તીથી રૂપિયા પડાવવા, મંદિરો અને તીર્થોમાં ભોગ-ભંડારો વગેરે કરાવવાના નામે વધારે ભેટ ચડાવવા માટે અનુચિત દબાણ કરવું, પોતાનાં સ્થાનો પર ઉતારો આપીને વધારે ધન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો, સફેદ સમડી (કાઁક) પક્ષીઓને ઋષિ અને દેવતાનું રૂપ આપીને અને તેમનું એંઠું ખવડાવીને ભલાભોળા યાત્રીઓ પાસેથી ધન લૂંટવું તથા દેવમૂર્તિઓ વડે શરબત પિવાવો વગેરે જુઠ્ઠી કરામતો પ્રસિદ્ધ કરીને લોકોને ઠગવા વગેરે કામો નિંદનીય છે. તેથી તીર્થયાત્રીઓએ આ બધાથી સાવધાન રહેવું જોઈએ.

સ્ત્રી માટે પતિ, બાળકો માટે માતા-પિતા તથા શિષ્ય માટે ગુરુ પણ જંગમ (હરતુંફરતું) તીર્થ છે. તેથી મનુષ્યે તીર્થયાત્રા તેમની સાથે અથવા તેમની આજ્ઞાથી કરવી જોઈએ, તો જ તીર્થયાત્રા સફળ થાય છે; કેમ કે આ બધાં સાક્ષાત્ સજીવ તીર્થો છે. તેથી તેમની સેવા-શુશ્રૂષા કરવાનું માહાત્મ્ય તીર્થયાત્રા કરતાં અધિક છે. તેથી મનુષ્યે તેમના હિતમાં રત રહીને નિષ્કામ પ્રેમભાવથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક તેમની સેવા કરવી જોઈએ, તેમને વંદન કરવાં જોઈએ અને તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

આ પ્રમાણે સત્ય, ક્ષમા, દયા, તપ, દમ, સંતોષ, ધૈર્ય, ધર્મપાલન, અંતઃકરણની પવિત્રતા તથા જ્ઞાનપૂર્વક ભગવાનનું ધ્યાન વગેરે તો તીર્થો

કરતાં પણ ઉત્તમ છે. તેમને શાસ્ત્રોમાં 'માનસતીર્થ' કહેવામાં આવ્યાં છે –

ધ્યાનપૂતે જ્ઞાનજલે રાગદ્વેષમલાપહે ।
ય સ્નાતિ માનસે તીર્થે સ યાતિ પરમાં ગતિમ્ ॥

(સ્કન્દપુરાણ, કાશી૦ પૂર્વ૦ - ૬/૪૧)

'ધ્યાનથી પવિત્ર, જ્ઞાનરૂપી જળથી ભરેલા તથા રાગદ્વેષરૂપી મળને દૂર કરનાર માનસતીર્થમાં જે મનુષ્ય સ્નાન કરે છે તે પરમ ગતિને પ્રાપ્ત કરે છે.'

તેથી જ મનુષ્યે સંગથી બચીને તીર્થોમાં શ્રદ્ધા-પ્રેમ રાખતા રહીને સાવધાની સાથે મહાપુરુષોનો સંગ કરીને અને ઉપર્યુક્ત યમ-નિયમ વગેરેનું સારી પેઠે પાલન કરીને તીર્થોથી લાભ ઉઠાવવો જોઈએ. જો આ નિયમોના પાલનમાં ક્યાંક કંઈ કમી પણ રહી જાય તો એટલું નુકસાન નથી; હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં ભગવાનના નામના જપ તથા ગુણ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્ય સહિત તેમના સ્વરૂપનું ધ્યાન તો સદા-સર્વદા નિરંતર જ કરવાની કોશિશ કરવી જોઈએ. એમાં ત્રુટિ રહેવી નહીં જોઈએ.

તીર્થયાત્રીઓ માટે ઉપર્યુક્ત વાતો ઘણી જ ઉપયોગી છે, તેથી તેમને અવારનવાર વાંચીને કાર્યાન્વિત કરવાની કોશિશ અવશ્ય કરવી જોઈએ. એ વાતોને કાર્યાન્વિત કરવાથી નિશ્ચિતપણે જ મનુષ્યનો સુધાર થવાથી તેનો ઉદ્ધાર થઈ શકે છે.

ભારતનું પરમ હિત

અત્યારે બધી બાજુએ ઉન્નતિનો પોકાર મચી રહ્યો છે; પરંતુ 'યથાર્થ ઉન્નતિ' શી છે અને શામાં છે તેનો વિચાર બહુ જ થોડો કરવામાં આવે છે. ધનસંપત્તિ, વિલાસ, ભૌતિક સુખ કે પદમાં ઉન્નતિ નથી. વાસ્તવિક ઉન્નતિ તો તેમાં જ છે કે જેમાં મનુષ્યોનું જીવન-સ્તર નૈતિકતા તથા સદાચારની દૃષ્ટિએ ઊંચું હોય, તેમનામાં 'સર્વ-ભૂત-હિત'ની સાચી ભાવના જાગ્રત હોય, ઇન્દ્રિયો પર અને મન પર સ્વામિત્વ (પ્રભુત્વ) હોય, જીવનમાં સંયમ અને સેવાનો સ્વભાવ હોય તથા જેનાથી આ લોકમાં અને પરલોકમાં સૌનું સર્વ પ્રકારે હિત થતું હોય અને સાથે જ માનવી પોતાના પરમહિતરૂપી પરમાત્માની પ્રાપ્તિની દિશામાં અગ્રેસર હોય – આ જ યથાર્થ ઉન્નતિ છે. આ ઉન્નતિનું પરમ (શ્રેષ્ઠ) સાધન છે – 'ધર્મ અને ઈશ્વરમાં નિષ્ઠા તથા વિશ્વાસ.'

જ્યાં સુધી ભારતમાં ધર્મ અને ઈશ્વરમાં નિષ્ઠા અને વિશ્વાસ રહ્યાં, મનુષ્યો ઈશ્વરના આશ્રિત અને ધર્મપરાયણ રહ્યા ત્યાં સુધી ભારતની ઉત્તરોત્તર ઉન્નતિ થતી રહી. પછી, જેમ જેમ એમાં કમી આવતી ગઈ તેમ તેમ જ ભારત દેશ અવનતિ (અધોગતિ)ની ખાઈમાં પતન પામતો ગયો. આજના ભારતની તો ખરેખર જ ઘણી શોચનીય સ્થિતિ છે. ધર્મ અને ઈશ્વરના તત્ત્વને નહીં સમજવાને કારણે ઘણા લોકો તો ધર્મ અને ઈશ્વરને માનતા જ નથી; કેટલાક લોકો ધર્મ અને ઈશ્વરનો સ્વીકાર તો કરે છે પણ હૃદયથી માનતા નથી. તેથી તેમનો સ્વીકાર પણ કહેવા પૂરતો જ હોય છે અને તે જ કારણે તેમને વિશેષ લાભ પણ થતો નથી. ધર્મ અને ઈશ્વરને માનનારાઓમાં કેટલાક લોકો એવા છે કે જેમનામાં આત્મબળ નથી. જેમનામાં થોડુંઘણું આત્મબળ છે તેમની સંખ્યા ઓછી છે અને તેમનું કાંઈ ચાલતું પણ નથી. શિક્ષણમાં ધર્મનું વિશિષ્ટ સ્થાન નહીં રહેવાને કારણે

શિક્ષિત મનુષ્યો – કે જેઓ સમાજનાં બધાં જ ક્ષેત્રોમાં સ્વાભાવિક રીતે જ અગ્રણી હોય છે – ધર્મ અને ઈશ્વરને મહત્ત્વ આપી શકતા નથી. આ જ બધાં કારણોથી યથાર્થ ઉન્નતિની દૃષ્ટિએ ભારતનો દિવસે-દિવસે હ્રાસ અને વિનાશ જ થઈ રહ્યો છે.

ધર્મ અને ઈશ્વરમાં નિષ્ઠા નહીં હોવાને કારણે જ 'યથાર્થ કર્તવ્ય' પ્રત્યે ધ્યાન ઓછું થઈ ગયું અને અનર્થકારી અર્થનું (ધનસંપત્તિનું) પ્રાધાન્ય વધી ગયું. સરકારી અધિકારીઓમાં લાંચ-રુશવતનો ફેલાવો થઈ ગયો. અન્યાય અને અસત્યના માર્ગેથી આવતા ધનને લીધે સૌની ગ્લાનિ (લાગણી) મરી પરવારી. ચારે બાજુ કાળાબજાર, ઠગાઈ અને ભ્રષ્ટાચારનો વિસ્તાર થઈ ગયો. કર્તવ્યપાલનના સ્થાને એશ-આરામ અને દગાબાજી આવી ગયાં. આને લીધે મજૂર અને માલિક વચ્ચેનો પવિત્ર સંબંધ પણ દૂષિત થઈ ગયો. શાળા અને કૉલેજોમાં ગુરુ-શિષ્યનો પવિત્ર આદર્શ નષ્ટ થઈ ગયો. આમ, સર્વત્ર ઉચ્છૃંખલતા, સ્વેચ્છાચારીપણું અને ધર્મહીનતા આવી ગયાં. અ-સદાચાર અને અ-નૈતિકતાના આ પૂરને રોકવામાં નહીં આવે તો ખબર નહીં, આપણી શી દશા થશે.

આ જ આર્થિક અને લૌકિક મહત્તાના પ્રભાવથી આપણી સરકારે પણ જાત-જાતના નવા-નવા ટેક્સ (કરવેરા) નાખવાને બાધ્ય થવું પડી રહ્યું છે. જ્યારે ખર્ચનું ઘણું મોટું આયોજન સામે હશે તો તેની પૂર્તિ માટે કરવેરા નાખવા અને વધારવા પડશે જ; પરંતુ તે કરવેરાઓથી ગરીબ તથા મધ્યમ-આર્થિક સ્થિતિની જનતાનું જીવન કષ્ટમય થઈ જાય છે. જેમના લીધે જ્ઞાન-પ્રસારમાં અવરોધ આવતો હોય એવા કરવેરા નાખવામાં ન આવે તો તે ઘણું ઉત્તમ છે. જેમ કે, ઉદાહરણ તરીકે – ઘઉં, ચોખા, ખાંડ, મીઠું, કપડાં વગેરે ખાવા-પીવા-પહેરવાની આવશ્યક ચીજો પર કર નાખવાથી ગરીબ અને મધ્યમ-આર્થિક સ્થિતિના લોકોનો જીવન-નિર્વાહ ઘણો મુશ્કેલ થઈ રહ્યો છે. અમારી પાસે એવા ઘણાબધા લોકો આવે છે અને પોતાની કપરી

પરિસ્થિતિનું વર્ણન કરે છે. આ જ પ્રમાણે કાગળ, કૉપી, પુસ્તક વગેરે પર કર નાખવાથી ગરીબ વિદ્યાર્થીઓ પરનો ખર્ચનો બોજો વધી ગયો છે. પાર્સલ, રજિસ્ટર, મની-ઑર્ડર વગેરેના દર વધી જવાથી જનતાની મુશ્કેલી વધી ગઈ છે. તેથી અમે આપણી સરકારને વિનયપૂર્વક અનુરોધ કરીએ છીએ કે તે આ બાબત પર વિચાર કરે અને યોગ્ય વ્યવસ્થા કરે, કે જેથી જનતાનું જીવન વધતી જતી મુશ્કેલીઓમાંથી છુટકારો મેળવી શકે.

એક બીજી આવશ્યક બાબત છે. અહીં સમાજસુધારાની દૃષ્ટિએ ધર્મસ્થાનોની સંપત્તિ વગેરે તથા સાધુઓ અંગે જે નવા કાયદા બન્યા છે અથવા બનતા જાય છે તેના પરથી ખબર પડે છે કે આ બધા કાયદાઓ ઘણું કરીને હિંદુઓ માટે જ બને છે. ભારતમાં શાસ્ત્રોને માનનારા અને તેમનામાં શ્રદ્ધા રાખનારા એવા ઘણા લોકો છે કે જેમનો કોઈ રાજકીય દળ (પક્ષ) સાથે કોઈ સંબંધ નથી; અને તેઓ કોઈ પણ રાગ-દ્વેષ વિના પોતાના સરળ-સહજ વિશ્વાસ મુજબ એવું માને છે કે આ કાયદાઓથી પરંપરાગત હિંદુ ધર્મને આઘાત પહોંચ્યો છે અથવા આઘાત પહોંચી રહ્યો છે. તેથી જેમ ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ ધર્મ, તેમનાં ગિરજાઘરો અને મસ્જિદો, તેમના પાદરી-પીર-ફકીર-કાજીઓ, તેમના સામાજિક આચારો વગેરે બાબતે સરકાર કોઈ પણ કાયદો નહીં બનાવીને તેમની ધાર્મિક માન્યતાઓને સુરક્ષિત રાખે છે – કે જે ઉચિત જ છે, તેવી જ રીતે હિંદુ ધર્મની માન્યતાઓને પણ સુરક્ષિત રાખવી એ સરકારનું કર્તવ્ય છે. તેથી ભારતની હિંદુ પ્રજા સરકારને વિનયપૂર્વક પ્રાર્થના કરે છે કે સરકાર એવો કોઈ કાયદો ન બનાવે કે જેનાથી સનાતનધર્મી, આર્યસમાજી, બૌદ્ધ, જૈન, શીખ વગેરે હિંદુઓના ધર્મને, તેમનાં મઠ-મંદિર-ગુરુદ્વારા કે પૂજાસ્થાનોને તથા તેમના સાધુ-સંન્યાસીઓ અને ભિખ્ખુઓને આઘાત પહોંચતો હોય.

સાથે જ એવી પણ વિનંતી છે કે અહીં કેટલાક સમયથી ખ્રિસ્તી લોકો ભલાભોળા ગરીબ હિંદુ ભાઈ-બહેનોને ફોસલાવીને અને પ્રલોભન દેખાડીને

તેમનું ધર્મ-પરિવર્તન કરી રહ્યા છે; તેમના પર તત્કાળ કડક પ્રતિબંધ લગાડવામાં આવે. ગો-વધને સર્વથા બંધ કરવા માટે બધા જ પ્રદેશોમાં કાયદા બનવા જોઈએ અને જ્યાં આવા કાયદા બની ચૂક્યા છે ત્યાં સાવધાનીપૂર્વક તેમનો અમલ કરવામાં આવે. સ્વાસ્થનાશક તથા ગો-વધમાં સહાયક બનતા વનસ્પતિ-ઘીનો પ્રચાર પણ કાયદા દ્વારા તત્કાળ રોકવામાં આવે.

હાથથી બનેલી ચીજો અને હાથે વણેલાં કપડાંના પ્રચારમાં સહાય કરવામાં આવે અને તેમને વિશેષ સુવિધાઓ આપવામાં આવે, કે જેથી ગરીબ પ્રજા પરિશ્રમ કરીને પોતાનો જીવનનિર્વાહ કરી શકે. અનાજ, ખાંડ, તેલ, કાપડ વગેરેની મિલોનું વિસ્તરણ થવાથી ઘાણી, કોલું, ચરખો, સાળ વગેરે ચલાવનારા ગરીબોના રોજગારમાં મોટી મુશ્કેલી આવી ગઈ છે. આ બાબત પ્રત્યે સરકાર ધ્યાન આપી રહી છે અને કેટલાક પ્રકારની સુવિધાઓ સરકારે આપી પણ છે. એ માટે સરકારને ધન્યવાદ છે.

લોકસભા તથા ધારાસભાઓની ચૂંટણીઓ બાબતમાં ઘણાબધા લોકો પૂછે છે કે કોને મત (વોટ) આપવામાં આવે. આના ઉત્તરમાં અમારું નમ્ર નિવેદન છે કે જેઓ વિશાળ હૃદયના સ્વાર્થત્યાગી લોકો હોય, દેશનું યથાર્થ હિત ઇચ્છતા હોય, દેશના હિત માટે પોતાના વ્યક્તિગત હિતનું બલિદાન આપવા તત્પર હોય, દેશના હિતમાં જ પોતાની સ્વાર્થસિદ્ધિ માનતા હોય, ગરીબો અને દુઃખીઓ પ્રત્યે સાચી સહાનુભૂતિ ધરાવતા હોય, અભક્ષ્ય-ભક્ષી ન હોય, સદાચારી હોય, માદક વસ્તુઓના શોખીન ન હોય, સચ્ચરિત્રશીલ હોય, દયાળુ હોય, ગોવધને કાયદા દ્વારા બંધ કરાવવામાં સમર્થન કરનારા હોય, ધર્મવિરુદ્ધના કાયદાઓના વિરોધી હોય અને ઈશ્વર, ધર્મ તથા લોક-પરલોકને માનનારા હોય – એવા જ સજ્જનોના કે માતા-બહેનોના પક્ષમાં વોટ આપવો જોઈએ, ભલે પછી તે કોઈ પણ રાજકીય દળનાં હોય.

બાળકો માટે કર્તવ્ય તથા ઈશ્વર અને પરલોકને માનવાથી લાભ અને નહીં માનવાથી હાનિ

વર્તમાન સમયના દૂષિત વાતાવરણના પ્રવાહમાં વહેતાં બાળકોના હિત માટે, તેમણે કેવી રીતે પોતાનું જીવન વિતાવવું જોઈએ – એ વિષયમાં શાસ્ત્રના આધાર પર પ્રાર્થનાના રૂપમાં વિનયપૂર્વક 'થોડુંક' લખવામાં આવે છે; કેમ કે ઉપદેશ, આદેશ આપવાની નથી તો મારામાં યોગ્યતા અને હું તેનો અધિકારી પણ નથી.

બાળકોએ પોતાના નિમ્નલિખિત કર્તવ્યો પ્રત્યે વિશેષ ધ્યાન આપવું જોઈએ. જેમનાં માતા-પિતા જીવિત છે તેઓ મોટી ઉંમરવાળા હોવા છતાં પણ બાળકવત્ જ છે.

(૧)

માતા-પિતા અને ગુરુજનોની સેવા એ બાળકો માટે પરમ ધર્મ છે. શ્રીમનુજી કહે છે –

ત્રિષ્વેતેષ્વિતિકૃત્યં હિ પુરુષસ્ય સમાપ્યતે ।
એષ ધર્મઃ પરઃ સાક્ષાદુપધર્મોઽન્ય ઉચ્યતે ॥

(મનુસ્મૃતિ - ૨/૨૩૭)

'આ ત્રણે - માતા - પિતા અને ગુરુની સેવાથી જ પુરુષના કર્તવ્યની સમાપ્તિ થઈ જાય છે અર્થાત્ તેને માટે કાંઈ પણ કરવાનું બાકી રહેતું નથી. આ જ સાક્ષાત્ પરમ ધર્મ છે, આના સિવાય બીજા બધા ઉપધર્મ કહેવાય છે.'

અહીં 'સેવા' શબ્દનો અભિપ્રાય છે – તેમની આજ્ઞાનું પાલન કરવું. આજ્ઞાનું પાલન કરવું એ જ સૌથી ઉત્તમ સેવા છે. શ્રી તુલસી-કૃત રામચરિત-માનસના ઉત્તરકાંડમાં ભગવાન શ્રીરામ કહે છે –

સોઇ સેવક પ્રિયતમ મમ સોઈ । મમ અનુસાસન માનૈ જોઈ ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૩/૩)

જોકે તેમના શરીરની સેવા પણ તેમની જ સેવા છે, તોપણ તેમની આજ્ઞા, સંતોષ, સંકેત અને મનને અનુકૂળ તેમની સાથે વ્યવહાર (વર્તાવ) કરવો એ તેમની પરમ સેવા છે. જ્યાં સુધી માતા-પિતા અને આચાર્ય જીવિત છે ત્યાં સુધી પુત્ર અને શિષ્ય માટે બીજા ધર્મોના પાલનની આવશ્યકતા નથી. જો (અન્ય ધર્મોનું) પાલન કરવામાં પણ આવે તો સેવ્ય (સેવા-પાત્ર)ના હિત માટે જ કરવું એ પરમ કર્તવ્ય છે. શ્રીમનુજી કહે છે –

તેષાં ત્રયાણાં શુશ્રૂષા પરમં તપ ઉચ્યતે ।
ન તૈરભ્યનનુજ્ઞાતો ધર્મમન્યં સમાચરેત્ ॥

(મનુસ્મૃતિ - ૨/૨૨૯)

'આ ત્રણેની સેવા જ પરમ તપ કહેવાય છે. તેથી આ ત્રણેની આજ્ઞા સિવાય અન્ય કોઈ ધર્મનું આચરણ નહીં કરવું.'

ત એવ હિ ત્રયો લોકાસ્ત એવ ત્રય આશ્રમાઃ ।
ત એવ હિ ત્રયો વેદાસ્ત એવોક્તાસ્ત્રયોઽગ્નયઃ ॥

(મનુસ્મૃતિ - ૨/૨૩૦)

'કારણ કે આ ત્રણે જ ત્રણે લોક છે, આ જ ત્રણે આશ્રમો છે તથા આ જ ત્રણે વેદો છે અને આમને ત્રણે અગ્નિ કહેવાય છે.'

પિતા વૈ ગાર્હપત્યોઽગ્નિર્માતાગ્નિર્દક્ષિણઃ સ્મૃતઃ ।
ગુરુરાહવનીયસ્તુ સાગ્નિત્રેતા ગરીયસી ॥

(મનુસ્મૃતિ - ૨/૨૩૧)

'પિતા તો ગાર્હપત્ય અગ્નિ છે, માતા દક્ષિણાગ્નિ માનવામાં આવી છે તથા ગુરુ આહવનીય અગ્નિ છે. આ પ્રમાણે આ ત્રણે સર્વોત્તમ અગ્નિ છે.'

ત્રિષ્વપ્રમાદ્યન્નેતેષુ ત્રીંલ્લોકાન્ વિજયેદ્ ગૃહી ।
દીપ્યમાનઃ સ્વવપુષા દેવવદ્ દિવિ મોદતે ॥

(મનુસ્મૃતિ - ૨/૨૩૨)

'આ ત્રણેની સેવામાં ક્યારેય પ્રમાદ નહીં કરનારો ગૃહસ્થ ભૂઃ, ભુવઃ,

સ્વઃ – આ ત્રણે લોકને જીતી લે છે તથા તે પોતાના તેજથી પ્રકાશિત થયેલો, દેવતાઓની જેમ, સ્વર્ગમાં આનંદ પ્રાપ્ત કરે છે.'

ઇમં લોકં માતૃભક્ત્યા પિતૃભક્ત્યા તુ મધ્યમમ્ ।
ગુરુશુશ્રૂષયા ત્વેવં બ્રહ્મલોકં સમશ્નુતે ॥

(મનુસ્મૃતિ - ૨/૨૩૩)

'માતૃભક્તિથી મનુષ્ય આ પૃથ્વીલોકનાં, પિતૃભક્તિથી મધ્યમ (અંતરિક્ષ) લોકનાં અને ગુરુસેવાથી બ્રહ્મલોકનાં સુખો ભોગવે છે.'

તૈત્તિરીયોપનિષદમાં આચાર્ય પોતાના સ્નાતક શિષ્યને ઉપદેશ આપતાં આ જ આદેશ આપે છે –

માતૃદેવો ભવ । પિતૃદેવો ભવ । આચાર્યદેવો ભવ ।

(તૈત્તિરીયોપનિષદ - ૧/૧૧)

'માતા, પિતા અને આચાર્યને દેવતા માનનારા બનો.' કારણ કે –

યં માતાપિતરૌ ક્લેશં સહેતે સમ્ભવે નૃણામ્ ।
ન તસ્ય નિષ્કૃતિઃ શક્યા કર્તું વર્ષશતૈરપિ ॥

(મનુસ્મૃતિ - ૨/૨૨૭)

'માતા-પિતા બાળકને જન્મ આપવામાં અને તેનું પાલન-પોષણ કરવામાં જે ક્લેશ સહન કરે છે, તેના બદલામાં બાળક સેંકડો વર્ષ તેમની સેવા કરીને પણ તેમના તે ઋણમાંથી છૂટી શકતો નથી.'

શાસ્ત્રોમાં માતા, પિતા અને ગુરુની સેવાનાં અનેક આદર્શ ઉદાહરણો મળે છે. માતા-પિતાની સેવાના પ્રભાવથી જ ધર્મવ્યાધ ત્રિકાળજ્ઞાની થઈ ગયા. જેમ મનુષ્ય દેવતાઓની પૂજા કરે છે તેમ તેઓ પોતાનાં માતા-પિતાને જ પરમ દેવતા માનીને તેમને પુષ્પોથી, ફળોથી અને ધનથી પ્રસન્ન કરતા હતા. તેઓ સ્વયં તે બંનેના પગ ધોતા, સ્નાન કરાવીને તેમને ભોજન કરાવતા તથા તેમને મીઠાં અને પ્રિય વચનો કહેતા હતા અને તેમને અનુકૂળ વર્તતા હતા. આ પ્રમાણે તેઓ આળસરહિત બનીને, શમ-દમ વગેરે સાધનોમાં સ્થિત રહીને, પોતાનો પરમ ધર્મ સમજીને મન-

વાણી-શરીર વડે, પુત્ર અને પત્નીની સાથે તત્પરતાથી તેમની સેવા કરતા રહેતા હતા. તેના પ્રતાપે તેઓ આ લોકમાં અચળ કીર્તિ અને દિવ્યદૃષ્ટિ મેળવીને ઉત્તમ ગતિ પામ્યા. એમની કથા મહાભારતમાં વનપર્વના ૨૧૪મા અને ૨૧૫મા અધ્યાયોમાં જોવી જોઈએ.

શ્રીકૌશિક મુનિ, કે જેઓ માતા-પિતાની આજ્ઞા લીધા વગર જ તપ કરવા ચાલ્યા ગયા હતા, તેઓ પણ તે ધર્મવ્યાધની સાથે વાર્તાલાપ કરીને, તપ કરતાં પણ માતા-પિતાની સેવાને અધિક સમજીને, ફરી માતા-પિતાની સેવા કરીને ઉત્તમ ગતિ પામ્યા.

મૂક ચાંડાલ પણ માતા-પિતાની સેવાના પ્રભાવથી જ ભગવાનના પરમ ધામમાં સિધાવી ગયા. એમની કથા પદ્મપુરાણના સૃષ્ટિખંડમાં વાંચવી જોઈએ.

એક તપસ્વી વૈશ્ય-મુનિના પુત્ર શ્રવણ પણ માતા-પિતાના ઘણા મોટા ભક્ત થઈ ગયા. સંસારમાં આજે પણ કોઈ માતા-પિતાની સેવા કરે છે તો તેને શ્રવણની ઉપમા આપવામાં આવે છે. શ્રવણની કથા વાલ્મીકીય રામાયણના અયોધ્યાકાંડના ૬૩મા અને ૬૪મા સર્ગોમાં વિસ્તારથી વર્ણવાયેલી છે.

મહારાજ યુધિષ્ઠિર વગેરે પાંડવોએ તો માતાની, શાસ્ત્ર અને લોકથી વિરુદ્ધની આજ્ઞાનું પણ પાલન કર્યું. એક સ્ત્રીના પાંચ પતિ હોવાની વાત નથી તો શાસ્ત્રોમાં મળતી અને નથી તો મળતી લોકમાં પણ. માતા કુન્તીએ અજાણતાં જ એવી આજ્ઞા આપી દીધી હતી કે, 'આજે જે કંઈ ભિક્ષાના રૂપમાં લાવ્યા હો તેનો બધા જ ભાઈઓ ઉપભોગ કરો.' પણ જ્યારે કુન્તીમાતાને એવી જાણ થઈ કે આ લોકો એક સ્ત્રીને લાવ્યા છે અને મેં વગર વિચાર્યે જ આજ્ઞા આપી દીધી છે, ત્યારે એમણે વિચાર્યું – 'મારું આ વચન સત્ય કેવી રીતે થશે?' પરંતુ રાજા યુધિષ્ઠિરે માતાને કહ્યું – 'તમારું વચન સત્ય કરવા માટે અમે બધા ભાઈઓ આની સાથે લગ્ન કરીશું.' (મહાભારત, આદિપર્વ - અધ્યાય ૧૯૦) ત્યારપછી પાંડવોએ તેમ જ કર્યું.

મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામની તો વાત જ શી કરવી? તેઓ તો રાજા દશરથ અને માતા કૈકેયીની આજ્ઞાના પાલન માટે ચૌદ વરસ ઘણી પ્રસન્નતા સાથે વનમાં રહ્યા.

આ પ્રમાણે ગુરુની આજ્ઞાના પાલનની બાબતમાં પણ મહાભારત, ઉપનિષદો વગેરેમાં ઘણાંબધાં દૃષ્ટાંતો મળી આવે છે. મહાભારતમાં આદિપર્વના ત્રીજા અધ્યાયમાં ગુરુભક્ત આરુણિનું આખ્યાન બધા લોકો માટે વાંચવા યોગ્ય અને આદર્શરૂપ છે. એક સમયે આયોદધૌમ્ય મુનિએ પોતાના પંજાબનિવાસી શિષ્ય આરુણિને કહ્યું – 'આરુણિ! તું ખેતરમાં જઈને પાળ બાંધીને પાણીને રોક.' આરુણિ ગુરુની આજ્ઞા મેળવીને ખેતરમાં ગયો, પણ પ્રયત્ન કરવા છતાં પણ કોઈ રીતે પાણીને રોકી શક્યો નહીં. છેલ્લે તેને એક ઉપાય સૂઝ્યો અને તે પોતે પાણીને રોકવા માટે પાળ બનીને આડો સૂઈ ગયો. તેના આડા પડવાથી પાણીનો પ્રવાહ રોકાઈ ગયો. સમય થયે આરુણિ પાછો નહીં આવવાથી આયોદધૌમ્ય મુનિએ બીજા શિષ્યોને પૂછ્યું – 'પંજાબનિવાસી આરુણિ ક્યાં છે?' શિષ્યોએ જવાબ આપ્યો – 'તમે જ તો તેને ખેતરમાં પાળ બાંધીને પાણીને રોકવા માટે મોકલ્યો છે.' શિષ્યોની વાત સાંભળીને મુનિએ કહ્યું – 'ચાલો, જ્યાં આરુણિ ગયો છે ત્યાં જ આપણે બધા જઈએ.' ત્યારપછી ગુરુજી ત્યાં ખેતરની નજીક પહોંચીને તેને બોલાવવા માટે પોકારવા લાગ્યા – 'બેટા આરુણિ! ક્યાં છે? ચાલ્યો આવ.' આરુણિ આચાર્યનો સાદ સાંભળીને પોતાની જગ્યાએથી એકાએક ઊઠીને તેમની નજીક હાજર થયો અને બોલ્યો – 'ભગવન્! તમારા ખેતરનું પાણી વહી જઈ રહ્યું હતું. હું તેને કોઈ રીતે રોકી શક્યો નહીં, ત્યારે અંતે હું ત્યાં આડો સૂઈ ગયો, એનાથી પાણીનું વહી જવું બંધ થઈ ગયું. આ સમયે તમારા પોકારવાથી એકાએક તમારી પાસે આવ્યો છું અને પ્રણામ કરું છું. તમે આજ્ઞા કરો, આ સમયે મારે કયું કામ કરવાનું છે?' ગુરુ બોલ્યા – 'બેટા! તું બંધનું ઉદ્દલન કરીને નીકળ્યો છે, તેથી તું 'ઉદ્દાલક' નામથી પ્રસિદ્ધ થઈશ.' આમ કહીને ઉપાધ્યાય તેના પર કૃપા

કરતાં, ફરી બોલ્યા – 'તેં તન-મનથી મારી આજ્ઞાનું પાલન કર્યું છે, તેથી સઘળા વેદો અને ધર્મશાસ્ત્રો તારા મનમાં વગર ભણ્યે જ પ્રકાશિત રહેશે અને તું કલ્યાણને પ્રાપ્ત કરીશ.' આ રીતે ગુરુના આશીર્વાદ મેળવીને આરુણિ ગુરુની આજ્ઞાથી પોતાના દેશમાં ચાલ્યો ગયો.

જબાલાનો પુત્ર સત્યકામ પણ મોટો ઉચ્ચ કોટિનો ગુરુભક્ત હતો. તેણે એક સમયે હારિદ્રુમત ગૌતમની પાસે જઈને કહ્યું – 'હું તમારે ત્યાં બ્રહ્મચર્યનું પાલન કરતો રહીને વાસ કરીશ, આ માટે હું તમારી પાસે આવ્યો છું.' ગુરુએ કહ્યું – 'સૌમ્ય! તું કયા ગોત્રનો છે?' સત્યકામ બોલ્યો – 'ભગવાન! હું જાણતો નથી.' ત્યારે ગૌતમે કહ્યું – 'આવું સ્પષ્ટ કથન બ્રાહ્મણેતર કરી શકે નહીં, તેથી તું બ્રાહ્મણ છે; કેમ કે તેં સત્યનો ત્યાગ કર્યો નથી.' પછી આચાર્ય ગૌતમે તેનો ઉપનયન સંસ્કાર કર્યા પછી ગાયોના ધણમાંથી ચારસો કૃશ અને દુર્બળ ગાયો અલગ કાઢીને તેને કહ્યું – 'સૌમ્ય! તું આ ગાયોની પાછળ પાછળ જા.' ગુરુની ઇચ્છા જાણીને સત્યકામે કહ્યું – 'જ્યાં સુધી આમની સંખ્યા પૂરી એક હજાર ન થાય, ત્યાં સુધી હું પાછો આવીશ નહીં.' આમ કહીને તે એક સારા વનમાં ચાલ્યો ગયો, જ્યાં પાણી અને ઘાસ ઘણું હતું; અને તે ઘણા સમય સુધી તે ગાયોની સેવા કરતો રહ્યો. જ્યારે તે ગાયો એક હજાર થઈ ગઈ, ત્યારે એક સાંઢે તેને કહ્યું – 'સત્યકામ! અમે એક હજાર થઈ ગયાં છીએ, હવે તમે અમને આચાર્યના આશ્રમમાં પહોંચાડી દો.' સત્યકામ તે ગાયોને આચાર્યના આશ્રમમાં લઈ ગયો. ગુરુ-આજ્ઞાના પાલનના પ્રતાપથી તેને રસ્તામાં ચાલતાં ચાલતાં જ સાંઢ, અગ્નિ, હંસ અને મદ્‌ગુ દ્વારા વિજ્ઞાનાનન્દઘન બ્રહ્મના સ્વરૂપની પ્રાપ્તિ થઈ ગઈ. આ કથા છાન્દોગ્ય-ઉપનિષદના ચોથા અધ્યાયના ચોથાથી નવમા સુધીના ખંડોમાં વર્ણવાયેલી છે.

આ જ બ્રહ્મવેત્તા સત્યકામનો એક ગુરુભક્ત શિષ્ય હતો ઉપકોસલ. તેણે એમની પાસે યજ્ઞોપવિત લઈને બાર વર્ષ સુધી એમની સેવા કરી. ત્યારે સત્યકામની પત્નીએ સ્વામીને કહ્યું – 'આ ઉપકોસલ ઘણી તપસ્યા કરી

ગૂઝ્યો છે, તેણે તમારી આજ્ઞા અનુસાર અગ્નિઓની સારી રીતે સેવા કરી છે. તેથી તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો જોઈએ.' પણ સત્યકામને તેને કાંઈ જવાબ આપ્યો નહીં અને ઉપદેશ આપ્યા વગર જ બહાર ચાલ્યા ગયા. તેમના ચાલ્યા જવાથી ઉપવાસ કરનારા ઉપકોસલને અગ્નિઓએ બ્રહ્મનો ઉપદેશ આપ્યો. ત્યારપછી ગુરુ પાછા આવી ગયા, ત્યારે તેમણે તેને પૂછ્યું – 'સોમ્ય! તારું મુખ બ્રહ્મવેત્તા-વત્ લાગી રહ્યું છે, તને કોણે ઉપદેશ આપ્યો?' ઉપકોસલે સંકેતથી અગ્નિઓ તરફ લક્ષ્ય કરાવ્યું. ત્યારપછી જ્યારે આચાર્યે પૂછ્યું – 'શો ઉપદેશ આપ્યો છે?' ત્યારે તેણે બધી વાતો જેમની તેમ (યથાતથ) કહી સંભળાવી. આચાર્ય બોલ્યા – 'સૌમ્ય! હવે તને તે બ્રહ્મનો ઉપદેશ હું કરીશ, જેને જાણી લેવાથી તું જળથી કમળપત્રની જેમ પાપથી લિપ્ત નહીં થાય.' ઉપકોસલે કહ્યું – 'ઉપદેશ આપો.' આનાથી આચાર્યે તેને બ્રહ્મનો ઉપદેશ આપ્યો અને એને સાંભળીને તે બ્રહ્મને પામ્યો. આ કથા છાંદોગ્ય-ઉપનિષદના ચોથા અધ્યાયના દસમાથી સત્તરમા સુધીના ખંડોમાં કહેવામાં આવી છે.

આચાર્ય વેદના શિષ્ય ઉત્તંકની ગુરુભક્તિનો પ્રસંગ મહાભારતમાં આદિપર્વના ત્રીજા અધ્યાયમાં આવે છે. એક વાર રાજા જનમેજય અને પોષ્યે આચાર્ય વેદની પુરોહિતના રૂપમાં વરણી કરી. આચાર્ય વેદ ક્યારેક પુરોહિતપણાના કામે બહાર જતા ત્યારે ઘરની દેખરેખ માટે પોતાના શિષ્ય ઉત્તંકને નિયુક્ત કરીને જતા હતા. એક વાર આચાર્ય વેદે બહારથી પાછા આવીને પોતાના શિષ્ય ઉત્તંકના સદાચાર-પાલનની ઘણી પ્રશંસા સાંભળી. ત્યારે તેમણે કહ્યું – 'બેટા! તેં ધર્મમાં દૃઢ રહીને મારી ઘણી સેવા કરી છે. હું તારા પર પ્રસન્ન છું. તારી બધી ઇચ્છાઓ પૂરી થશે. હવે તું જઈ શકે છે.' ઉત્તંકે પ્રાર્થના કરી – 'આચાર્ય! હું આપને કઈ પ્રિય વસ્તુ ભેટમાં આપું?' આચાર્યે પહેલાં તો કાંઈ પણ લેવાની ના પાડી, પણ પછી કહ્યું – 'તારી ગોરાણીને પૂછી લે.' જ્યારે ઉત્તંકે ગોરાણીને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું – 'તું રાજા પૌષ્ય પાસે જા અને તેમની રાણીનાં કાનોનાં કુંડળ માગી લાવ.

આજથી ચોથા દિવસે હું તે પહેરીને બ્રાહ્મણોને ભોજન પીરસવા ઇચ્છું છું.' આ સાંભળીને ઉત્તંક રાજા પૌષ્યની રાણી પાસે ગયો અને ઘણી મુશ્કેલી વેઠીને તેમનાં કુંડળ લઈ આવ્યો અને તેણે તે કુંડળ સમયસર ગૌરાણીને આપીને તેમના આશીર્વાદ મેળવ્યા.

આ પ્રમાણે માતા-પિતા અને ગુરુની આજ્ઞાના પાલનના વિષયમાં બીજાં પણ ઘણાંબધાં ઉદાહરણો શાસ્ત્રોમાં મળે છે. આપણે તેમાંથી બોધ ગ્રહણ કરવો જોઈએ.

બાળકોને વિદ્યા આપવાની સાથેસાથે તેમના શિક્ષણ પર વધારે ધ્યાન આપવું જોઈએ. વિદ્યાનો અર્થ છે – અનેક લિપિઓ અને ભાષાનું જ્ઞાન. એમનો પણ વધારેમાં વધારે અભ્યાસ કરવો જોઈએ; પરંતુ શિક્ષણને તો અમૃત સમાન સમજીને વિશેષરૂપે ગ્રહણ કરવું જોઈએ. શિક્ષણ ગ્રહણ કરવાનો અર્થ છે – **દેશ, કુળ, વર્ણ, આશ્રમ અને શાસ્ત્રની મર્યાદા અનુસાર સદાચારનું પાલન કરવું.** આનાથી પરમ કર્તવ્યરૂપી ધર્મનો પ્રાદુર્ભાવ થાય છે. મહાભારતમાં (કહેવામાં) આવ્યું છે –

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥

(મહાભારત, અનુશાસનપર્વ - ૧૪૯/૧૩૭)

'બધાં શાસ્ત્રોમાં આચારને પ્રથમ માનવામાં આવે છે. આચારથી જ ધર્મની ઉત્પત્તિ થાય છે અને ધર્મના સ્વામી ભગવાન અચ્યુત છે.'

બહારની અને અંદરની પવિત્રતાને આચાર કહે છે. ન્યાયપૂર્વક ઉપાર્જિત કરેલા ધનથી મેળવેલા શુદ્ધ અને સાત્ત્વિક આહાર વડે ભોજનની, માટી તેમ જ પાણી વડે શૌચ-સ્નાન કરવાથી શરીરની અને સ્વાર્થત્યાગપૂર્વકના સત્ય વ્યવહારથી આચરણોની શુદ્ધિ થાય છે. આ બહારની પવિત્રતા છે. આ જ રીતે ઈશ્વરભક્તિ અને નિષ્કામકર્મો વડે દુર્ગુણ-દુરાચારોનો નાશ થાય છે અને અંદરની પવિત્રતા સંપન્ન થાય છે.

બાળકોએ પોતાની દિનચર્યા કેવી રીતે સદાચારમય બનાવવી જોઈએ,

ો નીચે બતાવવામાં આવે છે.

સવારે ચાર વાગ્યે ઊઠીને શૌચથી પરવારીને દાતણ-કોગળા અને સ્નાન રવું જોઈએ. પછી પોતપોતાના અધિકાર અનુસાર સંધ્યા-ગાયત્રી, જપ-્યાન, પૂજા-પાઠ, સ્તુતિ-પ્રાર્થના વગેરે નિત્યકર્મો કરવાં જોઈએ. ત્યારપછી ાતા-પિતાનાં ચરણોમાં પ્રણામ કરીને વિદ્યાભ્યાસ કરવો જોઈએ અને ાસ્ત્રોનું અધ્યયન કરવું જોઈએ. પછી અગિયાર વાગ્યે ભોજન કરીને ફરી વિદ્યાભ્યાસ કરવો જોઈએ તથા શરીર, ઇન્દ્રિય અને અંતઃકરણની ઉન્નતિ ાટે માતા-પિતા અને ગુરુજનોની આજ્ઞા અનુસાર કાર્યો કરવાં જોઈએ. ાયંકાળે ફરી સંધ્યા-ગાયત્રી, જપ-ધ્યાન અને સ્વાધ્યાય વગેરે નિત્યકર્મો રવાં જોઈએ. રાત્રિના સમયે ભોજન કરીને ફરી માતા-પિતા અને ુરુજનોના સંતોષ માટે તેમની આજ્ઞા અનુસાર કાર્યો કરવાં જોઈએ. રાત્રે .શ વાગ્યાથી ચાર વાગ્યા સુધી છ કલાક સૂવું જોઈએ.

(૨)

બાળકોએ ઈશ્વર, મહાત્મા, પરલોક, ધર્મ, શાસ્ત્ર અને ગુરુજનો પર શ્રદ્ધા-વિશ્વાસ કરવાં જોઈએ. આજકાલ લોકો ઈશ્વરની સત્તા (અસ્તિત્વ)માં જ સંદેહ કરે છે તેઓ તે મોટી ભૂલ કરે છે. ઈશ્વરના અસ્તિત્વની બાબતમાં ાધુથી મોટું પ્રમાણ તો શાસ્ત્રો છે. ભગવાન ગીતામાં કહે છે –

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥

(ગીતા - ૧૮-૬૧)

'હે અર્જુન! શરીરરૂપી યંત્રમાં આરૂઢ થયેલાં સઘળાં પ્રાણીઓને ોતાની માયાથી તેમનાં કર્મો અનુસાર ભ્રમણ કરાવતા અંતર્યામી પરમેશ્વર બધાં પ્રાણીઓના હૃદયમાં રહે છે.'

આના સિવાય ઈશ્વરને હિન્દુ, ઈસાઈ, મુસલમાન – બધા જ આસ્તિકો ાને છે તેમ જ તેમની આ માન્યતા યુક્તિસંગત પણ છે. જો કોઈ પૂછે ે 'ઈશ્વર ક્યાં છે, કેવા છે, ક્યારથી છે અને કોણ છે?' તો એનો જવાબ

આ છે કે જેઓ આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્રમા, નક્ષત્ર, તારા, વીજળી, સમુદ્ર વગેરેના ઉત્પાદક અને શાસક છે તથા કર્માનુસાર બધાંને શુભાશુભ ફળ આપે છે તે જ ઈશ્વર છે. તે ઈશ્વર સર્વવ્યાપી છે, કાયમથી (સનાતન) છે અને ચેતનસ્વરૂપ છે.

ઈશ્વરને માનવા એ કઈ રીતે યુક્તિસંગત છે, એ વિષય પર હવે વિચાર કરવામાં આવે છે. થોડી વાર માટે માની લેવામાં આવે કે ઈશ્વરનું અસ્તિત્વ સંદેહાસ્પદ છે – તેમના સંબંધમાં નિશ્ચિતરૂપે એમ નથી કહી શકાતું કે 'તેઓ છે' અને એમ પણ નથી કહી શકાતું કે 'તેઓ નથી'; પરંતુ સંદેહની સ્થિતિમાં પણ, નહીં માનવા કરતાં માનવા એ વધારે લાભદાયક છે. જો વાસ્તવમાં ઈશ્વર નથી, તોપણ તેમને માનનારાને કોઈ જાતનું નુકસાન નહીં થાય; કારણ કે ઈશ્વરને માનનારો ઓછામાં ઓછું પાપ અને અનાચારથી તો બચી જ જશે તથા તે જીવમાત્રને ઈશ્વરનું સ્વરૂપ, અંશ અથવા સંતાન માનીને બધાંની સાથે પ્રેમ તેમ જ સહાનુભૂતિભર્યો વર્તાવ કરશે, જેનાથી તેની આ લોકમાં અવશ્ય કીર્તિ થશે. બદલામાં બીજાઓ તરફથી પણ તેને સદ્‌ભાવ તેમ જ સહાનુભૂતિ જ મળશે. આથી તેનું જીવન સુખ-શાંતિથી વીતશે અને જગતમાં પણ તે ઉત્તમ આદર્શ દ્વારા સુખ-શાંતિનો જ પ્રસાર કરશે. ઈશ્વરના નહીં હોવા છતાં પણ તેમની સત્તા માનવાથી આટલો લાભ તો પ્રત્યક્ષ જ છે. આનાથી વિપરીત જો ઈશ્વર વાસ્તવમાં છે તો તેમને માનનારા બધી રીતે લાભમાં જ રહેશે; કારણ કે તેઓ ઈશ્વરના વિધાનને માનીને, તેમની આજ્ઞા અનુસાર વર્તીને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરશે અને એના ફળસ્વરૂપે તેમને આ લોકમાં સુખ-શાંતિ, માન-પ્રતિષ્ઠા, કીર્તિ મળશે તેમ જ મૃત્યુ પછી તેઓ પરમશાંતિસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરશે. પરંતુ ઈશ્વરના હોવા છતાં પણ જેઓ તેમને નહીં માનીને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેમના જીવોને સતાવે છે તેમણે જીવતે જીવ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અને મૃત્યુ પછી તેમની ઘણી દુર્ગતિ થશે – જેનું વર્ણન કરી શકાય એમ નથી. એટલું જ નહીં, ઈશ્વર પર વિશ્વાસ કરવાથી સાધકોને પ્રત્યક્ષ લાભ થતો

જોવામાં આવે છે. ઈશ્વરને માનનારાઓના દુર્ગુણ-દુરાચારોનો નાશ થાય છે અને તેમનાં અંતઃકરણોમાં ધીરતા, વીરતા, ગંભીરતા, સહૃદયતા, દયા, ક્ષમા, નિર્ભયતા, શાંતિ, શ્રદ્ધા, પ્રેમ વગેરે સદ્‌ગુણો આપોઆપ આવી જાય છે. તેથી જ ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા-વિશ્વાસ કરવામાં જ બધાંને બધી રીતે લાભ છે.

આ જ પ્રમાણે પરલોકના અસ્તિત્વના વિષયમાં પણ શાસ્ત્રો જ સર્વોપરી પ્રમાણ છે. ભગવાન ગીતામાં કહે છે –

ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ।
ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્॥

(ગીતા - ૨/૧૨)

'હું કોઈ કાળમાં ન હતો એવું નથી, તું ન હતો અથવા આ રાજાઓ ન હતા એવું પણ નથી; અને એવું પણ નથી કે હવે પછી આપણે બધા નહીં હોઈએ.'

દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા।
તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ॥

(ગીતા - ૨/૧૩)

'જેમ જીવાત્માની આ શરીરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા – આ ત્રણ અવસ્થાઓ હોય છે, તે જ પ્રમાણે અન્ય શરીરની પ્રાપ્તિ પણ તેને થાય છે; એ બાબતમાં ધીર પુરુષ મોહિત થતો નથી.'

ન જાયતે મ્રિયતે વા કદાચિ-
ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ।
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો
ન હન્યતે હન્યમાને શરીરે॥

(ગીતા - ૨/૨૦)

'આ આત્મા કોઈ પણ કાળમાં જન્મ લેતો હોય એવું નથી કે મરણ પામતો હોય એવું પણ નથી; તેમ જ ઉત્પન્ન થઈને ફરીથી (સત્તાવાન)

થનારો છે એવું પણ નથી; કારણ કે તે અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે, શરીરના હણાવા છતાં પણ તે હણાતો નથી.'

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા-
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

(ગીતા - ૨/૨૨)

'જેવી રીતે મનુષ્ય જૂનાં વસ્ત્રોને ત્યજીને બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવી જ રીતે જીવાત્મા જૂનાં શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો પામે છે.'

પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુઙ્ક્તે પ્રકૃતિજાન્ ગુણાન્ ।
કારણં ગુણસઙ્ગોઽસ્ય સદસદ્યોનિજન્મસુ ॥

(ગીતા - ૧૩/૨૧)

'પ્રકૃતિમાં રહીને જ પુરુષ (જીવાત્મા) પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ત્રિગુણાત્મક પદાર્થોને ભોગવે છે અને આ ગુણોનો સંગ જ એ જીવાત્માના સારી-નરસી યોનિઓમાં જન્મ લેવાનું કારણ છે.'

ભગવાનનાં આ વચનોથી તો પરલોક છે એ સિદ્ધ જ છે, તર્ક-પ્રમાણથી પણ પરલોક છે એ સિદ્ધ થાય છે. બાળકના જન્મ સમયે દુઃખ અનુભવે છે તો રડે છે. જન્મ્યા પછી જ્યારે સુખ અનુભવે છે ત્યારે તે હસે છે. ભય ઉત્પન્ન થવાથી તે કાંપે છે. માતાના સ્તનોમાંથી તે આપમેળે જ દૂધ ખેંચે છે. ઊંઘ આવવાથી સૂએ છે વગેરે. તેની આ ક્રિયાઓ પુનર્જન્મને સિદ્ધ કરે છે. જન્મ લીધા પછી અહીં તો તે આ બધું શીખ્યો નથી; તેથી પૂર્વજન્મનો અભ્યાસ જ આ જન્મમાં તેની પાસે ઉપર્યુક્ત ક્રિયાઓ કરાવે છે – આ માનવું પડશે. વળી, સંસારમાં કોઈ તો પશુ છે, કોઈ પક્ષી છે અને કોઈ મનુષ્ય છે તેમ જ મનુષ્યોમાં પણ કોઈ ધનિક છે, કોઈ નિર્ધન છે, કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ

સુરૂપ, કોઈ કુરૂપ, કોઈ નીરોગી અને કોઈ રોગી જોવામાં આવે છે. આ બધી વિષમતાઓ પણ પૂર્વજન્મને સિદ્ધ કરે છે. જ્યારે પૂર્વજન્મ છે તો પુનર્જન્મ પણ છે જ. જો કારણ વિના જ ઈશ્વરે આવી વિષમ સૃષ્ટિ ઉત્પન્ન કરી દીધી એમ માનવામાં આવે તો ન્યાયકારી દયાળુ ઈશ્વર પર નિર્દયતા અને વિષમતાનો દોષ આવશે, જે સર્વથા અનુચિત છે. તેથી તર્કપ્રમાણથી પણ એ જ સિદ્ધ થાય છે કે પરલોક અવશ્ય છે.

તોપણ કોઈ માની શકે છે કે પરલોક નથી; અને અહીં આપણે કહીએ છીએ કે પરલોક છે. આવી સ્થિતિમાં જો તેની જ વાત સાચી હોય તો એનાથી પણ આપણી કોઈ હાનિ નથી; કેમ કે પરલોક નહીં હોવાની સ્થિતિમાં પરલોકને નહીં માનનારાને કોઈ વિશેષ લાભ થતો હોય અને પરલોકને માનનારાને કોઈ દંડ થતો હોય – એવી વાત તો છે નહીં. પણ જો આપણા પક્ષ અનુસાર પરલોક છે, તો આપણી માન્યતા આપણા માટે ઘણી લાભદાયક સિદ્ધ થશે; કેમ કે આપણે પરલોકને માનીને દંડના ભયથી કોઈ પણ ખરાબ કામ કરીશું નહીં, બલકે આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત કરવા માટે સારાં કામ કરીશું. પરંતુ જે પરલોકને નથી માનતો તેણે પાપનો દંડ તો ભોગવવો જ પડશે અને શ્રદ્ધા વગર સારું કામ નહીં કરવાને કારણે તે સુખથી પણ વંચિત રહી જશે; તેથી તેની બધી રીતે હાનિ જ હાનિ છે. સારું કામ કરનારા મનુષ્યનું આ લોકમાં પ્રત્યક્ષ માન થાય છે અને જે ખરાબ કામ કરે છે તે પ્રત્યક્ષ જ ઘૃણાની નજરે જોવાય છે; તેનો જીવનનિર્વાહ પણ મુશ્કેલ બની જાય છે. તેથી ઈશ્વર અને પરલોકને માનવામાં બધી રીતે લાભ છે અને નહીં માનવામાં હાનિ જ હાનિ છે. તેથી ઈશ્વર અને પરલોકને અવશ્ય માનવાં જોઈએ તથા સદા-સર્વદા તેમને યાદ રાખીને ધર્મ અનુસાર પોતાનું જીવન વિતાવવું જોઈએ. એમાં જ અહીં-ત્યાં, બધે જ કલ્યાણ છે.

કરવા યોગ્ય કામની આવશ્યક વાતો

સવારે સૂર્યોદય પહેલાં ઓછામાં ઓછું એક કલાક પહેલાં ઊઠવું જોઈએ. જેમ કે, જો છ વાગ્યે સૂર્યોદય થતો હોય તો પાંચ વાગ્યે ઊઠવું. પછી શૌચ જઈને, હાથ-પગ-મોઢું ધોઈને, દાતણ-કોગળા કરીને સ્નાન કરવું જોઈએ. ત્યારપછી પોતાના અધિકાર અનુસાર સંધ્યા-ઉપાસના તથા ગાયત્રી-જપ કરવાં જોઈએ. સંધ્યા અને ગાયત્રીનો જપ સવારે સૂર્યોદય પહેલાં અને સાંજે સૂર્યાસ્ત પહેલાં કરવાં જોઈએ તથા સૌએ ભગવાનના નામજપ, ધ્યાન, ગીતા-રામાયણ વગેરેનો અર્થ અને ભાવસહિત પાઠ, સ્તુતિ-પ્રાર્થના વગેરે ઈશ્વર-ઉપાસના અવશ્ય કરવી જોઈએ. ત્યારપછી ઘરનાં વડીલોને પ્રણામ કરીને તથા શરીરની સ્થિતિ અનુસાર વ્યાયામ કરીને પોતાના શરીરને અનુકૂળ દૂધ વગેરે પવિત્ર પદાર્થોનું સેવન કરવું જોઈએ. ભોજન હંમેશાં બલિવૈશ્વદેવ કર્યા પછી તેમ જ મૌન રહીને કરવું જોઈએ.

નીચે લખેલા નિયમોનું પાલન કરવું જોઈએ –

(૧) હાથે વણેલું પવિત્ર વસ્ત્ર પહેરવું.

(૨) વેપારમાં જૂઠ-કપટનો, ચોરબજારીનો અને સેલટેક્સ-ઈન્કમટેક્સની ચોરી વગેરેનો ત્યાગ કરવો તેમ જ કોઈને પણ કષ્ટ નહીં આપતાં, બીજાંઓને સુખ પહોંચાડવાના ઉદ્દેશ્યથી બધાંની સાથે સચ્ચાઈથી અને વિનયપૂર્વક નિઃસ્વાર્થભાવે વ્યવહાર કરવાનો અને હરહંમેશ ભગવાનને યાદ રાખવાનો પ્રયત્ન કરવો.

(૩) બજારની, હોટલની, સ્ટેશન-પ્લેટફોર્મની, ખૂમચાની – બહારની બનેલી કોઈ પણ પ્રકારની મીઠાઈ, પાઉંરોટી, બિસ્કીટ-ચા વગેરે ખપમાં લેવાં નહીં. બજારની કેવળ પ્રાકૃતિક ચીજો – જેમ કે શાક, ફળ, મેવા, દૂધ, ઘી, અનાજ વગેરે પવિત્ર પદાર્થોને જ ખપમાં લેવા.

(૪) ચામડાની કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવો નહીં.

(૫) ગાંજો-ભાંગ, બીડી-સિગારેટ, તમાકુ વગેરે માદક વસ્તુઓનું સેવન ક્યારેય કરવું નહીં.

(૬) બાજીપત્તાં, ચોપાટ, લોટરી, જુગાર વગેરેથી હંમેશાં દૂર રહેવું.

(૭) સિનેમા, નાટક વગેરે જોવાં નહીં; કારણ કે એનાથી બધી રીતે હાનિ જ છે.

(૮) ચામડું, ચરબી, હાડકાં વગેરેથી સંબંધિત અપવિત્ર – ઘૃણિત પદાર્થોને ખપમાં લેવા નહીં તેમ જ તેમનો વેપાર પણ કરવો નહીં.

(૯) ફાલતુ કામોમાં, વિષય-ભોગોમાં, ખેલ-તમાશાઓમાં, પાપ-કર્મોમાં, પ્રમાદ અને આળસમાં તથા વધારે સૂવામાં પોતાનો સમય બરબાદ કરવો નહીં.

(૧૦) એશ-આરામ, ભોગ-વિલાસ, સ્વાદ-શોખમાં વ્યર્થ ખર્ચ ન કરવો.

(૧૧) ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સદાચાર વગેરે સદ્‌ગુણોની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો.

સર્વોપયોગી સાર-રૂપ વાતો

અહીં સાર-રૂપ વાતો બતાવવામાં આવે છે. એક તો પોતાના શરીરને કોઈ રોગ લાગુ પડે તો તેને વશ થવું જોઈએ નહીં અને બીમારીને બહુ મહત્ત્વ આપવું જોઈએ નહીં. મહત્ત્વ આપવાથી શરીરમાં અભિમાન, મમતા અને આસક્તિની વૃદ્ધિ થાય છે.

બીજી વાત એ છે કે શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો પાસેથી હરહંમેશ માટે કામ લેવું જોઈએ અને ઉત્તમમાં ઉત્તમ કામ લેવું જોઈએ. સર્વશ્રેષ્ઠ વાત તો એ છે કે જેનાથી પોતાના આત્માનું કલ્યાણ થાય, ઉદ્ધાર થાય તેવું જ કામ આપણે શરીર વગેરે પાસેથી લેવું જોઈએ.

ત્રીજી વાત એ છે કે પોતાની કોઈ ખરાબ આદત હોય કે કોઈ દુર્વ્યસન હોય તો તેને દૂર કરવા માટે તેની સાથે સંબંધિત વ્યક્તિઓ અને પદાર્થોનો ત્યાગ કરી દેવો જોઈએ. અન્યથા તે દૂર થવું મુશ્કેલ છે. ઉદાહરણ તરીકે – જો આપણને પાંચ વ્યક્તિઓ સાથે બેસીને બાજીપત્તાં કે ચોપાટ રમવાની લત પડી ગઈ હોય તો તે ખરાબ આદત છોડાવવા માટે, જ્યાં લોકો પત્તાં-ચોપાટ રમતા હોય ત્યાં તેમની પાસે ક્યારેય જવું જોઈએ નહીં. જો ક્યાંક આ રીતનો સંજોગ ઊભો થાય તો દૂરથી જ તે માર્ગેથી ખસી જવું જોઈએ. અથવા કોઈ કુમાર્ગે જનારો માણસ હોય અને તેના સંગને લીધે કોઈ ખરાબ આદત પોતાનામાં પડી ગઈ હોય તો ફરી તે કુમાર્ગી માણસનો સંગ ક્યારેય કરવો નહીં. સંસારના લોકોમાં કે પોતાનામાં જેટલી પણ ખરાબ આદતો છે તે તમામે તમામ ઘણું કરીને આસક્તિને જ કારણે છે. આસક્તિનું નામ જ સંગ છે. સંજોગનું નામ પણ સંગ છે. તેથી ઉક્ત બંનેય અર્થોમાં સંગનો ત્યાગ કરી દેવો જોઈએ.

આસક્તિનો ત્યાગ થઈ શકે, ત્યારે તો આસક્તિનો ત્યાગ જ કરવો જોઈએ; સર્વોત્તમ વાત આ જ છે. પરંતુ આપણે જો એમ ન કરી શકીએ તો ઓછામાં ઓછું બુરાઈની સાથેનો સંબંધવિચ્છેદ તો કરી જ દેવો જોઈએ. જગતમાં જેટલા અને જે કોઈ પણ મનુષ્યો છે તેમના વડે મોટા ભાગનાં જે પાપો થાય છે તેનું વિશેષ કારણ આસક્તિ જ છે. આ આસક્તિ એટલા માટે છે કે ભોગોમાં આપણી સુખ-બુદ્ધિ છે, આપણને ભોગોમાં સુખની પ્રતીતિ થાય છે. વાસ્તવમાં ભોગોમાં સુખ છે જ નહીં. આવી દશામાં વિવેક વડે બુદ્ધિથી મનને સમજાવવું જોઈએ અને સમજાવી-મનાવીને આ સુખ-બુદ્ધિનો ત્યાગ કરાવવો જોઈએ.

સમય નામની જે વસ્તુ છે તે ઘણી જ મૂલ્યવાન છે. લાખ રૂપિયા ખર્ચવા છતાંય એક ક્ષણનો પણ સમય મળી શકતો નથી. તેથી આપણે પોતાના સમયનો આદર કરવો જોઈએ. જે સમયનો આદર કરે છે તે કાળને જીતી લે છે અર્થાત્ જન્મ-મરણમાંથી હંમેશ માટે છૂટી જાય છે. પછી તેને કાળ ક્યારેય મારી શકતો નથી. એમ સમજવું જોઈએ કે પોતાના સમયને બરબાદ કરવો એટલે મનુષ્યજન્મને નષ્ટ કરવો. એક બાજુ રૂપિયા હોય અને બીજી બાજુ સમય, તો સમય માટે રૂપિયાનો ત્યાગ કરી શકાય છે; પરંતુ પોતાના સમયને તો અવશ્ય ઉત્તમ કામમાં જ પ્રયોજવો જોઈએ.

જે અનુભવી મનુષ્યો છે તેમના સંગથી આપણે લાભ ઉઠાવવો જોઈએ. આ જ પ્રમાણે જે વયોવૃદ્ધો અર્થાત્ ઉંમરમાં આપણાથી મોટા હોય તેમના પરિપક્વ અનુભવ થકી પણ લાભ ઉઠાવવો જોઈએ. સાથે જ મહાત્માઓ, જ્ઞાનીઓ, સજ્જનો અને ભક્તોના તથા જેટલા પણ ઉચ્ચ કોટિના સારા સારા મનુષ્યો છે તેમના સંગનો તો અવશ્ય જ લાભ લેવો જોઈએ. તેનાથી વિપરીત નાસ્તિક, પાપી, નીચ અને દુર્વ્યસની મનુષ્યોનો સંગ ક્યારેય કરવો જોઈએ નહીં. તેમની સાથે મિત્રતા તો ક્યારેય કરવી જ નહીં. જો કોઈ વખત તેમનો ભેટો થઈ પણ જાય તો ભીતરમાં પ્રીતિ કરવી જોઈએ નહીં, મનમાં તેમના પ્રત્યે ઉપેક્ષા-બુદ્ધિ જ રાખવી જોઈએ. યોગદર્શનમાં બતાવવામાં આવ્યું છે –

મૈત્રીકરુણામુદિતોપેક્ષાણાં સુખદુઃખપુણ્યાપુણ્ય-
વિષયાણાં ભાવનાતશ્ચિત્તપ્રસાદનમ્ ।

(યોગદર્શન - ૧/૩૩)

'સુખી, દુઃખી, પુણ્યાત્મા અને પાપાત્માઓમાં ક્રમશઃ મિત્રતા, દયા, પ્રસન્નતા અને ઉપેક્ષાની ભાવનાને લીધે ચિત્ત શુદ્ધ થાય છે.'

ઉપરથી સંજોગ થાય તોપણ અંદરથી જે ઉપેક્ષા છે તે ઘણી મૂલ્યવાન વસ્તુ છે. જો ભીતરમાં ઉપેક્ષા હોય તો બહારનો સંજોગ હાનિ પહોંચાડી શકતો નથી. જેમ કે પહેલાં કહી દેવાયું છે કે 'સંગ' શબ્દ આસક્તિનો વાચક છે અને સંજોગનો વાચક પણ. ભીતરથી આસક્તિ (પ્રીતિ)નો ત્યાગ કરી દેવામાં આવે તો બહારનો સંજોગ એટલો હાનિકારક થતો નથી.

પરમાત્માએ જે કાંઈ પણ જ્ઞાન આપણને આપ્યું છે તેનો ઠીક-ઠીક ઉપયોગ કરવો જોઈએ. ઠીક ઉપયોગ કરવાથી ઉત્તરોત્તર તે જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને વૃદ્ધિ થતાં થતાં તે વધેલા જ્ઞાન વડે પરમાત્માને જાણી લઈને મનુષ્ય મુક્ત થઈ જાય છે. પરમાત્મા વિષેનું જે જ્ઞાન છે તેને ઉત્તરોત્તર ખૂબ વધારવું જોઈએ. ઈશ્વરે આપણને જે ઐશ્વર્ય અર્થાત્ ભોગ-સામગ્રી આપી છે તેનો પણ ઉચિતપણે ઉપયોગ કરવો જોઈએ. અવશ્ય જ એ સમજવું જોઈએ કે આ જે સામગ્રી ભગવાને આપણને આપી છે તે આત્માનું કલ્યાણ કરવા માટે આપી છે, નહીં કે ભોગ ભોગવવા માટે. તે સમસ્ત સામગ્રીઓને ઈશ્વરની સંપત્તિ સમજીને અને બધાંમાં ઈશ્વરને વ્યાપક જાણીને તે સામગ્રીઓથી જગત-રૂપી જનાર્દનની સેવા કરવી એ જ મુક્તિનો માર્ગ છે. ભગવાનને આપેલી સામગ્રીથી જ ભગવાનની સેવા કરવી જોઈએ. એમ સમજવું જોઈએ કે 'આપણે તો નિમિત્તમાત્ર છીએ, ભગવાનની સામગ્રી ભગવાનને જ અર્પણ કરી રહ્યા છીએ. તેમાં આપણું શું છે? આપણા વડે તો તેમની વસ્તુ તેમને સોંપવામાં આવે. તેમની વસ્તુ તેમને નહીં આપીને, જો આપણે પોતાના ઉપભોગ માટે ખપમાં લઈએ તો આ તો એક પ્રકારે ચોરી જ છે.' ભગવાન ગીતામાં કહે છે –

તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્ક્તે સ્તેન એવ સઃ ॥

(ગીતા - ૩/૧૨)

'દેવતાઓએ આપેલી વસ્તુને જે મનુષ્ય તે દેવતાઓને આપ્યા વગર જ સ્વયં ભોગવે છે તે ચોર જ છે.'

તેથી ભગવાનની આપેલી વસ્તુ તેમને અર્પિત કરીને જો આપણે શરીર-નિર્વાહ માટે તેને ખપમાં લઈએ, ત્યારે તો તે આપણા માટે ભગવાનનો પ્રસાદ બની જાય છે અને ભગવાનના તે પ્રસાદથી બુદ્ધિ શુદ્ધ થાય છે અને તેથી આપણા આત્માનું કલ્યાણ થઈ જાય છે. આ એક પ્રકારે સિદ્ધાંતની વાત છે કે આપણી પાસે જે કાંઈ છે તેના પર પ્રાણીમાત્રનો અધિકાર છે. તેથી બધાંને આપ્યા પછી જે બચેલું રહે તે આપણા માટે પ્રસાદ છે. પોતાના શરીરમાં તથા મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોમાં જે બળ છે તેનું જ નામ આત્મબળ છે; કારણ કે મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને શરીર – બધાંનું નામ આત્મા છે. જો આપણે તેમનો દુરુપયોગ કરીશું તો આગળ જતાં આપણે ઘોર પશ્ચાત્તાપ કરવો પડશે. તેથી પહેલાંથી જ સાવધાન રહીને આપણે પોતાની શક્તિ અને સામગ્રીનો ઉચિતપણે ઉપયોગ કરવો જોઈએ. ભગવાને જે સામગ્રી આપણને આપી છે તે આત્માના કલ્યાણ માટે આપી છે. જે પણ મનુષ્ય આ પ્રકારની સામગ્રી મેળવીને પોતાના આત્માનું કલ્યાણ કરતો નથી તેણે આગળ જતાં ઘોર પશ્ચાત્તાપ કરવો પડે છે; જોકે સમય વીતી જવાથી આ પશ્ચાત્તાપથી કોઈ વિશેષ લાભ થતો નથી. આ બધી વાતો વિચારીને આપણે ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલી સામગ્રી અને સામર્થ્યનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ. પોતાનાં મન, બુદ્ધિ, ઇન્દ્રિયોમાં જે શક્તિ છે તેના સદુપયોગમાત્રથી આપણું કલ્યાણ થઈ શકે છે; બીજું કાંઈ કરવાની આવશ્યકતા નથી. આ શક્તિ જ પર્યાપ્ત છે. આનો આપણે જો યોગ્ય ઉપયોગ કરીએ તો થોડા જ સમયમાં આ જ શક્તિ વડે આપણે ભગવાનને પ્રાપ્ત કરી શકીએ છીએ; પરંતુ જો આનો આપણે યોગ્ય ઉપયોગ ન કરીએ તો સો વર્ષ વીતી જવા છતાં પણ આપણે તે લાભથી વંચિત જ રહી જઈએ છીએ અને અંતમાં આ બધી સામગ્રી

આપણા માટે બેકાર થઈ જાય છે; કારણ કે તેનાથી આપણો સંબંધવિચ્છેદ થઈ જાય છે. કોઈ પણ વસ્તુ સાથે સંજોગ થયા પછી તેનો વિયોગ ચોક્કસ જ થતો હોય છે; કેમ કે સંજોગ વિયોગ માટે જ થતો હોય છે; અર્થાત્ સંયોગનું પરિણામ વિયોગ નિશ્ચિત છે. આ સમજીને જ્યાં સુધી શરીર, મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોની સાથે આપણો સંયોગ છે ત્યાં સુધી તેની પાસેથી જે કાંઈ લાભ આપણે લેવો હોય તે લઈ લેવો જોઈએ. આ જ પ્રમાણે જેઓ આપણાં કુટુંબીજનો છે – પત્ની છે, પુત્ર છે તથા બીજાં જેટલાં પણ આપણાં સંબંધીઓ અથવા સ્નેહીઓ છે તેમનો પણ ઉપયોગ આપણે ઉચિતપણે કરવો જોઈએ. તે બધાંને ભગવાનની સેવામાં જોડી દેવાં એ જ તેમનો સમુચિત ઉપયોગ છે અને આ જ આપણું તેમના પ્રત્યેનું સૌથી મોટું કર્તવ્ય છે. પત્ની હોય તો તેને પણ આપણે ભગવાનની ભક્તિમાં જોડીએ, પુત્ર હોય તો તેને પણ અને જે આપણાં વહાલાં મિત્રો કુટુંબીઓ વગેરે હોય તે બધાંને પણ, જેનાથી તેમનું કલ્યાણ થાય એવા કામમાં લગાડવાં એ જ આપણું કર્તવ્ય છે. બધાંના કલ્યાણની અંતર્ગત જ આપણું પોતાનું કલ્યાણ છે. પોતાના કલ્યાણ માટે ભગવાનને કોઈ અલગ પ્રાર્થના કરવાની નથી. બધાંમાં જ તો આપણે છીએ. બીજાંના હિત માટે આપણે પોતાના ઐશ્વર્યનો ત્યાગ કરી દઈએ છીએ – આ તો મહત્ત્વનું કાર્ય છે જ; એના કરતાં પણ વધારે મૂલ્યવાન કાર્ય એ છે કે બીજાંઓના કલ્યાણ માટે આપણે પોતાના કલ્યાણનો પણ ત્યાગ કરી દઈએ. આ એનાથીય અધિક મહત્ત્વપૂર્ણ ત્યાગ છે. માની લો કે, ભગવાન આપણને એમ કહે કે હું એકને દર્શન આપી શકું છું, ઇચ્છો તો તમે કરી લો અથવા તમે જેને કરાવવા માગો તેને કરાવી દો. આવો અવસર આવ્યેથી જો આપણે સ્વયં દર્શન ન કરતાં કોઈ બીજાને દર્શન આપવા માટે ભગવાનને પ્રાર્થના કરીએ તો એ ત્યાગ આપણા માટે વિશેષ મૂલ્યવાન છે.

બીજાંઓની સાથે આપણે જે વ્યવહાર કરીએ છીએ, તેમની સેવા કરીએ છીએ, તેમના પ્રત્યે ઉદારતાનો વર્તાવ કરીએ છીએ છે – એ પણ આપણું ઘણું ઉત્તમ કાર્ય છે; પરંતુ એના કરતાં પણ વધુ મહત્ત્વની વાત એ છે કે

આપણાં નિઃસ્વાર્થ ઉત્તમ આચરણોના પ્રભાવથી બીજો મનુષ્ય પણ તેવો જ બની જાય. માની લો કે મેં કોઈનો ઉપકાર કર્યો, સેવા કરી અને તેના હૃદય પર એવી છાપ પડી કે 'કોઈનો ઉપકાર કરવો, કોઈની સેવા કરવી એ ઉત્તમ વાત છે; મારા વડે પણ કોઈની સેવા બની જાય તો મારું અહોભાગ્ય છે' – આ પ્રમાણેનો ભાવ તેના હૃદયમાં ઉત્પન્ન થઈ ગયો તો એ આપણા વડે તેની વિશેષ સેવા થઈ. બીજાઓને બોધ આપવાની આ ઘણી સારી પદ્ધતિ છે. આપણે કોઈને કહીએ કે 'તમે લોકોનો ઉપકાર કર્યા કરો, સેવા કર્યા કરો' એના કરતાં ક્યાંય વધારે પ્રભાવોત્પાદક પદ્ધતિ એ છે કે આપણે તેની નિઃસ્વાર્થ સેવા કરીને પોતાની ક્રિયાથી તેને બોધ આપીએ, કેવલ ઉપદેશ આપીને નહીં.

આ જ પ્રમાણે જે મનુષ્ય સ્વયં સાચું બોલે છે, બ્રહ્મચર્યનું પાલન કરે છે, ઈશ્વરની ભક્તિ કરે છે તેની લોકોના મન પર જે એવી અસર પડે છે કે સાચું બોલવું જોઈએ, બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ; ઈશ્વરની ભક્તિ કરવી જોઈએ; બોધ આપવાનો આવો પ્રકાર ઘણો જ ઉચ્ચ કોટિનો છે. વાણી વડે બોધ કે ઉપદેશ આપવાનું એટલું મૂલ્ય નથી કે જેટલું આચરણ કરીને તે આચરણ વડે બોધ આપવાનું છે.

સાથે-સાથે આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણી અંદર ક્યાંક દંભ-દેખાડો આવી જાય નહીં અથવા અહંકાર આવી જાય નહીં કે 'હું બોધ આપનારો છું, મારી પાસે લોકો બોધ લે, લોકો મારું આચરણ જોઈને તેને આદર્શ માનીને ગ્રહણ કરે.' આવો ભાવ આપણા મનમાં આવવો જોઈએ નહીં; બલકે લોકોનું કલ્યાણ કેવી રીતે થાય, લોકો ઉચ્ચ કોટિના કેવી રીતે બને એવો ભાવ આવવો જોઈએ.

પિતા સ્વયં વિદ્વાન હોય તોપણ પોતાના દીકરાને, પોતાનાથી જેઓ વધારે વિદ્વાન હોય તેમની પાસેથી શિક્ષણ લેવા માટે મોકલે છે; કેમ કે તે હૃદયથી ઇચ્છે છે કે મારા કરતાં પણ મારો દીકરો વધારે યોગ્ય બને. આ જ પ્રમાણે આપણે બધાંના હિતની કોશિશ કરવી જોઈએ. કારણ કે

દીકરો જ કેમ, બીજા લોકો પણ તો આપણા ભાઈ છે. બધા જ આપણા પૂજ્ય છે, બધા જ આપણા મિત્ર છે. આટલું જ નહીં, વેદાંતના સિદ્ધાંત અનુસાર તો બધા જ આપણો આત્મા, આપણું પોતાનું સ્વરૂપ છે. આ બધાનું જે કલ્યાણ છે તે આપણું જ તો કલ્યાણ છે. ભાઈ-ભાઈમાં તથા પોતાના કુટુંબમાં અને મિત્રોમાં જ્યારે ઘણો વધારે પ્રેમ થાય છે ત્યારે તેમના લાભથી મનુષ્ય વધારે પ્રસન્ન થાય છે. પોતાના લાભથી તો બધા જ હર્ષિત થાય છે. તેથી એ સમજવું જોઈએ કે બધાંને પોતાનો આત્મા જ બધાં કરતાં વધારે વહાલો છે; પરંતુ પોતાના આત્મા કરતાં પણ વધારે વહાલા જ્યારે બીજા થાય છે, ત્યારે તેમના લાભથી વધારે પ્રસન્નતા થાય છે. થવું આવું જ જોઈએ. આ જ તો એ વાતની પરીક્ષા છે કે આપણો આત્મભાવ કેટલો વધારે વિસ્તૃત થયો છે.

માની લો, આપણને એક લાખ રૂપિયા મળ્યા અને આપણા મિત્રને બે લાખ રૂપિયા મળ્યા. હવે જો મિત્રને વધારે રૂપિયા મળવાથી આપણને વધારે પ્રસન્નતા થાય, તો ત્યારે એમ સમજવું જોઈએ કે આપણો તેની સાથે સાચો મૈત્રીભાવ છે અને તે આપણને પ્રાણથીય વધારે વહાલો છે, શરીરથીય વધારે વહાલો છે. આ જ પ્રમાણે બીજાઓને ઉન્નત જોઈને આપણને વધારે પ્રસન્નતા થવી જોઈએ. આ ઘણી જ ઉચ્ચ કોટિનો ભાવ છે.

અહીં એ વાત સમજવાની છે કે આપણને પુત્ર જે વહાલો લાગે છે તે પુત્ર માટે નહીં, બલકે આપણા માટે જ વહાલો લાગે છે અર્થાત્ આપણા સ્વાર્થ માટે જ આપણને પોતાનો પુત્ર વહાલો લાગે છે. આપણી પત્ની આપણને જે વહાલી લાગે છે તે આપણા સુખ માટે જ વહાલી લાગે છે. પરંતુ આ તો એક સ્વાર્થની વાત છે, કે જે સઘળા સંસારમાં જોવા મળે છે. ઉચ્ચ કોટિની વાત તો એ છે કે આપણે જેને પણ વહાલ કરીએ, તેના માટે જ કરીએ – નહીં કે પોતાના સ્વાર્થ માટે; કેમ કે મહાત્માઓ જે કોઈને પણ વહાલ કરે છે, તેના હિત માટે જ કરે છે, પોતાના સ્વાર્થ માટે નહીં. આવો ભાવ જેમના હૃદયમાં હોય છે તેમની જ અસર થાય છે અને તેમની જ શિખામણ

લાગે છે. ભગવાનની દયાથી બધાં લોકોનો ઉદ્ધાર થઈ જાય, બધાંનું કલ્યાણ થઈ જાય, બધાં ભગવાનનાં ભક્ત બની જાય – એવો ભાવ મનમાં રાખવો એ ઘણું જ ઉત્તમ છે.

એક મનુષ્ય પોતાનું કલ્યાણ ઇચ્છે છે અને બીજો બધાંનું કલ્યાણ ઇચ્છે છે, આ બંનેમાં બધાંનું કલ્યાણ ઇચ્છનારો જ અતિ ઉત્તમ છે. ભગવાનને ત્યાં કોઈ વાતની કમી તો છે નહીં. તેઓ ઇચ્છે તો એક ક્ષણમાં બધાંનું કલ્યાણ કરી શકે છે. પરમાત્માની પાસે મુક્તિનો જે ભંડાર છે તે તો અખૂટ છે.

બધાંનું કલ્યાણ થાય એવો ભાવ રાખવો એ તો ઉત્તમ છે; પરંતુ પોતાનો પ્રભાવ બીજાંઓ પર પડે એવી ઇચ્છા રાખવાથી અહંકાર આવે છે. તેથી એવો ઉપાય વિચારવો જોઈએ કે જેનાથી અહંકાર પણ ન આવે અને બીજાંઓના કલ્યાણનો ભાવ પણ મનમાં કાયમ (હયાત) રહે. આ માટે એવો ભાવ રાખવો એ ઉત્તમ છે કે કોઈના વડે પણ થાય, બધાંનું કલ્યાણ થવું જોઈએ. લોકોના કલ્યાણમાં હું જ નિમિત્ત બનું એવો આગ્રહ રાખવો એ બરાબર નથી. ભગવાન ભલેને કોઈનેય નિમિત્ત બનાવે, આપણે તો એ જ ભાવ રાખવો જોઈએ કે બધાંનું પરમ હિત થાય અર્થાત્ બધાંનું કલ્યાણ થાય.

ધ્યાનસહિત ભગવાનનો નામ-જપ કરવો એ ઘણું જ ઉત્તમ છે. તે બધા જ કરે. આપણી વાત માનીને જ કરે એવી વાત નથી. પોતાના ગુરુની વાત માનીને, સારા-સારા મહાત્મા મનુષ્યોની વાત માનીને કે કોઈની પણ વાત માનીને ભગવાનનું ભજન-ધ્યાન કરે, કે જેનાથી તેમનું કલ્યાણ થાય. પણ આપણી જે ઉત્તમ ક્રિયા છે તેને લોકો જોશે અથવા ધારણ કરશે તો તેમનું પણ હિત થશે – આ પ્રમાણે પોતાની ક્રિયાઓમાં ઉત્તમતાની કલ્પના કરવી એ સારું નથી; કેમ કે તેનાથી અભિમાન વધે છે. તેથી આપણે તો એમ જ સમજવું જોઈએ કે મારી ક્રિયા અત્યંત સાધારણ છે; જેઓ ઉત્તમ મનુષ્ય છે તેમનું અનુકરણ કરવું જોઈએ.

આત્મકલ્યાણ માટે તમોગુણના ત્યાગની વિશેષ આવશ્યકતા

પ્રકૃતિના ત્રણ ગુણ છે – સત્ત્વ, રજ અને તમ. એમાંના સત્ત્વગુણનું સેવન જ પરમ શ્રેયસ્કર છે. ભગવાન શ્રીમદ્ભગવદ્ગીતામાં કહે છે –

ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।
જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥

(શ્રીમદ્ભગવદ્ગીતા - ૧૪/૧૮)

'સત્ત્વગુણમાં સ્થિત મનુષ્યો સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકોમાં જાય છે, રજોગુણમાં સ્થિત રાજસ મનુષ્યો મધ્યમાં અર્થાત્ મનુષ્યલોકમાં જ રહી જાય છે અને તમોગુણના કાર્યરૂપ નિદ્રા, પ્રમાદ અને આળસમાં સ્થિત તામસ મનુષ્યો અધોગતિને અર્થાત્ પશુ-પક્ષી, કીડા-પતંગિયાં વગેરે નીચ યોનિઓને તથા નરકોને પ્રાપ્ત કરે છે.'

આનો અભિપ્રાય એવો છે કે સત્ત્વગુણી પુરુષ અર્ચિમાર્ગ દ્વારા ઉચ્ચ લોકોમાં થઈને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. રાજસી મનુષ્યો અહીં જ રહી જાય છે – એટલે કે ફરીથી મનુષ્યયોનિ મેળવે છે. તેથી તેમના માટે **'गच्छन्ति'** નહીં કહેતાં **'तिष्ठन्ति'** (સ્થિત રહે છે) કહેવામાં આવ્યું છે; અને ઘૃણિત વૃત્તિઓમાં રત રહેલા તામસી મનુષ્યો અધોગતિમાં જાય છે. **'अधः'**ના બે ભેદ છે – મહાયન્ત્રણાદાયક નરક વગેરે લોકવિશેષ અને ભૂંડ-કૂતરાં વગેરે તથા કૃમિ-કીડા વગેરે યોનિવિશેષ. આ બધાંમાં મહારૌરવ, કુંભીપાક વગેરે નરકો મહાન કષ્ટદાયક હોવાને કારણે વિશેષ નિમ્ન શ્રેણીનાં છે.

તેથી જ ભગવાન કહે છે –

આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।
મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥

(ગીતા - ૧૬/૨૦)

'હે અર્જુન! તે મૂઢલોકો મને પામ્યા વિના જ જનમોજનમ આસુરી (પશુ-પક્ષી, કૃમિ-કીડા વગેરે) યોનિને પ્રાપ્ત કરે છે; પછી એનાથી પણ અત્યંત નીચી ગતિ (કુંભીપાક વગેરે નરકો)માં જાય છે.'

ભગવાને કૃપા કરીને જીવને મનુષ્ય-શરીરનું પ્રદાન જ એટલા માટે કર્યું છે કે તે સાધન વડે મુક્તિ પ્રાપ્ત કરે. ભગવાનની તરફથી મનુષ્યમાત્રને મુક્તિનો અધિકાર મળેલો છે; પણ જ્યારે મનુષ્ય પોતે જ મુક્તિની અવગણના કરીને તામસી વૃત્તિઓના સેવનમાં રચ્યોપચ્યો રહે છે ત્યારે શું થઈ શકે!

તામસી વૃત્તિઓમાં મુખ્ય ત્રણ છે – પ્રમાદ, આળસ અને નિદ્રા. પ્રમાદનો અર્થ છે - નહીં કરવા યોગ્ય કામ કરવું અને કરવા યોગ્ય નહીં કરવું. મનુષ્ય માટે દૈવી સંપત્તિના ગુણોનું સેવન એ કર્તવ્ય છે, આ જ મહાન પુણ્યકર્મ છે, મનુષ્ય આ ગુણોનું સેવન કરતો નથી. અને આસુરી સંપદાના ગુણોનું સેવન ક્યારેય પણ કર્તવ્ય નથી; કારણ કે તેમના ફળસ્વરૂપે અધોગતિ, આસુરી યોનિ તથા નરકોની પ્રાપ્તિ થાય છે. આમ છતાં પણ મનુષ્ય આસુરી સંપદાનું સેવન કરે છે. આ જ પ્રમાદ છે. આ તમોગુણનું એક મુખ્ય સ્વરૂપ છે. આવો તમોગુણી મનુષ્ય નથી તો ભગવાનને માનતો, નથી તો ધર્મને માનતો અને નથી તો માનતો માતા-પિતા વગેરે ગુરુજનોને પણ. તે અશુભ કર્મો કરે છે, વ્યર્થ ચિંતન અને બકવાસ કરે છે, બધાંની નિંદા કરે છે અને પૂર્ણ ઉદ્દંડતા સાથે મનમાન્યાં આચરણ કરે છે તથા તેમાં ગૌરવ અનુભવે છે.

તમોગુણનું બીજું સ્વરૂપ છે – (સત્) કર્મની અવગણના કરવી, તેને ટાળતા રહેવું, જવાબદારી નહીં સમજીને સમય વ્યર્થ નષ્ટ કરવો, જીવનની

અમૂલ્ય ક્ષણોને વ્યર્થ વિતાવવી – આ આળસ છે. આને જ દીર્ઘસૂત્રતા કહે છે.

આ ઉપરાંત ત્રીજું સ્વરૂપ છે – રાત-દિવસ મોટા ભાગનો સમય ઊંઘવામાં વિતાવવો. ધ્યાનમાં બેસે ત્યારે ઊંઘ, કામ કરવા બેસે ત્યારે ઊંઘ, સદુપદેશ, કથા-ભાગવત સાંભળવા બેસે ત્યારે ઊંઘ, અતિથિસત્કારમાં જોડાય ત્યારે ઊંઘ, કોઈ કામની વાત સંભળાવી રહ્યા છે ત્યારે ઊંઘ, કર્તવ્યપાલનમાં પણ ઊંઘ. બસ, ખાધું અને લાંબી ખેંચીને સૂઈ ગયા! એવા લોકો જોવામાં આવ્યા છે જેઓ આઠ-આઠ, નવ-નવ કલાક ઊંઘવામાં વિતાવી દે છે અને જાગે છે તો પોતાનો સમય ખાવા-પીવામાં તથા ગપ્પાં-ટોળટપ્પાં મારવામાં, પત્તાં-ચોપાટ રમવામાં, વ્યર્થ બકવાસ કરવામાં અને નિષિદ્ધ કર્મોના આચરણમાં જ ગુમાવી દે છે. પછી ઊંઘી જાય છે.

આ દુર્ગુણોથી ગ્રસ્ત પ્રમાદી મનુષ્યોને જ સમાજમાં ઉદ્દંડ, નિરંકુશ, સ્વેચ્છાચારી, અકર્મણ્ય, આળસુ, દીર્ઘસૂત્રી, આવારા વગેરે નામે ઓળખવામાં આવે છે. તેમને નથી કર્તવ્યનું જ્ઞાન, નથી વિનય-નમ્રતાનું ધ્યાન; તેઓ વાત-વાતમાં અકડાઈ ઊઠે છે, કોઈનો કોઈ અંકુશ માનતા નથી, મનમાન્યું કરવામાં કે પડ્યા રહીને સમય નષ્ટ કરવામાં સુખનો અનુભવ કરે છે; તરત કામ કરવાનું જાણતા જ નથી; કામને ટાળતા રહેવામાં જ આરામ જુએ છે. આ પ્રમાણે પ્રમાદ, આળસ અને નિદ્રામાં પડેલા મનુષ્યો માનવ-જીવનના પરમ લાભથી એટલે કે ભગવત્પ્રાપ્તિથી વંચિત રહીને અધોગતિને પ્રાપ્ત કરે છે.

મહાભારતમાં ઉદ્યોગપર્વની અંતર્ગત એક સનત્સુજાતીયપર્વ છે. એમાં બ્રહ્માજીના સનક વગેરે ચાર પુત્રોમાંથી સનત્સુજાત વડે ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપવામાં આવ્યાનો પ્રસંગ છે. ધૃતરાષ્ટ્રે પૂછ્યું – 'ભગવન્! હું સાંભળતો આવ્યો છું, તમારા સિદ્ધાંતમાં તો મૃત્યુ છે જ નહીં અને દેવતાઓ વગેરેએ મૃત્યુથી બચવા માટે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું; તો આ બંનેમાંથી કઈ વાત બરાબર છે?' તેના જવાબમાં સનત્સુજાતે કહ્યું – 'પ્રમાદ જ મૃત્યુ છે અને

અપ્રમાદ અમૃત છે. પ્રમાદના કારણે જ આસુરી સંપદાવાળા (તમોગુણી) લોકો મૃત્યુથી પરાજિત છે અને અપ્રમાદથી જ દૈવી સંપદાવાળા (સાત્ત્વિક) મનુષ્ય અમૃતને પ્રાપ્ત કરી લે છે અર્થાત્ બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે × × × × મિથ્યા ભોગ-વિષયોમાં આસક્તિ થઈ જવાને કારણે મનુષ્યની જ્ઞાનશક્તિ લુપ્ત થઈ જાય છે અને તે બધી તરફથી વિષયોનું ચિંતન કરતો રહીને મનોમન તેમનું આસ્વાદન કરે છે. આ વિષય-ચિંતન જ (પ્રમાદનું કારણ બનીને) મૃત્યુની નજીક પહોંચાડી દે છે. પછી કામ, ક્રોધ વગેરે મળીને મનુષ્યને મૃત્યુના મુખમાં નાખી દે છે.'

સાચું જ છે કે જે વિષયપરાયણ મનુષ્ય એશ-આરામ, ભોગ-વિલાસ, કામ-ક્રોધમાં જીવન વિતાવે છે તેનું આયુષ્ય ઘટે જ છે. તમોગુણ આ પ્રમાદ, આળસ, નિદ્રા વડે જ જીવાત્માને બાંધે છે –

प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥

(ગીતા - ૧૪/૮)

જેમ મજબૂત દોરડાથી બાંધી દેવાથી પશુ ક્યાંય પણ ભાગીને જઈ શકતું નથી, તેવી જ રીતે તમોગુણના પ્રમાદ-આળસ-નિદ્રારૂપી દોરડાથી બંધાયેલો મનુષ્ય બંધન અવસ્થામાં જ મરી જાય છે. આ અનુભવી મહાપુરુષોનું કથન છે.

કામ-ઉપભોગ-પરાયણ તમોગુણી મનુષ્ય જ આસુરી સંપદાનું બાંધેલું પ્રાણી છે. આસુરી સંપદાના મુખ્ય દુર્ગુણો ત્રણ છે – કામ, ક્રોધ અને લોભ. ભગવાને કહ્યું છે –

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥

(ગીતા - ૧૬/૨૧)

'કામ, ક્રોધ અને લોભ – આ ત્રણ પ્રકારના નરકનાં દ્વાર આત્માનો નાશ કરનારાં અર્થાત્ તેને અધોગતિમાં લઈ જનારાં છે. તેથી આ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ.'

આ દુષ્ટ દુર્ગુણોને અપનાવવાથી મનુષ્યનું ઘોર અધઃપતન થાય છે. તેથી તેમનો દૃઢતાપૂર્વક ત્યાગ કરવો જોઈએ. તેમના ત્યાગથી પ્રમાદનો ત્યાગ થઈ જાય છે અને પ્રમાદના ત્યાગથી તેના પૂર્ણત્યાગમાં સહાય મળે છે.

ભગવાને મોટી કૃપા કરીને મનુષ્યદેહ આપ્યો છે. દેવતાઓ પણ એની આકાંક્ષા કરે છે. શ્રીતુલસીદાસજીએ રામચરિતમાનસના ઉત્તરકાંડમાં કહ્યું છે –

બડ़े ભાગ માનુષ તનુ પાવા। સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા॥

(ઉત્તરકાંડ - ૪૩/૪)

કબહુઁક કરિ કરુના નર દેહી। દેત ઈસ બિનુ હેતુ સનેહી॥

(ઉત્તરકાંડ - ૪૪/૩)

ભગવાનની આ નિર્હેતુક કૃપાનો સમાદર કરીને મનુષ્ય-દેહનો યથાર્થ લાભ ઉઠાવવો જોઈએ. આને માટે તમોગુણથી તો બચવું જ જોઈએ. રજોગુણનો પણ યથાશક્ય ભગવાનની સેવામાં જ પ્રયોગ કરવો જોઈએ.

રજોગુણનું કાર્ય કર્મ-પ્રવૃત્તિ છે; તેથી એવાં જ કર્મોમાં પ્રવૃત્ત થવું જોઈએ કે જે કર્મો ભગવાનની પ્રીતિ વધારનારાં, લોકહિતકારી હોય. રજોગુણજનિત ચંચળતાથી દૂર રહેવું જોઈએ. રજોગુણ જો સત્ત્વમુખી થયો નહીં, તો તમોગુણની સાથે મળીને તમોગુણ જેવો જ બની જાય છે. આ બંનેય સત્ત્વગુણથી દૂર છે; તેથી પરમાર્થથી દૂર લઈ જનારા છે. એમનામાં તમોગુણથી રજોગુણનું છેટું એટલું નથી કે જેટલું સત્ત્વગુણનું છે. જેમ કે, એક ૧-નો અંક છે, તેની સાથે શૂન્ય ૦ લગાડવામાં આવે તો દસ (૧૦) થઈ ગયા; એકથી નવનું છેટું થઈ ગયું. પણ જો તેની પાછળ એક શૂન્ય વધારે લગાવી દેવામાં આવે અને ૧૦૦નો અંક થઈ જાય તો તેનું એકથી નવ્વાણુંનું છેટું થઈ જશે. આ જ રીતે સત્ત્વગુણ તો સમજો કે સોની સંખ્યા છે, રજોગુણ દસની તથા તમોગુણ એકની. રજોગુણ તમોગુણથી દસ જ ગણો છેટો છે, તેથી તેમના મળવામાં વાર લાગતી નથી; પણ સત્ત્વગુણ

તો સો ગણો દૂર છે. તેથી તમોગુણથી પોતાને બચાવવાની ઇચ્છાવાળાઓએ રજોગુણથી પણ સતર્ક રહીને તેનો યથાયોગ્ય ત્યાગ કરવો જોઈએ. તમોગુણનો ત્યાગ તો સર્વથા આવશ્યક છે. બધાં પાપોનું ઉદ્‌ગમસ્થાન ઘણું કરીને તમોગુણ છે. તમોગુણી મનુષ્ય ભગવાનને ત્યાં તો જઈ શકતા જ નથી. તેમનું નરકોમાં પણ ઠેકાણું પડતું નથી.

મનુષ્ય-શરીર સહેજે જ મળતું નથી, ઘણા ઓછા જીવ મનુષ્ય બનવા પામે છે. મનુષ્યલોકમાં વધારે મનુષ્યો માટે જગ્યા જ નથી. આજના યુગમાં આપણા જોવામાં (આવે છે કે) પૃથ્વી પર મનુષ્યોની સંખ્યા લગભગ ત્રણ અબજ હશે. પણ અન્ય બીજા જીવો તો અસંખ્ય છે. એક-એક ક્ષુદ્ર ખેતરમાં નાના-નાના અબજો જીવો રહી શકે છે. તેમના માટે પર્યાપ્ત જગ્યા છે. આજે કોઈ દેશમાં જો અબજ મનુષ્યો પેદા થઈ જાય તો જગ્યાની ઘણી જ મુશ્કેલી થઈ જાય. દેવતાઓનું સ્થાન પણ એટલું સાંકડું નથી કે જેટલું મનુષ્યોનું છે. તેથી મનુષ્યશરીર દેવતાઓ માટે પણ દુર્લભ છે. આવું દુર્લભ મનુષ્ય-શરીર પામીને જે તમોગુણમાં રત થઈને કામોપભોગમાં જ જીવન વિતાવી દે છે તે આત્મહત્યારાની ગતિ પ્રાપ્ત કરે છે –

જો ન તરૈ ભવ સાગર નર સમાજ અસ પાઈ ।
સો કૃત નિંદક મંદમતિ આત્માહન ગતિ જાઈ ॥

(શ્રીરામચરિતમાનસ, ઉત્તરકાંડ - દોહો ૪૪)

આ બધી વાતો પર વિચાર કરીને માનવ-જીવનને કામ, ક્રોધ, લોભથી બચાવીને ભગવાનની સેવારૂપી સત્ત્વગુણનાં કાર્યોમાં જ પ્રયોજવું જોઈએ. જોકે સંસારમાં રહેનારા લોકોએ કામ, ક્રોધ, લોભનો સામનો કરવો પડે છે; અને તે કામ, ક્રોધ, લોભ, તામસ, રાજસ – બે પ્રકારના હોય છે. જેમ કે –

(૧) પોતાની પરિણીત ધર્મપત્નીની સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મર્યાદિત રમણ કરવું એ રાજસ છે, એનાથી નરકોની પ્રાપ્તિ થતી નથી; પણ શાસ્ત્રવિરુદ્ધ જે અનુચિત સંગ થાય છે તે તામસ છે, પછી ભલેને તે

પોતાની પત્ની સાથેનો જ કેમ ન હોય. એનાથી અધઃપતન થાય છે.

(૨) પોતાનાં સંતાન, પ્રજા વગેરેના હિત માટે પિતા અને વાલીના અભિનયના રૂપમાં ક્રોધ કરવો એ રાજસ છે, તેનાથી અધઃપતન થતું નથી; પણ બીજાનું અનિષ્ટ કરવા માટે જે અનુચિત ક્રોધ કરવામાં આવે છે તે તામસ છે અને એનાથી અધઃપતન થાય છે.

(૩) આજીવિકા માટે સત્ય અને ન્યાયનું રક્ષણ કરતા રહીને ધન કમાવાની ઇચ્છા કરવી અને અનુચિત વ્યયથી ધનને બચાવવું એ ઉચિત લોભ છે, તેથી રાજસ છે. એનાથી અધઃપતન થતું નથી; કારણ કે એવો લોભી મનુષ્ય તો જૂઠ, કપટ, ચોરી, બેઈમાનીના ધનને વિષવત્ સમજે છે અને માતા-પિતા, જરૂરીયાતમંદ, અનાથ, સુપાત્ર, ધર્મકાર્ય વગેરેના નિમિત્તે ધનનો વ્યય કરવામાં ઉત્સાહી રહે છે. પરંતુ જે મનુષ્ય ધનને ગમે તેમ પણ પ્રાપ્ત કરવાની લાલસાથી અન્યાયપૂર્વક જૂઠ, કપટ, છળ, ચોરી, બેઈમાનીથી ધન કમાવા ઇચ્છે છે અને ઉચિત જગ્યાએ (જેમ કે) માતા-પિતા, ગુરુ, અનાથ-ગરીબની સેવા વગેરેમાં ધનનો વ્યય કરવામાં કંજૂસાઈ કરે છે તેનો તે અનુચિત લોભ તામસ છે; અને તે તામસી મનુષ્યનું અધઃપતન થાય છે.

આમ હોવા છતાં પણ મનુષ્યે કામ, ક્રોધ, લોભથી પણ બચવું જોઈએ; કારણ કે રાજસી થતાં-થતાં આ બધા તામસી થઈ જાય છે અને બુદ્ધિનાશમાં કારણ બનીને આપણો સર્વનાશ કરી દે છે. તેથી આ કામ, ક્રોધ, લોભનો સમૂળો નાશ કરવા માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ અને વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે ભગવત્કૃપાના આશ્રયથી તેમનો વિનાશ સહેજે જ કરી શકાય છે.

આત્મહત્યા કરવાનું અથવા ઘર છોડીને ભાગી નીકળવાનું દુષ્પરિણામ

આજકાલ સમાચાર-પત્રોમાં ઘણું કરીને એવા સમાચાર જોવા, વાંચવા તેમ જ સાંભળવામાં આવ્યા કરે છે કે અમુક વ્યક્તિએ અમુક કારણથી આત્મહત્યા કરી લીધી અથવા અમુક વ્યક્તિ ઘર છોડીને ભાગી નીકળી વગેરે વગેરે. અહીં આ લેખમાં આ પ્રકારની ચેષ્ટાઓના દુષ્પરિણામ વિષે વિચાર કરવામાં આવે છે.

ઘણાંબધાં સ્ત્રી-પુરુષો, બાળકો અને બાલિકાઓ આવેશમાં આવી જઈને આત્મહત્યા કરી લે છે – આ તેમની બિલકુલ નાદાની છે. બધી જ યોનિઓમાં મનુષ્યયોનિને જ શ્રેષ્ઠ બતાવવામાં આવી છે; આ વાત શાસ્ત્રસંગત, યુક્તિસંગત અને પ્રત્યક્ષ પણ છે જ. મનુષ્યયોનિ જ એક એવી યોનિ છે કે જેમાં આ લોક અને પરલોકનાં સમસ્ત સુખોની પ્રાપ્તિનું સાધન કરી શકાય છે તેમ જ સૌને સુખ પહોંચાડાય છે. બીજા કોઈ પ્રાણીમાં એવી શક્તિ નથી કે તે બધાંને સુખ પહોંચાડી શકે. શાસ્ત્રોમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે મનુષ્યજીવન સિવાય બીજા કોઈ જીવનમાં પોતાના પણ આત્માનું કલ્યાણ થઈ શકતું નથી. બીજું બધું તો ઠીક, આ મનુષ્યશરીરને પામવા માટે તો દેવતાઓ પણ તલસે છે. જે લોકો આત્મહત્યા કરીને આવા અમૂલ્ય શરીરથી હાથ ધોઈ બેસે છે તેમના કરતાં વધુ નાદાન બીજું કોણ હોઈ શકે? ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસના ઉત્તરકાંડમાં કહ્યું છે –

બડ़े ભાગ માનુષ તનુ પાવા। સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા ॥

(ઉત્તરકાંડ - ૪૩/૪)

'અર્થાત્ આ મનુષ્યશરીર મોટા ભાગ્યથી મળે છે, તે દેવતાઓ માટે પણ દુર્લભ છે – આ વાત સારા-સારા ગ્રંથો કહે છે.'

એટલું જ નહીં, ગોસ્વામીજી કહે છે કે જીવ જ્યારે ચોર્યાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરતો કરતો પરેશાન થઈ જાય છે ત્યારે તેનું કષ્ટ જોઈને ભગવાન જ પોતાના પરમ દયાળુ સ્વભાવને કારણે કૃપા કરીને તેને મનુષ્યશરીર આપે છે –

આકર ચારિ લચ્છ ચૌરાસિ। જોનિ ભ્રમત યહ જિવ અબિનાસી ॥
ફિરત સદા માયા કર પ્રેરા। કાલ કર્મ સુભાવ ગુન ઘેરા ॥
કબહુઁક કરિ કરુના નર દેહી। દેત ઈસ બિનુ હેતુ સનેહી ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૪/૨-૩)

ઈશ્વરની નિર્હેતુક કૃપા અને દયાથી આ જે મનુષ્ય-શરીર મળ્યું છે તેનો આપણે વિશેષ લાભ ઉઠાવવો જોઈએ. ઉત્તમ દેશ, ઉત્તમ સમય, ઉત્તમ જાતિ, ઉત્તમ સંગ, ઉત્તમ ધર્મ – આ બધું ઈશ્વરકૃપાથી મનુષ્ય-શરીરમાં જ મળે છે, જે આપણને મળ્યું છે. એટલું જ નહીં, પરમદયાળુ ઈશ્વરે આપણને બુદ્ધિ, વિવેક, શક્તિ તથા બધા જ અનુકૂળ પદાર્થો પ્રદાન કર્યા છે; તે બધાનો ઠીક-ઠીક ઉપયોગ કરવાની આવશ્યકતા છે. તેમનો યોગ્ય ઉપયોગ કરવાથી કલ્યાણ અને દુરુપયોગ કરવાથી અધોગતિ થઈ શકે છે. ઉપર્યુક્ત સમગ્ર સાધનોથી સંપન્ન થઈને પણ જેણે પોતાના આત્માનું કલ્યાણ નહીં કર્યું અર્થાત્ આ લોક અને પરલોકને સુધાર્યા નહીં તેની શાસ્ત્રો ભારે નિંદા કરે છે. શ્રીરામચરિતમાનસમાં ઉત્તરકાંડમાં કહ્યું છે –

જો ન તરૈ ભવ સાગર નર સમાજ અસ પાઈ ।
સો કૃત નિંદક મંદમતિ આત્માહન ગતિ જાઈ ॥

(શ્રીરામચરિતમાનસ, ઉત્તરકાંડ - દોહા ૪૪)

'આવું દુર્લભ મનુષ્ય-શરીર પામીને જે મનુષ્ય સંસાર-સાગરમાંથી પાર ઊતરતો નથી તે કૃતઘ્ન છે, મંદમતિ છે તથા આત્મહત્યા કરનારાની જે ગતિ થાય છે તે ગતિ તેની થાય છે.'

આત્મહત્યા કરનારાની દુર્ગતિના વિષયમાં શુકલ યજુર્વેદના ચાલીસમા અધ્યાયના, કે જેને ઈશાવાસ્યોપનિષદ પણ કહે છે તેના ત્રીજા મંત્રમાં કહેવામાં આવ્યું છે –

અસુર્યા નામ તે લોકા અન્ધેન તમસાઽઽવૃતાઃ ।
તાઁસ્તે પ્રેત્યાભિગચ્છન્તિ યે કે ચાત્મહનો જનાઃ ॥

'જે કોઈ પણ મનુષ્યો આત્મહત્યા કરનારા હોય છે તેઓ અનેક પ્રકારની આસુરી યોનિઓને તથા અસુરોના તે ભયંકર લોકોને વારંવાર પ્રાપ્ત કરે છે, કે જે અજ્ઞાન-દુઃખ-ક્લેશરૂપ મહાન અંધકારથી આચ્છાદિત છે.'

આત્મહત્યારાના બે પ્રકાર હોય છે – એક તો તે આત્મહત્યારાઓ છે કે જેઓ મનુષ્યનું શરીર પામીને પોતાના કર્તવ્યનું પાલન કરતા નથી અને બીજા તે આત્મહત્યારાઓ છે કે જેઓ આ મનુષ્ય-શરીરને કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ અને ભયને કારણે જબરદસ્તીથી નષ્ટ કરી દે છે. બંનેયની દુર્ગતિ જ થાય છે. કોઈ પણ પ્રકારે કેમ ન કર્યો હોય, પણ પ્રાણોનો વિયોગ કરવો એ તો મહાન મૂર્ખતા જ છે.

કોઈ-કોઈ વિદ્યાર્થી હાઈસ્કૂલ અથવા કૉલેજની કોઈ પરીક્ષામાં અનુત્તીર્ણ થવાને કારણે એવા ભય અને શરમને કારણે કે 'હું પરીક્ષામાં

ફેલ થઈ ગયો, હવે હું કોઈને પણ મોઢું દેખાડવાને લાયક નથી રહ્યો, લોકો મને શું કહેશે?' - એવી મૂર્ખતાને કારણે આત્મહત્યા કરી લે છે. કોઈ-કોઈ વ્યક્તિ ઘરના ઝઘડા તથા બીજી અન્ય ઝંઝટોને કારણે પણ આત્મહત્યા કરી લે છે. આ જ રીતે દહેજની પ્રથા વધી જવાને કારણે રૂપિયાની વ્યવસ્થા નહીં થવાથી ઘણી મોટી ઉંમર સુધી લગ્ન નહીં થવાથી છોકરીઓ પોતાના ભવિષ્યનો વિચાર નહીં કરતાં માતા-પિતાનું દુઃખ જોઈને આત્મહત્યા કરી લે છે. કેટલી વહુઓ સાસુનાં મહેણાં સહન નહીં કરી શકવાને કારણે જ આત્મહત્યા કરી લે છે. આવાં સ્ત્રી-પુરુષો ઝેર ખાઈને, પાણીમાં ડૂબીને કે અગ્નિસ્નાન કરીને અથવા કોઈ-કોઈ ઊંચી જગ્યાએથી સ્વેચ્છાએ પડતું મૂકીને મરી જાય છે. તેઓ એમ નથી વિચારતાં કે મારી આત્મહત્યા કરી લેવાથી શી દશા થશે, હું ક્યાં જઈશ, આના ફળસ્વરૂપે મને સુખ મળશે કે દુઃખ ભોગવવું પડશે વગેરે. કોઈના વડે શરીર થકી કોઈ દોષ થઈ જાય છે તો તે તેના કારણે જ આત્મહત્યા કરી લે છે. તે એમ વિચારે છે કે હું મોટો પાપી છું, મારું તો જીવન જ ભ્રષ્ટ થઈ ગયું. પરંતુ વાસ્તવમાં વિચારવામાં આવે તો આ બધી તેની મિથ્યા કલ્પના જ છે. કોઈ મોટામાં મોટો દુરાચારી કેમ ન હોય, તેના પણ ઉદ્ધારનો ઉપાય ભગવાને શ્રીમદ્ભગવદ્ગીતામાં બતાવ્યો છે –

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।
કૌન્તેય પ્રતિ જાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥

(શ્રીમદ્ભગવદ્ગીતા - ૯/૩૦-૩૧)

'જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવે મારો ભક્ત થઈને મને નિરંતર ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે; કેમ કે તે

યથાર્થ નિશ્ચય કરનારો છે, અર્થાત્ તેણે સારી પેઠે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશુંય નથી. (ફળસ્વરૂપે) તે સત્વરે ધર્માત્મા થઈ જાય છે અને સદાકાળ રહેનારી પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. હે અર્જુન! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત નાશ નથી પામતો.'

ભગવાન કેટલું આશ્વાસન આપી રહ્યા છે! પોતાના આત્માના કલ્યાણ માટે કોઈએ પણ નિરાશ થવાની જરૂર નથી. કોઈ કેવોય પાપી કેમ ન હોય, જો તેનું શરીર હયાત રહ્યું તો સાધન કરવાથી કોઈ એક દિવસ તે પોતાનો ઉદ્ધાર પણ કરી શકે છે. પરંતુ મનુષ્યશરીર ખોઈ બેસવાથી તો ઉદ્ધારનો કોઈ રસ્તો જ રહેવા પામતો નથી, તેના માટે તો જોખમ જ જોખમ છે; કારણ કે જ્યાં સુધી મનુષ્યશરીર તેને મળેલું છે, તે સમય મળતાં સર્વ કાંઈ કરી શકે છે. ભગવાનની કૃપાથી ધનહીન પણ ધનવાન અને મૂર્ખ પણ પંડિત થઈ શકે છે; હંમેશ માટે સ્થિતિ એકસરખી રહેતી નથી. પરંતુ આત્મહત્યા કરી લેવાથી જીવ દુઃખ ભોગવવા સિવાય બીજું કંઈ કરી શકતો નથી, એ વાત નિશ્ચિત છે. આત્મહત્યા કરનારો એમ સમજે છે કે આત્મહત્યા કરી લેવાથી આ બધાં દુઃખોથી તેને છુટકારો મળી જશે; પરંતુ વાત સર્વથા એવી નથી. આ મનની મૂર્ખતાભરેલી સમજ છે; કારણ કે જીવિત અવસ્થામાં જે દુઃખ છે તેના કરતાં વધારે દુઃખ તો આત્મહત્યા કરતી વખતે થાય છે અને તેના કરતાં પણ સેંકડો ગણું દુઃખ આત્મહત્યા કર્યા પછી પરલોકમાં ભોગવવું પડે છે.

દાખલા તરીકે માની લો કે, કોઈએ આત્મહત્યાનો વિચાર કરીને પોતાની ઉપર કેરોસીન છાંટીને આગ ચાંપી દીધી. પરંતુ જ્યારે તેનું શરીર બળે છે, તે સમયે તેને ખૂબ પીડાનો અનુભવ થાય છે અને તે અંદરથી ઇચ્છે છે કે હું કોઈ પણ રીતે બચી જાઉં. પરંતુ તે ઘણું

કરીને બચી શકતો જ નથી અને ભયાનક કષ્ટથી તડપી-તડપીને પ્રાણત્યાગ કરે છે, તેના શરીરમાં ઘણી બળતરા થાય છે. જો કોઈ બચી જાય છે તો તે પણ જીવતે-જીવ ઘણું કષ્ટ ભોગવતો રહે છે.

કોઈ આત્મહત્યા માટે વિષપાન કરે છે. વિષપાન કરવાથી જ્યારે ઝેર ચડે છે ત્યારે ઘણો જ ક્લેશ થાય છે અને મનુષ્ય તરફડે છે, ચીસો પાડે છે, મોટેમોટેથી રડે છે, ઘરવાળાંઓને પોતે ઝેર પીધું છે તેની જાણ કરે છે. ઘરવાળાં ડૉક્ટર-વૈદ્યને બોલાવીને ઝેર કઢાવવાના વિવિધ પ્રયત્નો કરે છે. જ્યારે કોઈ પણ રીતે ઝેરનું શમન થતું નથી ત્યારે તેણે બધાં જ ઘરવાળાંઓ સમક્ષ તડપી-તડપીને મરવું પડે છે. તે સમયનું દૃશ્ય ખૂબ જ ભયાનક હોય છે.

આ જ પ્રમાણે કોઈ નદી, તળાવ, કૂવા વગેરે જળાશયોમાં ડૂબીને મરે છે. એકવાર તો તે પોતાના નિશ્ચય અનુસાર કૂદી પડે છે; પરંતુ જ્યારે પાણીમાં બે-ચાર ડૂબકાં ખાય છે અને તેનું ગળું રુંધાવા લાગે છે, પાણી પેટમાં ભરાઈ જાય છે ત્યારે તેને ઘણી ભયંકર વેદના થાય છે અને એવી ઇચ્છા થાય છે કે મને કોઈ બચાવી લે. તે પોતાની પૂરી શક્તિથી હાથ-પગ વીંઝે છે અને પોતાની પૂરી તાકાતથી પાણીની બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે, બચાવવા માટે બીજાઓને ઇશારા પણ કરે છે. કોઈ-કોઈને સંજોગવશ કેટલાક કાઢી પણ લે છે. ડૉક્ટરોને બોલાવવામાં આવે છે, તેઓ પેટમાંથી પાણી કાઢે છે, ઇન્જેક્શન આપે છે, મસાજ કરે છે. પરિણામે કોઈ કોઈ જીવી પણ જાય છે, અન્યથા મોટા ભાગના લોકો તો મરી જ જાય છે. જેને કોઈ પણ બહાર કાઢી શકતું નથી તે તો ઘણું કરીને મરી જ જાય છે. કારણ ભલેને જે હોય તે, પણ મોત વિના ક્સમયે શરીરત્યાગ કરનારાને અત્યંત કષ્ટ પડે છે – આ નિશ્ચિત તથા પ્રત્યક્ષ પણ છે જ. ઉપર્યુક્ત દૃશ્યો જોઈને

ઘરવાળાંઓને તો અપાર દુઃખ થાય જ છે, બીજા લોકોને પણ તેમનું વિયોગજન્ય દુઃખ જોઈને ઘણું કષ્ટ થાય છે. કોઈ-કોઈ તો પરણેલા હોવા છતાં પણ કોઈ કારણવશ આત્મહત્યા કરી લે છે અને પોતાની પત્ની તથા બાળ-બચ્ચાંને હંમેશ માટે મહાન સંકટમાં નાખી દે છે. તેઓ એવું વિચારવાનો જરા પણ પ્રયત્ન કરતા નથી કે હું આત્મહત્યા કરી લઈશ એ પછી મારાં માતા-પિતા વગેરેની તથા મારાં આશ્રિત પત્ની અને નાનાં-નાનાં બાળકોની શી દશા થશે, તેમનું કોણ રક્ષણ કરશે, તેમનું ભરણ-પોષણ કેવી રીતે થશે. આ તો આ લોકમાં થનારા દુઃખનું વર્ણન થયું. પરલોકમાં તો તેમણે જે કષ્ટ અને દુઃખ ભોગવવું પડે છે તે અવર્ણનીય છે. આપણા પ્રાતઃસ્મરણીય ત્રિકાળજ્ઞાની ઋષિ-મુનિઓએ આત્મહત્યારાની મોટી દુર્ગતિ બતાવી છે.

કસમયે શરીર-ત્યાગ કરવાને કારણે પ્રથમ તો આત્મહત્યારાને કોઈ પણ યોનિ મળતી નથી, તે પ્રેતયોનિમાં ભટકતો રહે છે. ત્યારપછી તે ભૂંડ, કૂતરા, કીડા, પતંગિયાં વગેરે તિર્યક્ યોનિઓ પામે છે અને ત્યારપછી તેને રૌરવ, મહારૌરવ, કુંભીપાક, અંધતામિસ્ર વગેરે ઘોર નરકોમાં નાખવામાં આવે છે. નરકોની વિભિન્ન ઘોર યાતનાઓ તેને આપવામાં આવે છે, જેનું વર્ણન શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ વગેરે ગ્રંથોમાં આવે છે. આ પ્રમાણે કસમયે મરવાની જે પ્રવૃત્તિ છે તે આસુરી સ્વભાવ છે. આસુરી સ્વભાવવાળાઓનું વર્ણન ભગવાને ગીતાના ૧૬મા અધ્યાયમાં ૪થાથી ૨૧મા સુધીના શ્લોકોમાં કર્યું છે, તેને ત્યાં જોઈ શકાય છે. તે આસુરી સ્વભાવવાળાઓની જે દુર્ગતિ થાય છે તેવી દુર્ગતિ કસમયે પ્રાણ-ત્યાગ કરનારાની થાય છે. આસુરી સ્વભાવવાળાઓની દુર્ગતિનું વર્ણન ભગવાને ગીતાના સોળમા અધ્યાયમાં ૧૬મા શ્લોકમાં કર્યું છે –

અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ।
પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ॥

(ગીતા - ૧૬/૧૬)

'અનેક પ્રકારે ભ્રમિત ચિત્તવાળા, મોહરૂપ જાળથી સમાવૃત અને વિષયભોગોમાં અત્યંત આસક્ત એવા તે આસુરી લોકો મહાન અપવિત્ર એવા નરકમાં પડે છે.'

આગળ આ જ અધ્યાયના ૨૦મા શ્લોકમાં ભગવાન કહે છે –

આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।
મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥

(ગીતા - ૧૬/૨૦)

'હે અર્જુન! તે મૂઢ મનુષ્યો મને પામ્યા વિના જ જનમોજનમ આસુરી યોનિને પ્રાપ્ત કરે છે, પછી તેના કરતાં પણ ઘણી નીચ ગતિને પ્રાપ્ત કરે છે અર્થાત્ ઘોર નરકોમાં પડે છે.'

આ આશયનું પુરાણોમાં પણ ઠેર-ઠેર વર્ણન આવે છે. શાસ્ત્રોની આ બધી વાતો પર વિશ્વાસ કરીને આ અમૂલ્ય મનુષ્ય-જીવનને કામ, ક્રોધ, લોભ, મોહ, લજ્જા, ભય, અજ્ઞાન, રાગ-દ્વેષ વગેરે કારણે સંકટમાં નહીં નાખવું જોઈએ.

કેટલાયે ભાઈઓ ઘરના ક્લેશને કારણે ત્રાસ અનુભવવાથી લજ્જા, ભય અને ક્રોધને વશીભૂત થઈને ઘર છોડીને બહાર નીકળી જાય છે. દૂરદર્શી નહીં હોવાને લીધે જ તેઓ આવું કરે છે; પરંતુ બહાર નીકળી ગયા પછી જ્યારે સૂવા, ખાવા, પીવા વગેરેમાં ઘણું કષ્ટ અનુભવે છે ત્યારે પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરે છે. તેમના મનમાં ઘરે પાછા જવાની વાત પણ આવે છે; પરંતુ લોકો તેમને શું કહેશે એવી લજ્જાને લીધે તેઓ જઈ શકતા નથી. આ રીતે ભ્રમિત ચિત્તવાળા ત્રિશંકુના જેવી મનઃસ્થિતિને લીધે તેઓ કાં તો કોઈ વેશધારી દંભી પાખંડી સાધુના ચક્કરમાં પડી જાય છે અથવા તો ભટકતા ફરે છે. તેઓ ચિંતિત રહે

છે તેમ જ ભયાનક સંકટમાં ફસાઈ જાય છે. તેમની પ્રત્યક્ષ દુર્દશા થાય છે અને એમના વિયોગમાં તેમના કુટુંબીજનો પણ દુઃખી થાય છે. તેથી ઘર છોડીને ભાગી નીકળવું એ પણ મહાન મૂર્ખતાનું દ્યોતક જ છે. આ પણ કામ, ક્રોધ, લોભ, મોહ, ભય વગેરેને કારણે જ થાય છે. ભગવાને ગીતાના સોળમા અધ્યાયના ૨૧મા શ્લોકમાં કહ્યું છે –

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

(ગીતા - ૧૬/૨૧)

'કામ, ક્રોધ તથા લોભ – આ ત્રણ પ્રકારનાં નરકનાં દ્વાર છે; આ આત્માનો નાશ કરનારાં અર્થાત્ અધોગતિમાં લઈ જનારાં છે. તેથી આ ત્રણેનો ત્યાગ કરી દેવો જોઈએ.'

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥

(ગીતા - ૧૬/૨૨)

'આ ત્રણે નરકનાં દ્વારોમાંથી મુક્ત થયેલો અર્થાત્ કામ, ક્રોધ વગેરે વિકારોમાંથી છૂટી ગયેલો મનુષ્ય પોતાના કલ્યાણનું આચરણ કરે છે, તેથી તે પરમ ગતિને પ્રાપ્ત કરે છે.'

તેથી ઉપર્યુક્ત દુષ્પરિણામો પર વિચાર કરીને કોઈ પણ મનુષ્યે ન તો આત્મહત્યા કરવી જોઈએ અને ન તો ઘર છોડીને ભાગી નીકળવું પણ જોઈએ.

પ્રતિગ્રહ અને પાપ કરતાં પણ ઋણ વધુ હાનિકારક છે

ઋણ લેનારી વ્યક્તિ ઋણ આપનારનું ઋણ જ્યાં સુધી ચૂકવી આપતો નથી ત્યાં સુધી તેનો આ લોકમાં કે પરલોકમાં ક્યાંય પણ કદી છુટકારો થતો નથી. ઋણ લેનારાએ મરણ પામ્યા પછી બીજા જન્મમાં ઋણ આપનારનાં માતા, પિતા, ભાઈ, બંધુ, પત્ની, પુત્ર અથવા ગાય, બળદ, ઘોડો વગેરે પશુના રૂપમાં જન્મ લઈને ઋણ ચૂકવવું પડે છે. ઋણ ચૂકવ્યા વિના ઋણમાંથી મુક્તિ થઈ શકતી નથી, તો પછી પરમપદની પ્રાપ્તિ તો થઈ જ કેવી રીતે શકે? અહીં સરકારના રાજ્યમાં તો કાયદા મુજબ ત્રણ વર્ષ પછી રૂપિયા પરત ચૂકવવાની મુદત પૂરી થઈ જાય છે અને જમીન, ઘર વગેરે સ્થાવર મિલકત સામે રૂપિયા અર્થાત્ ધિરાણ લઈને ઋણના દસ્તાવેજનું જો રજિસ્ટ્રેશન કરાવેલું હોય તો તે રૂપિયા પરત ચૂકવવાની મુદત બાર વર્ષ પછી પૂરી થઈ જાય છે. પરંતુ ભગવાનને ત્યાં હજારો વર્ષ વીતી જવા છતાં પણ ઋણની આ રીતે સમાપ્તિ થતી નથી. વ્યાજ તો મૂળ રૂપિયા અર્થાત્ મૂડી કરતાં વધુ નથી તો આ રાજયમાં પણ મળતું અને નથી તો પરલોકમાં પણ મળતું. ઋણ લેનારો ઋણ આપનારનું દિલ દુઃખાવીને જબરદસ્તીથી રૂપિયાના આઠ આના કે ચાર આના આપીને તેની પાસેથી ઋણ-મુક્તિનું અર્થાત્ ઋણ ચુકવાઈ ગયાનું લખાણ લખાવી લે છે, તેમ છતાં બાકી રૂપિયાનું ઋણ, ઋણ લેનારાના માથે રહે જ છે. જો ઋણ આપનારાને મૂળધન (મૂડી) જો પૂરેપૂરી ચૂકવી આપવામાં આવે અને તેના પર ચઢેલું વ્યાજ વિનય-વિનંતી કરીને માફ કરાવી લેવામાં આવે તો પછી તે ઋણ માથે રહેતું નથી, પરંતુ ઋણ લેનારો સહાય (રાહત) લેવાના રૂપમાં ઋણ આપનારનો આભારી તો રહે જ છે. જો ઋણ આપનારો પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરી દે અથવા તે ભગવાનને પ્રાપ્ત કરી લે તો ઋણ લેનારો ભગવાનનો ઋણી થઈને રહે છે – જેમ કે આ લોકમાં કોઈ મનુષ્ય મૃત્યુ પામે અને તેનો કોઈ પણ વારસ ન હોય તો તેના ધનની

માલિકી સરકારની થઈ જાય છે. તેમ જ જો તે મૃત્યુ પામેલ મનુષ્યનો કોઈ ઋણી હોય અને તે જો તે ઋણના રૂપિયા સરકારને ચૂકવી આપે છે તો તે ઋણમાંથી મુક્ત થઈ જાય છે. જો કોઈ ઋણ આપનારો મૃત્યુ પામે અને તેના વારસ – પુત્ર, પુત્રી, ભાઈ, બંધુ વગેરે પૈકી કોઈ પણ હયાત હોય તો તેમને ઋણ ચૂકવી આપવાથી ઋણ લેનારો ઋણમાંથી મુક્ત થઈ શકે છે. જો ઋણ આપનારો તો જીવિત છે અને ઋણ લેનારો મૃત્યુ પામે છે અને ઋણ લેનારાના પિતા, પુત્ર, ભાઈ, બંધુ કે કુટુંબના લોકો ઋણ આપનારાને ઋણ લેનારાનું ઋણ ચૂકવી આપે છે તો ઋણ લેનારો ઋણમાંથી મુક્ત થઈ શકે છે; પરંતુ જો તેનાં કુટુંબીજનો ઋણ લેતી વખતે એમાં સામેલ થયેલાં ન હોય તો ઋણ ચૂકવી આપનારાં તે કુટુંબીજનોનો તે ઋણ લેનારાની ઉપર ઉપકાર થયો ગણાશે.

દાન, દહેજ અને ઉપકાર – આ ત્રણેનો અલગ-અલગ હિસાબ (અર્થાત્ ગણતરી) છે. આ વાત ઉદાહરણથી આ રીતે સમજવી જોઈએ –

એક ધનવાન વૈશ્યને એક પરણેલી દીકરી હતી. તે દીકરીને એક દીકરી હતી. તે દીકરીના લગ્ન માટે ઓછામાં ઓછા બે હજાર રૂપિયાની જરૂર હતી; પણ પેલી દીકરી અને તેના પતિ પાસે કોઈ પ્રકારનું ધન ન હતું, તેથી તે દીકરીએ પોતાના ધનિક પિતા પાસેથી દીકરીના લગ્ન માટે બે હજાર રૂપિયાની આ રીતે માગણી કરી કે 'તમે મને, મારા જે પાંચ સો રૂપિયા તમારે ત્યાં જમા પડેલા છે તે આપી દો. પાંચસો રૂપિયા તો ઘરના રિતરિવાજ પ્રમાણે તમે દહેજમાં આપશો જ. આ ઉપરાંત, પાંચસો રૂપિયા તમે મારી દીકરીના લગ્નમાં મદદ તરીકે આપો અને બાકીના પાંચ સો રૂપિયા ઋણ તરીકે આપો કે જે મારા પતિ કમાઈને તમને ચૂકવી આપશે.' આ સાંભળીને વૈશ્ય રાજી થઈ ગયો અને દીકરીના કહેવા મુજબ તેણે તેને રૂપિયા આપ્યા, જેનાથી કન્યાનું લગ્ન થઈ ગયું.

હવે, આ રૂપિયાની બાબતમાં આમ સમજવું જોઈએ : પાંચસો રૂપિયા

કે જે દીકરીના પિતાને ત્યાં જમા હતા તે તો પિતા પરનું ઋણ હતું; તેથી પિતા તે ઋણમાંથી મુક્ત થઈ ગયો તથા પાંચસો રૂપિયા કે જે પિતાએ દહેજ તરીકે આપ્યા તેના પર તે દીકરીનું પોતાનું સ્વત્વ અર્થાત્ અધિકાર હતો, જે તેણે મેળવી લીધો; આમ, આ રૂપિયા બાબતે કોઈની સાથે કોઈ લેવડદેવડ બાકી રહી નહીં. પાંચસો રૂપિયા કે જે પિતાએ મદદ તરીકે આપ્યા તે માટે દીકરી પિતાની ઉપકૃત છે, પણ ઋણી નથી. બાકીના પાંચસો રૂપિયા કે જે દીકરીએ પિતા પાસેથી ઋણ તરીકે લીધા તે રૂપિયા તે દીકરીએ અને તેના પતિએ ચૂકવવાના રહેશે, પરત ચૂકવવાથી જ તેઓ તે ઋણમાંથી મુક્ત થઈ શકે. જો આ જન્મમાં તે રૂપિયા ચૂકવી આપવામાં ન આવે તો તે બંનેએ ભાવિ જન્મમાં કોઈ ને કોઈ રૂપમાં ચૂકવી આપવા પડશે.

કોઈ માણસ કોઈને દાન આપે છે અને કોઈની કોઈ સ્વરૂપમાં મદદ (ઉપકાર) કરે છે કે સેવા કરે છે તો તે દાન કે મદદ આપનારાને અને સેવા કરનારાને તેની ઇચ્છા અનુસાર ફળ મળે છે. જો તે આ લોકની કે પરલોકની કોઈ કામનાને લીધે આવું દાન કે મદદ કરે છે તો તેની તે કામના સિદ્ધ થાય છે અને જો તે પોતાનું કર્તવ્ય સમજીને નિષ્કામભાવથી દાન કે મદદ કરે છે તો તેનો આત્મા પવિત્ર બને છે અને તે ઉપકાર કે સેવાના ફળસ્વરૂપે તેનો ઉદ્ધાર થઈ શકે છે. દાન કે મદદ લેનારો અને સેવા કરાવનારો જે તે માટે અધિકારી છે. જેમ કે બ્રાહ્મણને દાન લેવાનો અધિકાર છે; માતા, પિતા, સ્વામી, ગુરુ વગેરેનો પોતાના પુત્ર, સેવક, શિષ્ય વગેરે પાસેથી સેવા કરાવવાનો અધિકાર છે – તો આવા અધિકાર અનુસાર દાન, મદદ, સેવા લેનારી વ્યક્તિ ઉપકૃત મનાતી નથી. આમના સિવાયના જે પણ કોઈની પાસેથી દાન, મદદ કે સેવા સ્વીકારે છે તો તે તેનો ઉપકૃત છે; તેના બદલામાં તેની મદદ કરવી, સેવા કરવી અને તેનું હિત ઇચ્છવુ એ તે ઉપકૃત મનુષ્યનું કર્તવ્ય છે. જો તે પોતાના આ કર્તવ્યનું પાલન નથી કરતો તો એ તેની કૃતઘ્નતા છે. કૃતઘ્નતા એ પણ એક પ્રકારનું પાપ જ છે. જેમ પાપ કરનારો

દંડનો ભાગી થાય છે અને તે તે પાપનું ફળ ભોગવીને અથવા ઈશ્વરના નામના જપ, વ્રત, ઉપવાસ, ઇન્દ્રિયસંયમરૂપી તપ, પ્રાણીઓ પર ઉપકાર વગેરે કરીને અથવા શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કરીને તે પાપમાંથી મુક્ત થઈ જાય છે; તે જ રીતે તે કૃતઘ્ન માણસ પણ પાપનું ફળ ભોગવીને અથવા ઉપર્યુક્ત સાધન કરીને પાપમાંથી મુક્ત થઈ શકે છે. પરંતુ ઋણી તો ઋણ ચૂકવી આપવાથી જ મુક્ત થાય છે, કોઈ પ્રાયશ્ચિત્ત વગેરે સાધનથી નહીં.

બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણના લોકોને અર્થાત્ ક્ષત્રિય,વૈશ્ય અને શૂદ્રને દાન લેવાનો અધિકાર નથી. પણ એમનામાંથી કોઈ માણસ મુશ્કેલીના સમયમાં જો ઋણ ચૂકવી આપવા માટે કોઈની પાસેથી મદદ તરીકે દાન લઈને ઋણ ચૂકવી આપે અથવા ઋણ માફ કરવા માટે ઋણ આપનારાને વિનય-વિનંતી કરે છે અને તેથી ઋણ આપનારો તેને મદદ કરવાની ગણતરીએ તેને ઋણમાંથી મુક્ત કરી દે તો તે ઋણથી મુક્ત થઈ શકે છે; પરંતુ તેને મદદ કરનારની કે ઋણ માફ કરનાર ઋણદાતાની, આના બદલામાં અવારનવાર સેવા-સહાય કરવાનું તે ઉપકૃત માણસનું કર્તવ્ય થઈ પડે છે. જો તે આમ નથી કરતો તો તેને કૃતઘ્ન માનવામાં આવે છે. તેથી જ ધર્મમાં આસ્થા રાખનારા ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર દાન કે મદદ નહિ લેતાં ઋણ જ લે છે; કારણ કે ઋણના રૂપિયા ચૂકવવાનો ભાર તો ઋણ લેનારા પર રહે જ છે, બલકે સેવા, દાન, અને ઉપકારનું વિસ્મરણ થઈ જાય છે, જેને લીધે તે પ્રત્યુપકાર કરી શકતો નથી અને કૃતઘ્ન થઈ જાય છે. જોકે ઋણ અને કૃતઘ્નતા એ બંનેય પોતપોતાના સ્થાને ઘણા મોટા દોષ છે, તેમ છતાં તે બંનેમાંથી કૃતઘ્નતાનો દોષ તો જપ, તપ, વ્રત, ઉપવાસ, પ્રાયશ્ચિત્ત વગેરે કરવાથી દૂર થઈ શકે છે, પણ ઋણમાંથી છુટકારો તો ત્યારે જ થાય છે કે જ્યારે ઋણ આપનારાનું ઋણ ચૂકવી આપવામાં આવે.

તેથી ઋણ લેનારા મનુષ્યે જે કોઈ રીતે બની શકે, ઋણ ચૂકવી જ દેવું જોઈએ. જો ઋણ ચૂકવવા માટે રૂપિયા ન હોય તો પોતાની પાસે જમીન,

ઘર, આભૂષણ વગેરે જે કંઈ પણ હોય તે આપીને ઋણદાતાને સંતુષ્ટ કરવો જોઈએ. એમ કરતાં પણ જો ઋણ પૂરું ન થાય તો જેટલું ઋણ ચૂકવવાનું બાકી રહે તેની સામે ઋણદાતાના કહેવા પ્રમાણે પ્રોમિસરી નોટ વગેરે લખી આપીને તેને સંતોષ કરાવવો જોઈએ અથવા જો તે ઋણદાતા ઋણ લેનારને નોકરી પર રાખીને પોતાના રૂપિયા વસૂલ કરવા ઇચ્છે તો તેની નોકરી કરીને પણ તેનું ઋણ ચૂકવી આપવું જોઈએ. વધુ તો શું કહેવું, પણ જો પોતાને અથવા પોતાનાં પત્ની, પુત્ર વગેરેને ગુલામ બનાવવાથી કે વેચવાથી પણ ઋણ ચૂકવી શકાતું હોય તો ચૂકવી આપવું જોઈએ. જો ઋણદાતા કોર્ટમાં દાવો કરી દે તો ન્યાયાધીશને કહી દેવું જોઈએ કે 'મારે આ રૂપિયા ચૂકવવા છે, તમે મારા પર જપ્તી (ડિક્રી) કરાવી દો.' આટલાથી પણ ઋણદાતા સંતુષ્ટ ન થાય અને ઋણ લેનારાને કેદ કરાવવા ઇચ્છે તો તેના સંતોષ માટે પ્રસન્નતાપૂર્વક કેદ પણ ભોગવી લેવી જોઈએ; પણ કોઈ પણ હાલતમાં ઋણદાતાનો પ્રતિકાર નહીં કરવો જોઈએ.

તેથી, મનુષ્યે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી, પહેલાં તો ઋણ કદી લેવું જ નહીં જોઈએ; અને પરિસ્થિતિવશ લેવું જ પડે તો તે ઋણ મરણતોલ પ્રયત્ન કરીને ઉપર્યુક્ત પ્રકારોમાંથી કોઈ ને કોઈ પ્રકારે ન્યાયપૂર્ણ રીતે ચૂકવી જ દેવું જોઈએ.

અનાથાશ્રમ, ગૌશાળા, પાઠશાળા, ધાર્મિક સંસ્થા, મઠ, મંદિર, ક્ષેત્ર વગેરેના રૂપિયા, અન્ય કોઈ ધાર્મિક કાર્ય માટે એકત્ર કરેલા રૂપિયા તથા બ્રાહ્મણ, વિધવા સ્ત્રી, બહેન-દીકરી વગેરેના રૂપિયા તો અન્ય ઋણોની તુલનામાં પણ વધુ ભારરૂપ હોય છે. તેથી પોતાના ઉપર ક્યારે આફત આવે તો મનુષ્યે સૌથી પહેલાં ઉપર્યુક્ત સંસ્થાઓ અને વ્યક્તિઓનું ઋણ ચૂકવી દેવું જોઈએ. જો પોતાની પાસેથી દાન આપીને પણ તેમના નામે ખાતામાં રૂપિયા જમા કરાવ્યા હોય તોપણ આ જ વાત સમજવી જોઈએ; કારણ કે જે રૂપિયા જેને અપાઈ ચૂક્યા છે તે તેના થઈ ગયા હોય છે. આ બાબતમાં

કોઈ - કોઈ માણસો એવું માની લે છે કે અમારા પિતાએ મરતી વેળાએ આટલા રૂપિયા ધર્માદા કાઢ્યા હતા અથવા અમે જ આ રૂપિયા ધર્માદા કાઢ્યા હતા, તો તેમને જો અમે રૂપિયા ન ચૂકવીએ તો કોઈ વાંધો નથી; પરંતુ આવું માનવું એ ભૂલ છે, કારણ કે ધર્માદા કાઢેલા રૂપિયાનો કોઈ માલિક બનીને તો જબરદસ્તીથી તે રૂપિયા વસૂલ કરતો નથી, ભગવાન પણ પ્રત્યક્ષ આવીને માગતા નથી; તેથી તેવા રૂપિયાનો ભાર તો પોતાના ઉપર વિશેષરૂપે છે એમ માનવું જોઈએ.

આવા (ધર્માદા કરેલા) રૂપિયા કાં તો ક્યાંક અન્યત્ર જમા કરાવીને સારા માણસોનો તેના પર અધિકાર કરી આપવો જોઈએ; અથવા તો ગૌશાળા, વિદ્યાલય, મંદિર વગેરે જે કાર્ય માટે રૂપિયા જમા કરાવ્યા હોય તે કાર્યમાં તરત જ લગાડી દેવા જોઈએ, અથવા તો કેટલાક સજ્જન માણસોનું એક ટ્રસ્ટ બનાવીને તેમને સોંપી દેવા જોઈએ; કારણ કે મનુષ્યને માથે સંકટ અને આફતો તો આવતી જ રહે છે અને જ્યારે આફત આવે છે ત્યારે પાવનેદાર (લેણિયાત) તો જબરદસ્તીથી તે રૂપિયા વસૂલ કરી શકે છે, પણ જેનો ભગવાન સિવાય કોઈ માલિક નથી તેવા તે ધર્માદા કાઢેલા ધનને તો કોણ વસૂલ કરે? તેથી તે ઋણ ઋણીના માથે જ રહી જાય છે. જે રીતે લાવારિસ (અર્થાત્ વારસ વિનાના) માણસના ધનનો માલિક સરકાર હોય છે તે જ રીતે ધર્માદા કાઢેલા રૂપિયાનો માલિક ભગવાન છે. તેથી ભગવાન આવા ઋણીને આ જન્મમાં કે ભાવિ જન્મમાં સરકાર મારફતે અતિશય કર લગાવવો, દૈવી પ્રકોપથી ધન નષ્ટ કરી દેવું વગેરે અનેક પ્રકારે સંકટોમાં નાખીને તે ઋણી પાસેથી રૂપિયા વસૂલ કરે છે. તેથી માણસે ધર્માદા કાઢેલા રૂપિયાને પોતાના પરનો વધુ મોટો ભાર સમજીને શરીરની હયાતીમાં જ ઉપર્યુક્ત કોઈ પણ પ્રકારે આવા રૂપિયાનો પ્રબંધ કરી લેવો જોઈએ.

વર્તમાન પતન અને તેમાંથી બચવાના ઉપાય

આ સમયે આપણા દેશમાં જ્યાં એક બાજુ સર્વવિધ વિકાસની યોજનાઓ ચાલી રહી છે, બીજી બાજુ જાત-જાતના દુર્ગુણો, દુરાચાર, ભ્રષ્ટાચાર, અનાચાર, વ્યર્થ ખર્ચ તથા પતનની ખાઈમાં નાખનારી નવી-નવી કુરીતિઓ વધી રહી છે, જેનાથી સમગ્ર માનવસમાજ સંત્રસ્ત છે. આ પતનકારી કાર્યોમાં એક દહેજ પણ છે અને તેનું વર્તમાન રૂપ ઘણું ભયાનક બની રહ્યું છે. સગાઈ, ચાંલ્લા, લગ્ન, આણું વગેરેમાં આજકાલ જે દહેજ આપવામાં આવે છે તે પૂરા દેશ માટે અત્યંત ઘાતક છે. ગરીબમાં ગરીબ માણસની દીકરીનાં લગ્ન પણ આજકાલ હજાર બે હજાર રૂપિયાથી ઓછામાં નથી થતાં. જે થોડો-ઘણો પણ પ્રતિષ્ઠિત છે તેની દીકરીનાં લગ્ન તો પાંચ-સાત હજાર રૂપિયાથી ઓછામાં થવાં સંભવ નથી. (આ લેખ સન્ ૧૯૬૦ પહેલાનો છે) વિચાર કરો – એક સજ્જન માસિક સો રૂપિયા પગાર મેળવે છે અને તેના ઘરમાં પાંચ માણસ છે. તો તે સો રૂપિયાથી તો તેમના ભોજન-વસ્ત્ર વગેરેનો નિર્વાહ પણ ઘણી જ મુશ્કેલીથી ચાલે છે; તો પછી જે પોતાની ઈજ્જતનો જરા પણ ખ્યાલ કરે છે તેની દીકરીનાં લગ્ન કેવી રીતે થઈ શકે? ગરીબ માણસને ન તો કરજ મળી શકે છે અને ન તો દાન પણ. ભારતના લગભગ બધા પ્રાન્તોમાં તથા બધા જ સમાજોમાં દહેજનો રોગ વધી રહ્યો છે. બ્રાહ્મણ સમાજ પહેલાં એનાથી મુક્ત હતો, હવે બીજાઓની દેખા-દેખીથી તે પણ એનો શિકાર બની રહ્યો છે. આમ છતાં ક્ષત્રિય અને વૈશ્ય સમાજને બધાંથી વધારે મુશ્કેલી છે; કેમ કે તેઓ સ્વાભાવિક જ દાન લેવાનું ઈચ્છતા નથી અને એવું કરવામાં તેમને સ્વાભાવિક જ શરમ તથા અપમાનનો ભાવ અનુભવાય છે. વળી, જો માગે તોપણ આજકાલ મળવું ઘણું મુશ્કેલ છે. આવી પરસ્થિતિમાં પુત્રી અને પુત્રીનાં માતા-પિતા સમક્ષ જે ભયાનક સંકટ ઊભું થાય છે તેને તો તેઓ જ જાણે છે. કેટલીક પુત્રીઓ તો માતા-પિતાની

ભયાનક મનોવેદના જોઈને આત્મહત્યા કરી લે છે અને ક્યાંક દીકરીનાં લગ્ન કરવામાં અસમર્થ માતા-પિતા દુઃખથી આત્મહત્યા કરી બેસે છે.

આ ભયાનક સામાજિક પાપ છે તથા આ પાપમાં મુખ્ય કારણ તે છોકરો અને તેનાં લાલચુ માતા-પિતા વગેરે છે, કે જેઓ મનમાન્યું દહેજ લીધા વગર લગ્ન કરવા માગતાં નથી. તેથી જ અમે યુવાનોને અને તેમનાં માતાપિતા વગેરેને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ દહેજ લેવાનું સર્વથા બંધ કરી દે. પ્રતિજ્ઞા કરી લે કે અમે લગ્નમાં દહેજ લઈશું જ નહીં. એવું ન કરી શકો તો દીકરીનાં માતા-પિતા સહેલાઈથી જે કાંઈ આપવા માગતાં હોય અને આપી શકે તેમ હોય, તેનો ચોથો ભાગ અથવા વધારેમાં વધારે અર્ધો ભાગ સ્વીકારવો. અર્થાત્ જેઓ સો રૂપિયા આપવા ઇચ્છતાં હોય, તેમાંથી પચીસ કે તેનાથી સંતોષ ન થાય તો વધારેમાં વધારે પચાસ રૂપિયા જ લેવા. અભિપ્રાય એ છે કે દહેજ આપનારાં પ્રેમપૂર્વક જે આપવા ઇચ્છે તેના કરતાં ઓછામાં ઓછું લેવાનું સ્વીકારવું. દહેજ આપનારો સહેલાઈથી તથા પ્રસન્નતાપૂર્વક જે આપવા ઇચ્છે તે લઈ લેવું એ વિશેષ અપરાધ નથી; પરંતુ વર્તમાનમાં દહેજ જે પ્રમાણે બળજબરીથી લેવામાં આવે છે તે ચોક્કસપણે પાપ જ છે. તેથી જ આ પાપને મિટાવવા માટે ઓછામાં ઓછું લેવું એ ઉત્તમ છે. દીકરીનાં માતા-પિતા પાસેથી ભાવ-તાલ (સોદો) કરીને કે તેમના પર દબાણ નાખીને અને તેમને બાધ્ય કરીને લેવું એ તો સાચે જ સમાજનો ધ્વંસ કરનારું એક મોટું પાપ છે. એનાથી બચવાની ઘણી જ જરૂર છે.

લગ્ન, યજ્ઞોપવીત તથા બીજા સમારંભો ટાણે મોટા શમિયાણા બનાવવા, તેને ગમે તેટલો ખર્ચ કરીને સજાવવા, રુચિ બગાડનારાં અશ્લીલ ચિત્રો વગેરે લગાવવાં, ગીતોની રેકર્ડો વગડાવવી, રોશનીની ભરમાર કરવી, દારૂખાનું ફોડવું, ગાવું-બજાવવું કે સિનેમા વગેરે બતાવવાં - વગેરે કરવામાં એટલો બધો પ્રમાદ તથા ખર્ચ કરાય છે કે જે સમાજને સર્વથા પતન તરફ લઈ જનારો તથા ગરીબોના હકના પૈસા વ્યર્થ ઉડાવી દેનારો

હોવાને કારણે મોટું પાપ છે. આવું બધું, બની શકે ત્યાં સુધી નહીં કરવું અથવા તો ઓછામાં ઓછું કરવું.

આજકાલ લગ્ન-વિવાહ વગેરેમાં ભોજનની જે વ્યવસ્થા કરવામાં આવે છે કે પાર્ટી આપવામાં આવે છે તેમાં ખર્ચનું તો કોઈ ધ્યાન જ રખાતું નથી, તેનાથી અનાચાર પણ ખૂબ ફેલાય છે. મોટાં શહેરોમાં મોટા માણસોને ત્યાં તો લગભગ આવી ભોજનપાર્ટી કે ચા-પાણીની પાર્ટી એવી હોટલોમાં જ આપવામાં આવે છે કે જ્યાં માંસ-મદિરા વગેરેનો કોઈ છોછ રાખવામાં આવતો નથી. ઓછામાં ઓછું, વાસણો તો તે જ હોય છે. ત્યાં આચાર સચવાવાની કોઈ સંભાવના જ હોતી નથી. ખાદ્યસામગ્રી પીરસાય છે, ત્યાં એંઠવાડનો કોઈ ખ્યાલ જ રાખવામાં આવતો નથી (જેનો સ્વાસ્થ્યની દૃષ્ટિથી પણ ખ્યાલ રાખવો ખૂબ આવશ્યક છે.) પરિણામે અર્થની સાથે સાથે આચાર, ધર્મ તથા સ્વાસ્થ્યનો પણ નાશ થાય છે. આ વધતી જતી વિનાશકારી પ્રથાને જેટલી જલદી દૂર કરવામાં આવે એટલું જ ઉત્તમ છે.

લગ્ન વગેરે સમારંભોમાં બિનજરૂરી સુગંધી દ્રવ્ય, બીડી, સિગારેટ, મદિરા વગેરેનું વિતરણ પણ વ્યર્થ, પ્રમાદપૂર્ણ તથા પાપોત્પાદક છે. આ બધું પણ દૂર કરવું જોઈએ.

આણું-જિયાણું વગેરે પ્રસંગે જે ઘણાંબધાં અનાવશ્યક કપડાં, રમકડાં વગેરે અનેક પ્રકારની એવી વસ્તુઓ પણ આપવામાં આવે છે, જે ઉપયોગી હોતી નથી. તેથી ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ જ અને તે પણ થોડી જ આપવી જોઈએ. ઉચ્ચ ચરિત્રનું નિર્માણ કરે તેવું સાહિત્ય આપવામાં આવે તો તેનાથી ઘણો લાભ થઈ શકે છે.

આ જ રીતે અન્ય બીજા પ્રસંગોમાં પણ, જેમ કે મારવાડી અગ્રવાલોમાં સાધ, ખિચડી, તાલવા, છૂછક, ભાત વગેરેમાં જે વ્યર્થ ખર્ચ કરવામાં આવે છે તથા આડંબર દેખાડવામાં આવે છે તે બધું દૂર કરવું જોઈએ.

તેવી જ રીતે, ઘરમાં બાળક થાય ત્યારે પણ પ્રમાદ કરવો જોઈએ નહીં. બાળકનો જન્મ સૌને માટે પ્રસન્નતા આપનારો હોય છે અને તે સમયે